બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**એપ્રિલ-૨૦૨૧**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૪, સળંગ અંક : ૨૦૭

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂ. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂ. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | કુખ્યાત શૈતાન વસીમ રિઝવીની ફિત્નાખોરીની ભીતરમાં.... | 04 |
| 02 | અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 05 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાલાત.... | 17 |
| 06 | لَيْسَ مِنَّا 'તે અમારો નથી' | 20 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 23 |
| 08 | રોઝો તૂટવા વિશે તથા કઝા, કફ્ફારાના મસાઈલ | 25 |
| 09 | ઝકાતના અર્વાચીન મસાઈલ | 31 |
| 10 | મુસ્લિમ કોલેજ, સ્કૂલ તથા હોસ્પિટલવાળાને ઝકાત ફંડમાં રકમ આપવી નાજાઈઝ ! | 37 |
| 11 | શબે કદ્રની ઈબાદતો | 40 |
| 12 | દોસ્તી તથા સગાઈ રાખવામાં ખુદા વ રસૂલની નાફર્માનીથી બચો ! | 41 |
| 13 | આપણી આબરૂ નામે 'નામે મુસ્તફા' صلی اللہ علیہ وسلم પર કુર્બાન ! | 47 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## હય કલામે ઈલાહી મેં....

અઝ : હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

હય કલામે ઈલાહી મેં શમ્સુદ-દુહા, તેરે ચેહરએ નૂરે ફિઝા કી કસમ
કસમેં શબે તાર મેં રાઝ યે થા, કે હબીબ કી ઝુલ્ફે દોતા કી કસમ
તેરે ખુલ્ક કો હક્કને અઝીમ કહા, તેરી ખલ્ક કો હક્કને જમીલ કિયા
કોઈ તુઝ સા હુવા હય ન હોગા શહા, તેરે ખાલિકે હુસ્નો અદા કી કસમ
વો ખુદાને હય મર્તબા તુઝ કો દિયા, ન કિસી કો મિલે, ન કિસી કો મિલા
કે કલામે મજીદને ખાઈ શહા, તેરે શહેરો કલામો બકા કી કસમ
તેરા મસ્નદે નાઝ હય અર્શે બરીં, તેરા મહરમે રાઝ હય રૂહી અમીં
તૂં હી સરવરે દો જહાં હય શહા, તેરા મિષ્લ નહીં હય ખુદા કી કસમ
યહી અર્ઝ હય ખાલિકે અર્દો-સમા, વો રસૂલ હંય તેરે, મેં બંદા તેરા
મુઝકો ઉનકે જવાર મેં દે વો જગહ, કે હંય ખુલ્દ કો જિસકી સફા કી કસમ
તૂં હી બંદો પે કરતા હય લુત્ફો અતા, હય તુઝી પે ભરોસા, તુઝી સે દુઆ
મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા, તુઝે અપને હી ઈઝ્ઝો ઉલા કી કસમ
મેરે ગર ચે ગુનાહ હંય હદ સે સિવા, મગર ઉનસે ઉમ્મીદ હય તુઝ સે રજા
તૂ રહીમ હય ઉનકા કરમ હય ગવાહ, વો કરીમ હંય તેરી અતા કી કસમ
યે કહતી હય બુલબુલે બાગે જિનાં, કે 'રઝા' કી તરહ કોઈ સહર બયાં
નહીં હિંદમેં વાસિફે શાહે-હુદા, મુઝે શોખીએ તબ એ 'રઝા' કી કસમ

# કુખ્યાત શૈતાન વસીમ રિઝવીની

## ફિત્નાખોરીની ભીતરમાં....

*(કાર્યાલય)*

મજકૂર શૈતાન મુર્તદ વસીમ એ છેલ્લા કેટલાક વરસોથી અમુક ઈસ્લામ દુશ્મન તત્વોનો હાથો બનીને એવાં એવાં નિવેદનો તથા કૃત્યો જાહેરમાં આચરી રહ્યો છે જેનાથી હિંદુસ્તાન જ નહીં જગતભરના મુસ્લિમોના દિલોને ઠેસ પહોંચી રહી છે. આ બદ્‌બખ્તે ફિત્નોખોરીની હવે હદ કરી નાખી છે કે મલઊને કુર્આન શરીફની ૨૬ આયતો વિશે આક્ષેપ કર્યો કે એ આતંકવાદની તા'લીમ આપે છે અને એને કુર્આનમાંથી કાઢી નાખવાની સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. બદ્‌બખ્તે નબીઓ રસૂલો બાદ સર્વ ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ ચારેવ ખલીફાઓમાંથી અનુક્રમે હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર તથા હઝરત ઉષ્માનગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર કુર્આનમાં હેરફેર કરવાનો આક્ષેપ કર્યો. છેલ્લા ૧૪૦૦ વરસોમાં કોઈએ જે દુષ્ટ કૃત્ય નથી કર્યું તે આ દુષ્ટે કર્યું છે એનો ગુનોહ હરગિઝ હરગિઝ માફીને પાત્ર નથી. તેના આ કુકર્મની તેને સજા આ દુનિયામાં જ સખતથી સખત મળવી જોઈએ. શીઆ ધર્મગુરૂઓએ પણ આ મુર્તદને મુર્તદ જાહેર કર્યો છે અને તેના આ કૃત્યને હિંદુસ્તાનની એકતા અખંડિતતામાં ખલેલ પહોંચાડવાના પ્રયાસ રૂપ ગણાવ્યું છે.

તેના આ અતિ નિંદનીય કૃત્ય પર હિંદુસ્તાનભરમાં ગહરા પ્રત્યાઘાતો પડયા છે. ગામે ગામે શહેર શહેર તેના પૂતળાં બાળીને તથા રેલીઓ કાઢીને તેમજ ગવર્નમેન્ટમાં આવેદન પત્રો એની વિરુદ્ધમાં આપીને તેને કડકથી કડક સજાની માગણી મુસ્લિમોએ કરી છે કે આ દુષ્કૃત્ય કરીને તેણે સમગ્ર મુસ્લિમ કૌ઼મની લાગણીઓને દુભાવી છે. કુર્આનપાક એ અમ્નો શાંતિનો પયગામ આપનાર એક એવી આસ્માની કિતાબ છે કે જેનો અભ્યાસ કરીને વિશ્વમાં અનેક લોકો મુસલમાન થતા આવ્યા છે. જે આયતો વિશે મુર્તદ વસીમે વાંધો ઉઠાવ્યો છે એ એની અજ્ઞાનતા છે. કુર્આનને સમજવા માટે કેવળ શાબ્દિક અનુવાદ વાંચવાથી તેને નથી સમજી શકાતુ બલ્કે તેને સમજવા માટે જે તે આયત સૂરતનો શાને નુઝૂલ (કયા સંજોગોમાં અને શાથી આ હુકમ નાઝિલ થયો, કોના માટે નાઝિલ થયો) એને સમજવું અનિવાર્ય છે.

નિષ્ણાત વકીલોના મત મુજબ **હિંદુસ્તાનના બંધારણ હેઠળ કોઇ ધર્મ પુસ્તકમાં ફેરફારનો કોઈ પણ કોર્ટને અધિકાર નથી.** અને કુર્આનને ઉતારનાર તો અલ્લાહ તઆલા છે તેના કલામમાં એક અક્ષર તો **શું એક નુકતાનો પણ ફેરફાર કરવો અશક્ય છે.** અલ્લાહે ખુદ ફર્માવ્યું : **"બેશક ! અમે ઉતાર્યું છે આ કુર્આન અને બેશક ! અમે ખુદ તેના રક્ષક છીએ."** *(સૂ. હિજ્ર, ૧૫/૯)* તો આ બદ્‌બખ્તની જંગ ખુદાથી ડાયરેક્ટ છે જેથી એનો અંજામ પણ ભયાનક આવશે.

વળી રબ તઆલાએ ફર્માવ્યું : **"તે બુલંદ મર્તબાવાળી કિતાબ (કુર્આન) જેમાં કોઈ શંકાને સ્થાન નથી. એમાં હિદાયત છે ડરનારાઓ માટે."**

*(સૂરએ બક઼રહ, આ. ૨)*

જેનાથી સાફ છે કે કુર્આનમાં શક કરનાર તે જ ઘડીએ ઈસ્લામથી બહાર થઈ જશે. જેથી આ મરદૂદના ત્રણેવ મહાન ખલીફા પર લગાડેલા આક્ષેપો તદ્દન જૂઠા છે.

દુનિયામાં કરોડો હાફિઝોના દિલોમાં કુર્આન છે તો તેમનાં દિલોએથી તથા યાદશક્તિમાંથી કોઈપણ તાકત કેવી રીતે કુર્આનને ડિલેટ કરી શકે છે ! આ કુદરતનો જ બંદોબસ્ત છે કે કુર્આનમાં કદાપિ હેરફેર કોઈનાથી શક્ય જ નથી. એ જેવું રબે ઉતાર્યું હતું ૧૪૦૦ વરસ બાદ પણ તેનું તે જ છે.

આ મુર્તદ વસીમના અનેક કૌભાંડો પણ છે. અન્ય કેટલાય કેસો તેના પર છે. એ શીઆ વકફ બોર્ડનો ચેરમેન હતો તો એણે વકફની મિલ્કતો વેચી ખાધી છે જેના માટે CBIની ઈન્ક્વાયરી ચાલી રહેલી છે. તેના પર્દા પાછળ રહેલા આક઼ાઓને ખુશ કરવા તેણે આ કૃત્ય કર્યું લાગે છે જેનાથી તેના છૂટકારાનો કોઈ માર્ગ નીકળે. અમને ઉમ્મીદ છે કે એકવાર કલકત્તા હાઈકોર્ટમાં આ પ્રકારની પીટીશન દાખલ થઈ હતી તેને રદ કરી દેવામાં આવી તે જ પ્રમાણે આ પણ રદ થઈ જશે અને એડમિટ નહીં થાય. ઈન્શા અલ્લાહ !

web.: www.barkatekhwaja.net

# અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

**પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દૃષ્ટિએ**

*તંત્રી લેખ.....*

*વર્તમાન સમયમાં અમુક કહેવાતા સુન્નીઓમાં રાફઝિયત શીઆપણાનો રંગ છવાતો જોવા મળી રહ્યો છે. અહલે બયતની મહોબ્બતની આડમાં રાફઝીપણાની બદ્અકીદગી ખૂબ જ તેજીથી ફેલાતી જોવામાં આવી રહી છે. એનાથી એહલે સુન્નત વ જમાઅતની અવામને સુરક્ષિત રાખવા તંત્રી લેખના સ્થાને મઝકૂર વિષયે સવાલ જવાબ રૂપે એક તેહકીકી ફત્વો રજૂ કરીએ છીએ જેને વાંચો અને તમારા ઈમાનની રક્ષા કરો. અન્ય લોકોને પણ વંચાવી સુન્નિયતને મજબૂત કરવા કોશિશ કરો. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ، وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِيْنَ

## ઈસ્તિફતા (શરઈ જવાબ માટે પ્રશ્ન)

મહેરબાની કરીને નીચે દર્શાવેલ મસ્અલા પર શરઈ હુકમ વર્ણવો :–

આજકાલ ધાર્મિક બાબતે લોકોમાં વિખવાદ ખડો કરવાના માટે વિવિધ સાબિત થઈ ચૂકેલ (મસ્અલા તથા અક઼ીદા)ને ચર્ચાનો વિષય બનાવીને વસવસા તથા શંકા કુશંકાઓ પેદા કરવામાં આવી રહી છે. આ જ હવાલાથી એક ચર્ચા જે ઘણી જોરો શોરની સાથે ચાલી રહી છે તે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ તથા હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ના દરમિયાન અફઝલિયતના હવાલાથી છે. ઘણા બધા સુન્નિયતના દાવેદારો અને કહેવાતા મશાઈખ (પીરો) જેમને શરીઅતના પાયાના મસાઈલનો પણ ઈલ્મ નથી, તે આમ પબ્લિકમાં આ વિષયને ચર્ચામાં લાવીને વસવસા તથા શંકા કુશંકા પેદા કરી રહ્યા છે અને સોશ્યલ મીડિયા પર પણ આના હવાલાથી ફિત્નાખોરી પ્રગતિ પર છે. (નીચેના સવાલોના જવાબોના સંપાદક : મુફતી મુનીબુર્રહમાન–કરાચી છે.–તંત્રી)

આ સર્વ પરિસ્થિતિઓને જોઈને સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની અફઝલિયત સિદ્ધ હસ્ત અહલે સુન્નતના અક઼ીદાના હવાલાથી ઉમ્મતના ઉલમા તથા દીનના મુફતીઓની ખિદમતમાં અમુક સવાલો રજૂ કરીએ છીએ જેના પર વિચારણા કરીને જો એક સમૃદ્ધ તથા દલીલપૂર્ણ તથા વિગતવાર ફત્વો એનાયત કરી દેવામાં આવે તો યક઼ીનન ! ગુમરાહી તથા ફિત્નાઅંગેઝીના આ પુરની સામે બંધ બાંધવામાં તથા નવજવાન પેઢીના ઈમાન તથા અક઼ીદાની હિફાઝતમાં ઘણી જ મદદ મળશે.

૦૧. સવાલ એ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہما ના દરમ્યાન અફઝલિયતના હવાલાથી અહલે સુન્નતનો સર્વ સંમતિપૂર્વકનો અક઼ીદો શું છે ? દલીલોની રોશનીમાં માર્ગદર્શન આપશો.

૦૨. એ પણ જણાવો કે આના બારામાં ઉમ્મતના અગ્રગણ્ય તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)નો શું અક઼ીદો છે ?

૦૩. જે લોકો આ વિષયોને પબ્લિકમાં લાવીને વસવસા પેદા કરી રહ્યા છે તો શરીઅતની રૂએ તેમની આ પ્રવૃત્તિ કેવી છે ?

Web: www.barkatekhwaja.net

૦૪. અહલે બયતે અત્હાર તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બત તથા તા'ઝીમના મામલામાં સહીહ તથા મધ્યમમાર્ગી માન્યતા પણ સ્પષ્ટ કરશો જેથી ઈફરાતો તફરીત (હદથી વધવા ઘટવા)થી અને ગુમરાહીથી અમો મહેફૂઝ રહી શકીએ.

૦૫. આજકાલ ઘણા કહેવાતા પીર પોતાના ખાનદાન તથા નસબનો અધિક રીતે ઉપયોગ કરી રહ્યા છે. સવાલ એ છે કે ઈલ્મ તથા તક્વાને બદલે પોતાના સૈયદ હોવાને પાયો બનાવવામાં અને "ઈમામુસ્સાદાત વ ફખ્રુસ્સાદાત" اِمَامُ السَّادَات وَفَخْرُ السَّادَات જેવા લક્બોનો પ્રસાર પ્રચાર કરવો અને ઈલ્મી માપદંડ કાયમ કરવાને બદલે ખાનદાની પ્રભાવોને પાયો બનાવવો શરીઅતની રૂએ કેવું છે ? અને આ રીતની હરકતોથી જે લોકો ઈલ્મ તથા ચિંતનના બદલે નસબ, ખાનદાન તથા અમુક ખાસ નારાઓને અહલે સુન્નતની પહેચાન બનાવવા ચાહી રહ્યા છે, એવા લોકોના વિશે શરીઅતની તા'લીમાત શું છે ? بَیِّنُوْا تُوْجَرُوْا

*[**પ્રશ્નકર્તા** : અરાકીને ફિદાઈયાને ખત્મે નબુવ્વત, પાકિસ્તાન (કરાચી)]*

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْجَوَابُ بِعَوْنِ الْوَھَّابِ. اَللّٰھُمَّ ھِدَایَۃَ الْحَقِّ وَ الصَّوَاب

**જવાબ-૧ :** નબીઓ તથા માનવી રસૂલો તથા રસૂલ ફરિશ્તાઓ عَلَیْہِمُ السَّلَام ના બાદ સર્વ માનવીઓ, જિન્નાતો તથા ફરિશ્તાઓથી અફઝલ સૈયદના સિદીકે અકબર رضی اللہ عنہ છે. પછી ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ, પછી ઉષ્માન ગની رضی اللہ عنہ, પછી મૌલા અલી کَرَّمَ اللّٰہُ وَجْہَہٗ છે. શયખૈન કરીમૈન એટલે હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہ તથા હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہ ને સર્વ સહાબીઓથી અફઝલ માનવા એ અહલે સુન્નતનો ઈજમાઈ (સર્વ માન્ય) અક્રીદો છે. એટલા માટે જે શખ્સ હઝરત અલી અથવા કોઈ અન્ય સહાબી અથવા અહલે બયતે અત્હારમાંથી કોઈને, ભલે પછી જિગર ગોશએ રસૂલ ફાતિમા બતૂલ رضی اللہ عنہا અથવા જન્નતના નવ જવાનોના સરદાર હઝરત હસ્નૈન કરીમૈન (હસન, હુસૈન) رضی اللہ عنہما ને અબૂબક્ર સિદીક્ અથવા ઉમર ફારૂક્ رضی اللہ عنہما થી અફઝલ માને અથવા એમાં મૌન ધારણ કરે તે ગુમરાહ, બદમઝહબ અને અહલે સુન્નત વ જમાઅતથી ખારિજ છે. તેની પાછળ નમાઝ 'મકરૂહે તહરીમી' દોહરાવવી વાજિબ છે. અને તેને પીર બનાવવો પણ જાઈઝ નથી. જે કોઈ પીર આ અક્રીદાથી વિમુખ થઈને તેની વિરુદ્ધ અક્રીદો રાખે અથવા તેમાં મૌન અપનાવે તો તેની બયઅત તોડવી વાજિબ છે. અફઝલિયતે મુત્લક્રાનો અર્થ એ છે કે સવાબની અતિ અધિક્તા અને અલ્લાહ તઆલાના કુર્બમાં નબીઓ તથા રસૂલો عَلَیْہِمُ السَّلَام ના પછી સૌથી વધીને હઝરત અબૂબક્ર સિદીક્ છે. આ અફઝલિયત અન્ય સહાબાએ કિરામ અને અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના જુઝઈ ફઝાઈલ તથા ખાસિયતો અને વિશિષ્ટતાઓની વિરુદ્ધ નથી, વિવિધ સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને અલ્લાહ તઆલાએ એવી ફઝીલતો અતા કરી જે એમની સાથે જ ખાસ છે, કોઈ અન્યને અતા નથી થઈ.

ઈમામે અહલે સુન્નત અહમદ રઝાખાન ક્રાદરી رحمۃ اللہ علیہ એ مَطْلَعُ الْقَمَرَیْن فِیْ اِبَانَۃِ سَبَقَۃِ الْعُمَرَیْن (મત્લઉલ્ કમરૈન ફી ઈબાનતિ સબક્તિલ્ ઉમરૈન)ના નામથી અફઝલિયતે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما પર એક પ્રતિભાશાળી કિતાબ લખી છે, એમાં આપે જે લખ્યું એ લખાણનો ખુલાસો આ પ્રમાણે છે :-

Web: www.barkatekhwaja.net

''સહાબાએ કિરામમાં 'અફઝલિયતે મુત્લક઼ા' ક્રમસર હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماને હાંસલ છે. અલ્બત્ત વિવિધ વિભાગો તથા પાસાંઓએથી વિવિધ સહાબાએ કિરામને ખાસ કરવા તથા ફઝીલતથી નવાઝેલ છે અને ખાસિયતો તથા વિશિષ્ટતાઓમાં અમીરુલ મો'મિનીન હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ તથા کرم اللہ وجہہ الکریمની શાન સૌથી વિશિષ્ટ છે, અને એનો કોઈ ન્યાયપ્રિય ઈલ્મવાળા તથા દષ્ટિવાનને ઈન્કાર ન હોવો જોઈએ. 'અફઝલિયતે મુત્લક઼ા'થી મુરાદ એ છે કે જો કોઈ ઈમાનવાળાથી સવાલ કરવામાં આવે કે તમામ સહાબાએ કિરામમાં અફઝલ કોણ છે ? તો એનો જવાબ હશે : હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ. પરંતુ એને પોઝિટિવ અર્થમાં લેવામાં આવે, નકારાત્મક અર્થમાં ન લેવામાં આવે. વળી અફઝલિયતે મુત્લક઼ા અને અફઝલિયતે مِن كُلِّ الْوُجُوْہ સમાનઅર્થી નથી.'' *(પેજ : ૬૮)*

સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત પર અહલે સુન્નત વ જમાઅતનો ઈજમાઅ તથા એકમતિ છે. જેનો સ્વીકાર કર્યા વિના કોઈ શખ્સ કદાપિ કદાપિ અહલે સુન્નત વ જમાઅતથી નથી થઈ શકતો, ભલે તે પોતે પોતાને સુન્ની કહેતો ફરે એના કહેવાથી કાંઈ થશે નહીં. આ અક઼ીદાનો મુન્કિર (નકાર કરનાર) રાફઝી, બિદઅતી, ગુમરાહ તથા બદ્દીન છે. એ જ કારણે હુઝૂર علیہ الصلوٰۃ والسلام બાદ રાજનૈતિક તથા રૂહાની ખિલાફતે ઉઝમા વ ઈમામતે કુબરા બિલા ફસ્લ હઝરત અબૂબક્ર رضی اللہ عنہના હિસ્સામાં આવી. તેમના બાદ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ તેના પર બિરાજમાન થયા. સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની ખિલાફતને કેવળ રાજનૈતિક સ્વીકારવી અને રૂહાનીનો ઈન્કાર કરવો પણ અહલે સુન્નત વ જમાઅતની માન્યતાની વિરુદ્ધ છે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની વિરુદ્ધતા કરવું છે. કેમ કે તેમણે દીની અફઝલિયતને રાજનૈતિક ખિલાફતની દલીલ બનાવી હતી. હઝરત અલી کرم اللہ وجہہ الکریمનું એ હઝરાતના મુબારક હાથો પર બયઅત કરવું અને તેમની સત્તા હેઠળ સંપૂર્ણપણે ફર્માંબરદારી કરવું એ પણ ખિલાફતના ક્રમ પ્રમાણે તેમના અફઝલ હોવાની મોટી દલીલ છે. સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની અફઝલિયતે મુત્લક઼ા (અંબિયા બાદ કોઈ અપવાદ વિના સૌથી અફઝલ) કુર્આન તથા હદીષ અને ઉમ્મતના ઈજમાઅ જેવી રદ ન કરી શકાય એવી દલીલો સાથે મુહક્ક઼ક઼ (તેહક઼ીક પામેલ) અને સાબિત થયેલ છે.

**હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શયખ અહમદ સરહિંદી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૩૪) લખે છે : ''જે શખ્સ હઝરત અલી رضی اللہ عنہને સિદ્દીકે઼ અકબરથી અફઝલ કહે તે અહલે સુન્નતના ગિરોહ (વર્તુળ)થી નીકળી જાય છે.'' *(મક્તૂબાતે મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ, દફતર દોમ)*

**શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૩૧) લખે છે : ''મિલ્લતે ઈસ્લામિયામાં અફઝલિયતે શૈખેનનો મસ્અલો ક઼તઈ (યક઼ીની છે કે જેમાં કોઈ શંકા કુશંકા નથી) છે.'' *(કુર્રતુલ ઐનૈનિ ફી તફઝીલિશ્શયખૈન, પેજ : ૨૬)*

**શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૨૩૯) લખે છે : ''અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદીએ પોતાની ગુમરાહ જમાઅતને સૌ પ્રથમ એ જ અક઼ીદો શીખવાડયો કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہથી અફઝલ છે.'' *(તોહફએ ઈષ્ના અશરિય્યહ, પેજ : ૪૧)*

**ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી** رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૪૦) લખે છે : ''સારાંશ કે તફઝીલે સિદ્દીક઼ (સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની અફઝલિયત) કુર્આન તથા હદીષ તથા ઈજમાએ ઉમ્મતથી સાબિત છે. જે એનાથી ઈન્કાર કરે તો નજીક છે કે તેના ઈમાનમાં ખતરો હોય. અત્યંત આશ્ચર્યની વાત

web: www.barkatekhwaja.net

છે કે જે સહાબા તથા તાબઈનના ઈજમાઅ તથા અહલે સુન્નતના ગિરોહની વિરુદ્ધ વર્તે છતાં પોતે પોતાને સુન્ની જાણે ?!

હે અઝીઝ ! જેવી રીતે સર્વ ઈમાનિયાત પર યકીન લાવવાથી માણસ મુસલમાન બને છે અને એમાંથી એકનો ઈન્કાર કાફિર તથા મુર્તદ કરી દે છે, એ જ પ્રમાણે સુન્ની તે જ છે જે સર્વ અહલે સુન્નતના અકીદાઓમાં એનો મુવાફિક઼ (સમર્થક) હોય. જો એકમાં પણ વિરુદ્ધ કરે છે તો તે કદાપિ સુન્ની નથી, બિદઅતી છે. એટલા માટે દીનના ઉલમા તફઝીલીયાને સુન્નીઓમાં નથી ગણતા, અને તેમને બિદઅતીઓની શાખ જાણે છે."

*(મત્ઉલ કમરૈન ફી ઈબાનતિ સબક઼તિલ ઉમરૈન, પેજ : ૧૨૯)*

વધુમાં ફર્માવ્યું છે : "જે મૌલા અલી رضی اللہ عنہ ને હઝરાતે શયખૈન رضی اللہ عنہما કરતાં કુર્બે ઈલાહીમાં ફઝીલત આપે તે ગુમરાહ, સુન્નતનો વિરોધી છે." *(ફતાવા રઝવિય્યહ્, ૨૯/૬૧૫)*

વધુમાં લખે છે : "આજકાલના જાહિલો, હઝરાત શયખૈન (અબૂબક્ર, ઉમર) رضی اللہ عنہما પર હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને ફઝીલત આપે છે, એ બાબત શરીઅતથી ટકરાનારી અને સુન્નતની વિરુદ્ધમાં છે. એટલા માટે દીનના ઈમામોએ તફઝીલીઓને રાફઝીઓમાં ગણેલા છે."

વધુમાં લખે છે : "બલ્કે ઈન્સાફની રૂએ જો શયખૈનની ફઝીલતના વિરુદ્ધ કોઈ સહીહ હદીષ પણ આવે તો કૃતઅન (નિશ્ચિતપણે) તેની તાવીલ કરવું વાજિબ ઠરે છે. અને જો તમને લાગે કે તાવીલની ગુંઝાઈશ નથી તો તેનું રદ કરવું વાજિબ છે. શયખૈન મુતવાતિર તથા ઈજમાઈ છે અને મુતવાતિર તથા ઈજમાઈની સરખામણીમાં આહાદ (એક જણની ખબર) કદાપિ સાંભળવામાં આવશે નહીં."

વધુમાં લખે છે : "સર્વાંશે અફઝલિયતનો મસ્અલો કદાપિ ફઝાઈલના પ્રકરણથી નથી જેમાં ઝઈફ હદીષો સાંભળી શકીએ બલ્કે મવાકિ઼ફ તથા શરહે મવાકિ઼ફમાં તો સ્પષ્ટ છે કે અકીદાઓના પ્રકરણથી છે, અને એમાં આહાદે સિહાહ પણ ના મસ્મૂઅ. એટલે એમાં સહીહ ખબરે વાહિદ પણ સાંભળવામાં નહીં આવે.

*(ફતાવા રઝવિય્યહ્, ૫/૫૮૧)*

Web: www.barkatekhwaja.net

વધુમાં લખે છે : "સર્વાંશે સુન્નીઓનો હાંસલ મઝહબ એ છે કે નબીઓ તથા રસૂલો علیہم السلام પછી જે કુર્બ તથા મર્તબો તથા ઈજ્જત તથા કરામત તથા ઊંચી શાન તથા બુલંદ સ્થાન તથા ઉચ્ચ મક઼ામ તથા મહાન શાન બારગાહે રબમાં ચારેવ ખલીફા હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને હાંસલ છે, તો તેમનો ગૈર ભલે ગમે તેવા ઈલ્મ તથા ઈબાદત અને મઅરેફત તથા વિલાયતના દરજ્જે પહોંચે, પહેલાના હોય કે બાદના, અહલે બયત હોય કે સહાબી, કદાપિ કદાપિ એના સુધી નથી પહોંચી શકતો." *(મત્લઉલ કમરૈન ફી ઈબાનતિ સબક઼તિલ્ ઉમરૈન, પેજ-૧૦૧)*

ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા કાદરીથી સવાલ થયો કે એક શખ્સ આવું કહે છે : "સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ભલે અંબિયા (નબીયો) પછી સર્વ લોકોથી અફઝલ છે, પરંતુ આ હુકમથી હસ્નૈન કરીમૈન (હસન, હુસૈન) رضی اللہ عنہما અલગ છે. કેમ કે હસ્નૈન કરીમૈન ખાનદાને નબુવ્વતના શહઝાદાઓ છે. અને ચારેવ ખલીફા, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના વઝીરો છે અને શહઝાદાઓનો મર્તબો વઝીરથી બુલંદ હોય છે." તો આપે એના જવાબમાં લખ્યું :–

"જો તે કહે છે કે હઝરાત હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما જુઝઈય્યતે કરીમા (ખૂને રસૂલ)ના કારણે એક જુઝઈ

ફઝ્લ (આંશિક ફઝીલત) હઝરાતે આલિયા ચારેવ ખલીફાઓ رضوان اللہ تعالٰی علیہم اجمعین પર ધરાવે છે, અને ખલીફા હઝરાતનો મર્તબો ઉચ્ચ તથા આ’લા છે, તો સત્ય હતું. પણ તેણે પોતાની જહાલતથી ફઝ્લે કુલ્લી (પૂરે પૂરી ફઝીલત) સિબ્તૈનને (હસન, હુસૈનને) આપી અને અફઝલુલ બશર બઅદલ્ અંબિયા અબૂબક્ર સિદ્દીક઼ને આમ મખ્સૂસ મિન્હુલ બઅઝ ઠરાવ્યા (એટલે કે તેણે પોતાની જહાલતથી એ સમજ્યું કે આમ હુકમ એ જ છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નબીઓ પછી બધાથી અફઝલ છે. પણ આ હુકમથી હસન હુસૈન رضی اللہ عنہما અલગ છે, એટલે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એમનાથી અફઝલ નથી.) અને તેમને એટલે હસ્નૈન કરીમૈનને અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم કરતાં અફઝલ કહ્યા. આ સર્વ બાતિલ અને અહલે સુન્નતની વિરુદ્ધ છે. આ બાતિલ અક઼ીદાથી તૌબા ફર્ઝ છે, નહીં તો તે સુન્ની નથી. અને તેની દલીલ તદ્દન મરદૂદ તથા નીચ છે. જો જુઝઈય્યત અલ્લાહની નજીક અફઝલિયતના મર્તબાનો સબબ હોય તો લાઝિમ ઠરશે કે આજકાલના પણ સર્વ મીર (સાદાત) સાહબો ભલે ગમે તેવા ફિસ્કો ફુજૂરમાં પડેલા હોય પણ અલ્લાહ عزوجل تعالٰی ની નજીક અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہ થી અફઝલ તથા આ’લા ઠરશે ! અને આવું કોઈ ન કહેશે પણ જાહિલ, અજહલ મજનૂન અથવા ગુમરાહ, ગુમરાહ કરનાર, ફિત્નામાં પડેલો.

રબ તઆલા ફર્માવે છે : قُلْ هَلْ يَسْتَوِي الَّذِينَ يَعْلَمُونَ وَالَّذِينَ لَا يَعْلَمُونَ ''તમે ફર્માવી દો, શું સરખા થઈ જશે આલિમ તથા બેઈલ્મ.'' *(સૂ. ઝુમર, આ. ૯)*

يَرْفَعِ اللَّهُ الَّذِينَ آمَنُوا مِنكُمْ وَالَّذِينَ أُوتُوا الْعِلْمَ دَرَجَاتٍ ''અલ્લાહ બુલંદ ફર્માવશે તમારામાંથી મો'મિનો અને ખાસ કરીને આલિમોના દરજા.'' *(સૂ. મુજાદિલા, આ. ૧૧)*

તો અલ્લાહની નજીક ઈલ્મનો ફઝ્લ નસબના ફઝ્લથી અશરફ તથા અઅ્ઝમ છે. ........................ તો પછી એ કઈ રીતે યોગ્ય થશે કે ઈમામો, સહાબીઓ, મૌલા અલી તથા સિદ્દીક઼ તથા ફારૂક઼ رضوان اللہ تعالٰی علیہم اجمعین માંથી કોઈના સમાન મર્તબાએ માનવામાં આવે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૨૯/૨૭૪, ૨૭૫)*

*(આવતા અંકે વાંચશો : અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ કુર્આન તથા હદીષોની રોશનીમાં)*


## શાહ મદાર બોર્ડિંગ-વારાહી

સમસ્ત મુસ્લિમ કૌમના બાળકો માટે દીની તા'લીમ નમાઝ, નાઝરા, દીનીયાત, મસ્અલા મસાઈલ, ઈમામત વગેરે તા'લીમ સાથે દુનિયવી ધોરણ : ૫થી ૧૦ સુધી નૂરે મદાર માધ્યમિક શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. રહેવા જમવાની ઉત્તમ સગવડ હોસ્ટેલમાં આપવામાં આવે છે. આ સંસ્થા ગરીબ, યતીમ, હોશિયાર અને ઉત્સાહી બાળકોને પ્રથમ પ્રવેશ આપવામાં આવે છે. અને તેમને રહેવા, જમવા, કપડાં કિતાબ મેડિકલ વગેરે તમામ સુવિધાઓ મફત આપવામાં આપવામાં આવે છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓ વહેલીમાં વહેલી તકે અરજી ફોર્મ મંગાવી લે અને ટેલીફોન અને મોબાઈલ દ્વારા સંપર્ક કરે. નવુ સત્ર જુનથી શરૂ થશે. ઈન્શા અલ્લાહ ! (આ રમઝાનમાં સંસ્થાને મદદ કરવાનુ પણ ભૂલશો નહીં !)

| સરનામું | |
|---|---|
| **શાહ મદાર બોર્ડિંગ મદ્રસાએ ફૈઝે વારાહી**<br>ઠે. કંડલા હાઈવે, મુ. વારાહી, તા. સાંતલપુર, જિ. પાટણ<br>ટેલીફોન નં. (02738) 224116,<br>Mob. 9898919917, 9429286917 | A/c. Name : Varahi Branch,<br>(BoB Varahi Branch-7809)<br>A/c No. 78090100005286<br>IFSC : BARB0DDVARA |



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ مَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ مِنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَ هُوَ مُؤْمِنٌ
فَاُولٰٓىٕكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَ لَا يُظْلَمُوْنَ نَقِيْرًا (١٢٤) وَ مَنْ
اَحْسَنُ دِيْنًا مِّمَّنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَ هُوَ مُحْسِنٌ وَّ اتَّبَعَ
مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ؕ وَ اتَّخَذَ اللّٰهُ اِبْرٰهِيْمَ خَلِيْلًا (١٢٥) وَ لِلّٰهِ
مَا فِي السَّمٰوٰتِ وَ مَا فِي الْاَرْضِ ؕ وَ كَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ
مُّحِيْطًا (١٢٦) وَ يَسْتَفْتُوْنَكَ فِي النِّسَآءِ ؕ قُلِ اللّٰهُ يُفْتِيْكُمْ
فِيْهِنَّ ۙ وَ مَا يُتْلٰى عَلَيْكُمْ فِي الْكِتٰبِ فِيْ يَتٰمَى النِّسَآءِ الّٰتِيْ لَا
تُؤْتُوْنَهُنَّ مَا كُتِبَ لَهُنَّ وَ تَرْغَبُوْنَ اَنْ تَنْكِحُوْهُنَّ وَ
الْمُسْتَضْعَفِيْنَ مِنَ الْوِلْدَانِ ۙ وَ اَنْ تَقُوْمُوْا لِلْيَتٰمٰى
بِالْقِسْطِ ؕ وَ مَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ كَانَ بِهٖ عَلِيْمًا (١٢٧) وَ
اِنِ امْرَاَةٌ خَافَتْ مِنْۢ بَعْلِهَا نُشُوْزًا اَوْ اِعْرَاضًا فَلَا جُنَاحَ
عَلَيْهِمَآ اَنْ يُّصْلِحَا بَيْنَهُمَا صُلْحًا ؕ وَ الصُّلْحُ خَيْرٌ ؕ وَ
اُحْضِرَتِ الْاَنْفُسُ الشُّحَّ ؕ وَ اِنْ تُحْسِنُوْا وَ تَتَّقُوْا فَاِنَّ اللّٰهَ
كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا (١٢٨) وَ لَنْ تَسْتَطِيْعُوْۤا اَنْ تَعْدِلُوْا بَيْنَ
النِّسَآءِ وَ لَوْ حَرَصْتُمْ فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ فَتَذَرُوْهَا
كَالْمُعَلَّقَةِ ؕ وَ اِنْ تُصْلِحُوْا وَ تَتَّقُوْا فَاِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا
رَّحِيْمًا (١٢٩) وَ اِنْ يَّتَفَرَّقَا يُغْنِ اللّٰهُ كُلًّا مِّنْ سَعَتِهٖ ؕ وَ كَانَ اللّٰهُ
وَاسِعًا حَكِيْمًا (١٣٠)

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને જે કોઈ કાંઈ સારૂં કામ કરશે, પુરૂષ હોય કે સ્ત્રી, અને (તે) હોય મુસલમાન[૨૪૩] તો તેઓ જન્નતમાં દાખલ કરાશે, અને તેમને તલપુર નુકસાન નહીં અપાય (૧૨૪) અને તેનાથી શ્રેષ્ઠ કોનો ધર્મ? જેણે પોતાનું મોઢું ખુદા માટે નમાવી દીધું[૨૪૪], અને તે નેકીવાળો છે. અને ઈબ્રાહીમના ધર્મ પર[૨૪૫] જે પ્રત્યેક અસત્યથી દૂર હતો. અને અલ્લાહે ઈબ્રાહીમને પોતાનો ખાસ મિત્ર બનાવ્યો[૨૪૬] (૧૨૫) અને અલ્લાહનું જ છે જે કંઈ આકાશોમાં છે, અને જે કંઈ ધરતીમાં છે, અને પ્રત્યેક વસ્તુ પર અલ્લાહનો કાબૂ છે[૨૪૭] (૧૨૬) અને તમને સ્ત્રીઓ વિશે ફતવો પૂછે છે?[૨૪૮] તમે કહી આપો કે અલ્લાહ તમને એમનો ફતવો આપે છે. અને તે જ તમારા પર કુર્આનમાં પઢાય છે, તે યતીમ છોકરીઓ વિશે કે તમે તેણીઓને નથી દેતા જે તેણીઓનું નક્કી છે[૨૪૯]. અને તેણીઓને નિકાહમાં લાવવાથી પણ મોઢું ફેરવો છો. અને અશક્ત[૨૫૦] બાળકો વિશે. અને એ કે યતીમો બાબત ન્યાય પર અટલ રહો[૨૫૧] અને તમે જે ભલાઈ કરો, તો અલ્લાહને તેની ખબર છે (૧૨૭) અને કોઈ સ્ત્રી પોતાના પતિની સખ્તાઈ અથવા નિરસતાની બ્હીક

*કરે[૨૫૨] તો તેમના પર ગુનોહ નથી કે પરસ્પર સુલેહ કરી લે[૨૫૩] અને સુલેહ સરસ છે[૨૫૪]. અને હૃદયો લાલચના ફંદામાં છે[૨૫૫]. અને જો તમે નેકી અને પરહેઝગારી કરો[૨૫૬], તો અલ્લાહને તમારા કાર્યોની ખબર છે[૨૫૭] (૧૨૮) અને તમારાથી કદી બની નહીં શકે કે સ્ત્રીઓને સરખી રાખો, ભલે પછી ગમે તેટલી લાલચ કરો[૨૫૮], તો એ તો ન બને કે એક તરફ આખા નમી જાવ. અને બીજીને અધ્ધર લટકતી છોડી દો[૨૫૯]. અને જો તમે નેકી અને પરહેઝગારી કરો તો બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૨૯) અને જો તે બન્ને[૨૬૦] જુદા થઈ જાય, તો અલ્લાહ પોતાની છૂટછાટથી તમારામાં દરેકને બીજાથી બેપરવાહ કરી દેશે[૨૬૧]. અને અલ્લાહ છૂટછાટવાળો હિકમતવાળો છે (૧૩૦)*

## :: સમજૂતી ::

**૨૪૩** : આમાં ઈશારો છે કે આમાલ ઈમાનમાં દાખલ નથી. (એટલે કે ઈમાન અને અમલ બે અલગ વસ્તુઓ છે.)

**૨૪૪** : અર્થાત કૃતજ્ઞતા અને નિખાલસતા ધારણ કરી.

**૨૪૫** : જે ઈસ્લામી તરીકા અનુસાર છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلامની શરીઅત અને મિલ્લત મિલ્લતે મુહમ્મદીમાં દાખલ છે. અને દીને મુહમ્મદીની વિશેષતાઓ એ સિવાયની છે. દીને મુહમ્મદીને અનુસરવાથી ઈબ્રાહીમ علیہ السلامની મિલ્લત અને શરીઅતની તાબેદારી પ્રાપ્ત થાય છે. અરબો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ, એ બધા જ હઝરત ઈબ્રાહીમ સાથે સંબંધિત હોવા પર વર્ગ કરતા હતા અને એમની શરીઅત એ તમામને સ્વીકાર્ય હતી, અને શરીઅતે મુહમ્મદીએ એનો સમાવેશ કરેલો છે, જેથી એ બધાએ દીને મુહમ્મદીમાં પ્રવેશવું અને તેને સ્વીકારવું અનિવાર્ય છે.

**૨૪૬** : ખુલ્લત (જેનાથી આયતમાંનો 'ખલીલ' શબ્દ બન્યો છે) મહોબ્બતની નિખાલસતા, અને (મહબૂબ સિવાય) અન્યથી સંબંધ તોડી નાખવાને કહે છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلام આ ગુણો ધરાવતા હતા, માટે આપને 'ખલીલ' કહેવામાં આવ્યા.

એક કથન એ પણ છે કે ખલીલ એવા મહોબ્બત કરનારને કહે છે જેની મહોબ્બત સંપૂર્ણ હોય, અને તેમાં કોઈ પણ પ્રકારની ખામી કે અપૂર્ણતા ન હોય. આ અર્થ પણ ઈબ્રાહીમ علیہ السلامમાં પ્રાપ્ત હતો.

બધા નબીઓના જે કમાલ છે તે તમામ નબીઓના સરદારને મળેલા છે, હુઝૂર صلی اللہ علیہ وسلم ખલીલ પણ છે, જેવું કે બુખારી અને મુસ્લિમની હદીષમાં છે. અને હબીબ પણ છે, જેવું કે તિર્મિઝીની હદીષમાં છે, કે હું અલ્લાહનો હબીબ છું, અને એ ગર્વથી નથી કહેતો.

**૨૪૭** : અને તે તેના જ્ઞાન અને શક્તિના ઘેરામાં છે. જ્ઞાનના ઘેરાનો મતલબ એ છે કે કોઈ વસ્તુનાં જેટલાં પાંખિયા હોઈ શકે તેમાંથી એક પણ જ્ઞાન બાહર ન હોય.

**૨૪૮. શાને નુઝૂલ : અજ્ઞાનતાના સમયમાં અરબના લોકો સ્ત્રીઓ તેમજ સગીર બાળકોને મૈયતના વારસાના વારસદાર ગણતા ન હતા, જ્યારે વારસાની આયત ઉતરી ત્યારે તેમણે પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું સ્ત્રીઓ અને બાળકો પણ વારસદાર ગણાશે ?" ત્યાર હુઝૂરે તેમને આ આયતથી જવાબ આપ્યો.**

હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું, યતીમોના પાલકોની રીત એ હતી કે, જો યતીમ છોકરી રૂપાળી અને માલદાર હોય તો થોડી મહેરના બદલે તેમની

Web. www.barkate

સાથે નિકાહ કરી લેતા હતા, અને રૂપ કે ધન વગરની હોય તો તેણીને ત્યજી દેતા હતા. તેમજ સ્વરૂપવાન ન હોય પણ માલદાર હોય, તો તેણી સાથે નિકાહ કરતા ન હતા, અને એ બ્હીકે બીજા કોઈની સાથે પણ નિકાહ ન કરાવતા હતા કે તે માલમાં હિસ્સેદાર બની જશે. અલ્લાહ તઆલાએ આ આયત ઉતારીને તેમને એ આદતોની મનાઈ ફર્માવી.

**૨૪૯** : વારસામાંથી.

**૨૫૦** : યતીમ.

**૨૫૧** : તેમના પૂરેપૂરા હક્કો તેમને આપો.

**૨૫૨** : સખ્તાઈ એ રીતે કે તેણીથી અલિપ્ત રહે, ખાવા–પીવાનું ન આપે, અથવા ઓછુ આપે, અથવા મારપીટ કરે, અથવા અપશબ્દો કહે અને નિરસતા એ કે પ્રેમ ન કરે, બોલચાલ બંધ કરી દે, અથવા ઓછી કરી દે.

**૨૫૩** : અને એ સુલેહ ખાતર પોતાના હક્કોનો ભાર હળવો કરવા માટે રાજી થઈ જાય.

**૨૫૪** : સખ્તાઈ અને જુદાઈ બન્ને કરતાં સારી છે.

**૨૫૫** : દરેક પોતાનો આરામ ઈચ્છે છે, અને પોતાના પર થોડીક તકલીફ વેઠીને સામના આરામને પ્રથમ પસંદગી નથી આપતો.

**૨૫૬** : અને અણગમતી હોવા છતાં પોતાની હાલની પત્નીઓ પૂરતા અટકી રહો. અને સહજીવનની રૂએ તેણીઓ સાથે સદવર્તન રાખો, અને તેણીઓને દુઃખ તેમજ તક્લીફ આપવાથી, તથા લડાઈ ઝગડો જન્માવનાર બાબતોથી દૂર રહો. અને સામાજિક જીવનમાં સારી વર્તણૂક રાખો, અને એ યાદ રાખો કે તેણીઓ તમારી પાસે અમાનતો છે.

**૨૫૭** : તે તમને તમારા કાર્યોનો બદલો આપશે.

**૨૫૮** : એટલે કે જો વધારે પત્નીઓ હોય તો એ તમારી શક્તિમાં નથી કે તમે તેણીઓને દરેક બાબતમાં સરખી રીતે રાખો, અને કોઈ પણ બાબતે એકને બીજી પર પસંદગી ન આપો, ન તો મેળ મેળાપમાં ન આકર્ષણ અને ઈચ્છામાં, ન સહજીવન અને સંભોગમાં, ન નજર અને ધ્યાનમાં, તમે પ્રયત્ન કરીને પણ એવું તો કરી નથી શકતા પણ જો એટલુ તમારી શક્તિમાં નથી, અને તેથી જ એ પાબંદીનો ભાર તમારા પર મૂકવામાં નથી આવ્યો, અને હૃદયનો પ્રેમ તથા પ્રાકૃતિક આકર્ષણ જે તમારા અધિકારમાં નથી, તેમાં સરખું રાખવાનો હુકમ તમને આપવામાં આવ્યો નથી.

**૨૫૯** : હા ! જયાં સુધી તમને અધિકાર અને શક્તિ છે ત્યાં સુધી સરખો વર્તાવ રાખો, પ્રેમ અધિકારમાં નથી સદવર્તન, જમણ, પોશાક સાથે રાખવા વિગેરે બાબતોમાં તો સરખું રાખવુ અધિકારમાં છે, આવી બાબતોમાં બન્ને સાથે સરખો વર્તાવ કરવો જરૂરી છે.

**૨૬૦** : પતિ પત્ની પરસ્પર સુલેહ ન કરે, અને તેઓ અલગ થવામાં જ હિત જુએ, અને ખુલઅ દ્વારા જુદાં થઈ જાય, અથવા પુરૂષ સ્ત્રીને તલાક્ આપીને તેણીને મહેર અને ઈદ્દતનો ખર્ચ આપી દે, અને એ રીતે તેઓ.

**૨૬૧** : અને દરેકને ઉત્તમ બદલ (પ્રથમ કરતાં સારી હાલત) આપશે. *(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


web.:www.barkatekhwaja.net

## દર્સે હદીષે પાક એટલે

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈ'મી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી અકરમ ﷺ એ ક઼િબ્લા તરફ લીંટ જોયું[1] આપને નાપસંદ પડયુ ત્યાં સુધી કે નાપસંદીદગી ચહેરાએ અન્વારમાં જોવામાં આવી, પછી ઉઠયા અને તેને પોતાના હાથ વડે સાફ કરી કાઢયું.[2] ફર્માવ્યું, તમારામાંથી કોઈ જ્યારે નમાઝમાં ઉભો થાય છે તો પોતાના રબથી વાતો કરે છે અને તેનો રબ તેના તથા ક઼િબ્લાની દરમિયાન હોય છે[3] જેથી કોઈ ક઼િબ્લાની તરફ કદાપિ ન થૂકે પરંતુ ડાબી બાજુ કે પગની નીચે[4]. પછી પોતાની ચાદરનો ખૂણો પકડયો, તેમાં થૂક્યા અને પછી તેને ઘસી કાઢયું. ફર્માવ્યું, આ પ્રમાણે કરે[5]. (બુખારી)*

૧. એટલે કે કિબ્લાની દીવાલમાં. એનાથી મેહરાબ મુરાદ નથી, કેમ કે એ જમાનામાં મસ્જિદોમાં મેહરાબો ન હતી. મેહરાબ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ની બિદઅત છે જ્યારે કે વલીદ ઈબ્ને અબ્દુલ મલિકની તરફથી મદીનાના હાકિમ હતા. જ્યાં અત્યારે મેહરાબુન્નબી છે તે હુઝૂર ﷺ ની નમાઝ પઢવાની જગા હતી.

૨. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે મસ્જિદમાં ગંદકી નાખવી નબી કરીમ ﷺ ની નારાઝગીનો સબબ છે. બીજુ એ કે મસ્જિદને પોતાના હાથ વડે સાફ કરવી હુઝૂર ﷺ ની સુન્નત છે, એટલા માટે ઉલમા તથા મશાઈખ બલ્કે ઈસ્લામી બાદશાહ ક્યારેક પોતાના હાથો વડે પણ મસ્જિદ સાફ કર્યા કરતા હતા.

૩. એટલે કે એની રહમત ખાસ સામે હોય છે, તેમજ કા'બા પણ સામે છે, કેટલાક લોકો નમાઝ સિવાય પણ કાબા તરફ થૂકવાનું મના કરતા હતા.

૪. આ પણ ત્યાં જ્યાં મસ્જિદનું ફર્શ કાચુ અથવા બજરી હોય જેના વડે થૂકને દબાવી શકાય. પાકા ફર્શમાં ક઼તઅન મના છે કે એમાં મસ્જિદની ગંદકી છે. આવા મોકાના માટે આગળ હિદાયત આવી રહી છે.

૫. આ અમલ મસ્જિદના પાકા ફર્શો, કિંમતી મુસલ્લાઓ પર પણ કરવામાં આવી શકે. એનાથી જાણવા મળ્યું કે ચાદર ઓઢેલ રહેવું હુઝૂર ﷺ ની સુન્નત છે. અને નમાઝમાં આટલો થોડો અમલ જરૂરતના સમયે જાઈઝ છે.

*હઝરત સાઈબ ઈબ્ને ખલ્લાદથી રિવાયત છે. તે હુઝૂરે અકરમ ﷺ ના સહાબીઓમાંથી એક છે[1] ફર્માવ્યું, એક શખ્સે ક઼ૌમની ઈમામત કરી, ક઼િબ્લાની તરફ થૂકી દીધું. હુઝૂરે અન્વર જોઈ રહ્યા હતા. જ્યારે નબી ﷺ એ ફારિગ થવા પર તેની ક઼ૌમને ફર્માવ્યું કે હવે પછી આ તમને નમાઝ ન પઢાવે[2] એના પછી એણે નમાઝ પઢાવવા ચાહ્યું તો લોકોએ રોકી દીધો અને હુઝૂરે અન્વર ﷺ ના ફર્માનથી માહિતગાર કર્યો. તેણે આ બનાવ હુઝૂર علیہ الصلوٰۃ والسلام થી અર્ઝ કર્યો. ફર્માવ્યું, હા ! મને ખયાલ છે કે આપે એ પણ ફર્માવ્યું કે તેં અલ્લાહ રસૂલને સતાવ્યા[3]. (અબૂ દાઊદ)*

૧. કેમ કે એમની સહાબિયતમાં મતભેદ છે અને એ કાંઈક ગૈર મશહૂર પણ છે. એટલા માટે લેખકે આ ખુલાસો

Web. www.barkatekhwaja.net

કરી આપ્યો. આપની કુન્નિયત અબૂ સહલ છે. મદની છે. ફારૂકી યુગમાં યમનના હાકિમ રહ્યા.

**૨.** કેમ કે આ કા'બાનો બેઅદબ છે એટલા માટે હુઝૂર ﷺએ એને સંબોધન પણ ન કર્યું કે એ સંબોધન કરવાને પાત્ર જ ન રહ્યો. **જ્યારે કે કા'બાનો બેઅદબ ઈમામતને પાત્ર નથી તો હુઝૂર ﷺનો બેઅદબ અને આપની શાનમાં ગુસ્તાખી કરનાર ઈમામતને લાયક કેવી રીતે થઈ શકે છે.** એનાથી તે લોકો ઈબ્રત પકડે જેઓ વિના તેહક઼ીક઼ે દરેક ફાસિક઼ તથા ગુસ્તાખને ઈમામ બનાવી લે છે. યાદ રાખશો કે એ ઈમામ સહાબી હતા, આકસ્મિકપણે તેમનાથી આ ભૂલ થઈ ગઈ પછી તૌબા કરી લીધી, કેમ કે સહાબી ફાસિક઼ નથી હોતા. જ્યારે આકસ્મિકપણે ભૂલ પર ઈમામતથી બરતરફ કરી દેવામાં આવ્યા તો જાણી બુઝીને બેઅદબી કરનારને જરૂર બરતરફ કરી દેવામાં આવશે. હુઝૂર ﷺનું એ ફર્માવવું કે દરેક નેક તથા ફાસિક઼ની પાછળ નમાઝ પઢી લો, એ મોક઼ાના માટે છે જ્યારે તે ઈમામ બની ગયો હોય અને આપણે તેને બરતરફ કરવા માટે શક્તિમાન ન હોય. આ હદીષથી જાણવા મળ્યું કે ક઼ૌમ તથા સુલ્તાન ઈમામને ઈમામતથી અલગ કરી શકે છે.

**૩.** કેમ કે તારું આ કામ મારી ઈમામતનો સબબ છે. અને મારી ઈજા એ રબની ઈજાનો સબબ છે. એનો એ જ મતલબ છે. કેમ કે તેણે હુઝૂર ﷺને તકલીફ પહોંચાડવા આ કામ કર્યું ન હતું, નહીં તો એ અમલ કુફ્ર તથા ઈર્તેદાદ થાત અને તેને બીજીવાર મુસલમાન કરવામાં આવત. જાહેર છે કે એ શખ્સે તૌબા કરી લીધી હશે અને ફરીવાર ઈમામ બનાવવામાં આવ્યો હશે.

Web.: www.barkatekhwaja.net

*હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ સવારની નમાઝમાં તશરીફ લાવવામાં મોડુ કર્યું. નજીક હતું કે અમે સૂરજ જોઈ લેતા[1] આપ ઝડપભેર તશરીફ લાવ્યા. નમાઝની તકબીર કહેવામાં આવી. હુઝૂર ﷺ એ નમાઝ પઢાવી અને નમાઝમાં ટૂંકાણ કર્યું[2]. જ્યારે સલામ ફેરવી તો અવાજથી ફર્માવ્યું, પોતાની જગાએ બેસી રહો. જેવા છો. પછી અમારી તરફ તવજ્જોહ ફર્માવી (ધ્યાન કર્યું) અને ફર્માવ્યું, હું તમને બતાવું છું કે આજે સવારે મને તમારાથી કઈ ચીજે રોકયો.[3] હું રાતમાં ઉઠયો, વુઝૂ કર્યું, જેટલા પ્રમાણમાં મુક઼દ્દરમાં હતી નમાઝ પઢી. નમાઝમાં જ મને ઊંઘ આવી ગઈ[4] ત્યાં સુધી કે ઊંઘ સવાર થઈ ગઈ[*] અચાનક હું મારા રબ તઆલાની નજીક સારી સૂરતમાં હતો[5] ફર્માવ્યું, હે મુહમ્મદ ![6] મેં અર્ઝ કરી, મૌલા! હું હાજર છું ! ફર્માવ્યું, મુક઼ર્રબ ફરિશ્તા શામાં ઝઘડે છે ? મેં કહ્યું, મને ખબર નથી[7] આવું ત્રણવાર ફર્માવ્યું. ફર્માવે છે કે મેં રબને જોયો કે તેણે પોતાનો દસ્તે રહ્મત મારા ખભાઓની વચ્ચે રાખ્યો. મેં તેનાં બેડકાંઓની ઠંડક મારા સીનામાં પામી.[8] તો મને દરેક ચીજ જાહેર થઈ ગઈ અને મેં પહેચાની લીધી[9] પછી ફર્માવ્યું, હે મુહમ્મદ ! મેં ફર્માયું, યા રબ ! હાજર છું ! ફર્માવ્યું, મુક઼ર્રબ ફરિશ્તા શામાં ઝઘડે છે ?[10] મેં કહ્યું, કફ્ફારાઓમાં. ફર્માવ્યું, તે કફ્ફારા શું છે ? મેં અર્ઝ કરી, જમાઅતોની તરફ પગપાળા જવું, નમાઝો બાદ મસ્જિદોમાં બેસવું, અણગમાના સંજોગોમાં સંપૂર્ણ વુઝૂ કરવું[11] ફર્માવ્યું, પછી શામાં ઝઘડે છે ? મેં અર્ઝ કરી, દરજાઓમાં. તે શું ચીજ છે ? મેં કહ્યું, ખાવુ પીવું, નરમીથી વાતચીત કરવી અને જ્યારે લોકો સૂતા હોય ત્યારે નમાઝ પઢવી.[12] ફર્માવ્યું, કાંઈક માગી લો ! ફર્માવે છે, મેં અર્ઝ કરી, ઈલાહી ! હું તારાથી નેકીઓ કરવાનુ, બુરાઈઓ છોડવાનું અને મિસ્કીનોથી મહોબ્બત માગું છું અને એ કે તું મને બખ્શી આપ અને મારા પર રહમ કર. અને જ્યારે તું કોઈ ક઼ૌમ પર ફિત્નો કરવા ચાહે*

*તો મને ફિત્નામાં સપડાવ્યા વગર વફાત આપી દે અને હું તારાથી તારી મહોબ્બત અને જે તારાથી મહોબ્બત કરે તેમની મહોબ્બત અને એ અમલથી મહોબ્બત જે મને તારી મહોબ્બતથી નજીક કરી આપે તે માગુ છું[13] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ ખ્વાબ બરહક્ક્ છે. આ દુઆઓ યાદ કરી લો પછી શીખવાડો.[14] (અહમદ તથા તિર્મિઝી) અને તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન સહીહ છે. મેં મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલથી પૂછયું તો ફર્માવ્યું, આ હદીષ સહીહ છે.*

૧. એનાથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین ન નમાઝના માટે હુઝૂર ﷺને જગાડતા હતા અને હુઝૂર ﷺના વિના નમાઝ પઢતા હતા. તે કહેતા હતા કે એમની સાથેની કઝા તેમના વિના અદાથી અફઝલ છે. તેઓ એ પણ જાણતા હતા કે હુઝૂર ﷺનું સૂવુ રબની તરફથી છે અને આપનો ખ્વાબ વહી છે, તથા નમાઝના સમયે જાગૃત થવામાં રબની લાખો હિકમતો છે. આપની ઊંઘ સર્વ આલમની બેદારીઓથી કરોડો ગણી અફઝલ છે.

૨. એટલે કે સમયની તંગીના કારણે એ સર્વ કાંઈ થયું. માલૂમ થયું કે એવા મોક્ા પર નમાઝના માટે દોડીને આવવું જાઈઝ છે. રુકૂઅ પામવા માટે ભાગવું મના છે, જેથી આ હદીષ મનાઈની વિરૂધ્ધ નથી. તેમજ તંગ સમયમાં ફજરમાં પણ ટૂંકી કિ્રાઅત કરવી જોઈએ.

૩. સુબ્હાનલ્લાહ ! સહાબાનો ખયાલ તદ્દન દુરુસ્ત નીકળ્યો. હુઝૂર ﷺને ગફલત નમાઝથી નથી રોકતી બલ્કે રબની તરફ તવજ્જોહ રોકે છે.

૪. અને અમે તહજ્જુદની નમાઝને ખત્મ કરીને સૂઈ ગયા. એ મતલબ નથી કે નમાઝમાં સૂઈ ગયા.

૫. એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી. યાદ રાખશો કે ક્યાં તો આ તે જ બનાવ છે જે અગાઉ વર્ણન થયો અથવા એ મેઅરાજનો વાક્યો હતો અને આ ખ્વાબનો.

૬. યાદ રાખશો કે રબે કુર્આન શરીફમાં હુઝૂરને નામ લઈને ક્યાંય ન પુકાર્યા, દરેક જગાએ અલ્ક્ાબથી જ પોકાર્યા કે જેથી કુર્આન પઢવાવાળા એ રીતે પોકારવાની હિંમત ન કરે. આ રાઝો નિયાઝનો મોક્ો હતો જેથી રબે કરમના ઈઝહારના માટે નામથી પોકાર્યા.

૭. કેમ કે અત્યારે તેં મને એનો ઈલ્મ નથી આપ્યો. એની શરહ હમણા પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂકી.

૮. હાથ તથા બેડકાંઓનો એ અર્થ છે જે રબની શાનને લાયક છે. એટલે કે કુદરતની રહમતની તવજ્જોહનો હાથ કહેવામાં આવે છે. ફલાણા કામમાં હુકૂમતનો હાથ છે. એટલે કે તેનો કરમ તથા તવજ્જોહ છે. ઠંડક પામવાનો મતલબ એ છે કે રહમતની અસર દિલ પર પહોંચી.

૯. એની શરહ ગુજરી ચૂકી એટલે અલ્વી તથા સિફલી આલિમે ગયબ તથા શહાદતનો દરેક રજકણ મારા પર કેવળ મુન્કશિફ (જાહેર) જ ન થયો, બલ્કે મેં દરેકને અલગ અલગ પહેચાની લીધા. ઈલ્મ તથા મઅરેફતમાં ઘણો ફરક્ છે. મજમા પર નજર નાખીને જાણી લેવું કે અહીં બે લાખ માણસ બેઠા છે એ ઈલ્મ છે, અને તેમનામાંથી દરેકના હાલાત જાણી લેવા એ મઅરેફત છે. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યું. એક એ કે હુઝૂર ﷺનો ઈલ્મનો ઈલ્મે કુલ્લી સર્વ આલમને ઘેરેલ છે. બીજો એ કે હુઝૂર ﷺનો આ ઈલ્મ 'કસબી' નથી પણ 'લદુન્ની' છે. ત્રીજો એ કે આપનો ઈલ્મ તથા હિદાયત કુર્આન પર મૌકૂફ નથી, આપ કુર્આનના નુઝૂલ પહેલાં જ આલિમ તથા આમિલ હતા. ચોથો એ કે તજલ્લી અલગ છે અને વર્ણન કાંઈ જુદુ. અહીં હુઝૂર ﷺને દરેક ચીજ દેખાડવામાં આવી અને કુર્આનમાં બતાવવામાં આવી,

એટલા માટે અહીં તજલ્લી ઈર્શાદ થયું. અને ત્યાં ફર્માવવામાં આવ્યું : જેથી હદીષ પર એ એતરાઝ નથી કે જ્યારે સર્વ ચીજો સરકારને આજે દેખાડી દેવામાં આવી તો કુર્આનના નુઝૂલથી શું ફાયદો ?!

**૧૦.** પ્રથમવાર આ સવાલ હુઝૂર ﷺને ઈલ્મ એટલે તૈયાર કરવા માટે હતાં અને હવે એ સવાલ શીખવાડીને પરીક્ષા લેવા માટે થયો, જેથી માલૂમ થાય કે મહબૂબ શીખીને ભૂલી નથી ગયા. તે શીખવાડનારો કામિલ અને શીખનાર પણ કામિલ છે. યાદ રાખશો કે મોટા શાગિર્દને ઉસ્તાદ જ પઢાવ્યા કરે છે.

**૧૧.** એ સૌની શરહો હમણા વર્ણન થઈ ચૂકી. એનાથી જાણવા મળી રહ્યું છે કે મસ્જિદ જતાં પગપાળા ચાલવું બેહતર. આમ તો વુઝૂ હમેશાં સપૂર્ણ કરવું જોઈએ પણ શિયાળાની ઋતુમાં જ્યારે કે ખાસ કરીને પાણી પણ ઠંડુ હોય સહીહ (સંપૂર્ણપણે) વુઝૂ કરવું ઘણો સવાબ છે.

**૧૨.** એની શરહ પણ વર્ણન થઈ ચૂકી. અમુક બુઝુર્ગોના આસ્તાનાઓ પર જે લંગર હોય છે જ્યાંથી હમેશાં લોકોને ખાવા મળતુ હોય છે એની અસ્લ (દલીલ) આ હદીષ છે. **મુસલમાનો સાથે નમ્ર વાણી અને દીનના દુશ્મનોથી સખ્તકલામી સવાબ છે.** રબ ફર્માવે છે : اَشِدَّاءُ عَلَيْهِمْ જેથી આ હદીષ એ આયતની વિરૂધ્ધ નથી.

**૧૩.** આ સર્વની શરહો હાલ વર્ણન થઈ ચૂકી. એના પરથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે આપનાર તો રબ જ છે કે બંદો મારાથી માગે તો આપુ. આ માગવું આપણી બંદગીની નિશાની છે. એટલા માટે ફર્માવવામાં આવ્યું : سَلْ "હે મહબૂબ ! કાંઈક માગો !" બીજુ એ કે આપણે તો ગુનાહ જ કરીશું, રબની તૌફીક હોય તો નેકી કરી શકીએ છીએ. પથ્થર જાતે નીચે જ પડશે, કોઈ ફેંકે તો ઉપર જશે. યાદ રાખશો કે આ સર્વ દુઆઓ આપણને શીખવાડવાના માટે છે, નહીં તો હુઝૂર ﷺને આ સર્વ નેઅમતો પહેલેથી જ હાંસલ છે. તેમજ જે અલ્લાહથી મહોબ્બત કરવા ચાહે તે તેના પ્યારાઓ સાથે મહોબ્બત કરે.

**૧૪.** એટલે કે પોતે પણ શીખો અને અન્યોને પણ શીખવાડો, કે એ સર્વ ખ્વાબો તમારા ખાતર છે. *(ક્રમશઃ)*

પેજ 24 નું ચાલુ..

ઈસ્તેઅ્માલ મના હોગા. ક્યૂં કે ઉસ સે કોળ કી બીમારી હોને કા ડર હૈ. લેકિન યહ ભી ઝહન મેં રહે કે યે હુકમ સિર્ફ મકરૂહે તંઝીહી કી હદ તક હૈ, લિહાઝા અગર કિસીને ઉસ ગરમ પાની સે વુઝૂ, ગુસ્લ કર લિયા તો ઉસ કા વુઝૂ ઔર ગુસ્લ સહીહ હો જાએગા.

"બહારે શરીઅત" મેં હૈ : "જો પાની ગરમ મુલ્ક મેં ગરમ મોસમ મેં સોને, ચાંદી કે સિવા કિસી ઔર ધાત કે બર્તન મેં ધૂપ મેં ગરમ હો ગયા, તો જબ તક ગરમ હૈ ઉસ સે વુઝૂ ઔર ગુસ્લ ન ચાહિયે, ન ઉસકો પીના ચાહિયે બલ્કે બદન કો કિસી તરહ પહોંચના ન ચાહિયે, યહાં તક કે અગર ઉસ સે કપળા ભીગ જાએ તો જબ તક ઠંડા ન હો લે ઉસ કે પેહનને સે બચેં કે ઉસ પાની કે ઈસ્તેઅ્માલ મેં અંદેશએ બર્સ હૈ (યા'ની કોળ્હ કી બીમારી કા ડર હૈ) ફિર ભી અગર વુઝૂ યા ગુસ્લ કર લિયા તો હો જાએગા.

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૩૪)*

**૩૭. ક્યા ગ્લાસ યા જગ કો ઉપર સે પાંચ ઉંગ્લિયોં સે પકળના મકરૂહ હૈ ? ઔર ક્યા ઉસ સે પાની નાપાક હો જાતા હૈ?**

કુછ લોગ પાની સે ભરે ગ્લાસ યા જગ કો ઉપર સે પાંચ ઉંગ્લિયોં સે પકળને કો બુરા જાનતે હૈં ઔર સમઝતે હૈં કે ઈસ સે પાની મકરૂહ હો જા તા હૈ, હાલાં કે યહ ખયાલ બિલ્કુલ ગલત ઔર શરીઅત કે ખિલાફ હૈ.

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ

## હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૩૪

એક જગાએ આપ કોઈ બુઝુર્ગથી નિયાઝ હાંસલ કરવા પહોંચ્યા. તો જે વખતે આપ તેમની નજીક થઈ ગયા તો જોયું કે તેમણે કિ઼બ્લા તરફ થૂકી દીધું. આ જોઈને આપ મુલાકાત કર્યા વિના પરત થઈ ગયા અને ફર્માવ્યું કે **જો એ બુઝુર્ગ તરીક઼તના દરજાઓને જાણતો તો શરીઅતની વિરુદ્ધનું કામ ન કરતો.**

અને આપના અદબનો એ આલમ હતો કે મસ્જિદે જતી વખતે રસ્તામાં પણ ન થૂકતા. હજજના સફરમાં થોડાંક ડગલાં બાદ આપ નમાઝ પઢતાં કહેતા કે બયતુલ્લાહ દુનિયવી બાદશાહોનો દરબાર નથી કે જ્યાં માણસ એકદમ પહોંચી જાય. આ રીતે આપ પૂરા ૧૨ વરસમાં મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા. પરંતુ હજજના પછી મદીના મુનવ્વરા તશરીફ ન લઈ ગયા. અને ફર્માવ્યું કે એ કોઈ યોગ્ય વાત નથી કે હજજના તુફૈલમાં મદીના મુનવ્વરા જવામાં આવે. એની ઝિયારતના માટે ઈન્શા અલ્લાહ ! ફરી કોઈ અન્ય મોક઼ા પર હાજર થઈશ. જેથી જ્યારે બીજા વરસે મદીના મુનવ્વરા રવાના થયા તો સેંકડો લોકો આપની સાથે થઈ ગયા. પરંતુ તેમનાથી છૂટકારો પામવાની અલ્લાહ તઆલાથી દુઆ કરી. અને એક દિવસે ફજરની નમાઝ બાદ આપે કહ્યું કે હું તો ખુદા છું તેમ છતાં લોકો મારી પૂજા (ઈબાદત) નથી કરતા ! આ સાંભળતાં જ લોકો આપને પાગલ સમજીને દૂર થઈ ગયા. પરંતુ હક઼ીક઼તમાં આ શબ્દો આપે (ન કહ્યા હતા) બલ્કે એ ગયબી અવાજ હતો. એકવાર આપને રસ્તામાં એક એવી ખોપરી પડેલી મળી જેના પર આ પ્રમાણે લખેલુ હતું : صُمٌّ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَعْقِلُوْنَ ''તેઓ ગુંગા, બહેરા અને આંધળા છે, એટલા માટે કે તેઓ બુદ્ધિ નથી ધરાવતા.'' *(સૂરએ બક઼રહ, ૨/૧૭૨)* આ પઢતાં જ આપ ચીસ પાડીને બેહોશ થઈ ગયા અને હોશ આવ્યા બાદ એ ખોપરીને બોસો આપીને ફર્માવ્યું કે આ કોઈ એવા સૂફીની છે જે ઝિક્રે ઈલાહીમાં એટલા પ્રમાણમાં મશગૂલ થઈ ગયો કે ન તો કાન રહ્યા જેનાથી અલ્લાહની વાત સાંભળે, ન ઝબાન જેનાથી તેનો ઝિક્ર કરી શકે અને ન આંખ રહી જેનાથી તેનો જમાલ જોઈ શકે.

હઝરત ઝુન્નૂને આપની પાસે પયગામ મોકલ્યો કે તમે રાતે સુકૂન તથા ચૈન સાથે ઊંઘ લઈને કાફલાવાળાઓથી પાછળ રહી જાવ છો. આપે જવાબ આપ્યો કે પૂરી રાત સુકૂનની ઊંઘ લીધા પછી કાફલાવાળાઓથી પાછળ રહી જઈને જે પ્રથમ મંઝિલ પર પહોંચી જાય તે જ કામિલ હોય છે. આ સાંભળીને ઝુન્નૂને કહ્યું કે આ મર્તબો અલ્લાહ તઆલા તેમને અર્પણ કરે.

મદીના મુનવ્વરાથી સફરમાં આપે આપના ઊંટ પર બેહદ બોજ લાદી લીધો. અને જ્યારે લોકોએ કહ્યું કે જાનવર પર આ પ્રમાણે બોજ લાદવો બુઝુર્ગીની શાનની વિરુદ્ધ છે. તો ફર્માવ્યું કે પ્રથમ આપ લોકો ધ્યાનપૂર્વક જોઈ લો કે બોજ ઊંટ પર છે પણ કે નહીં! જેથી લોકોએ ધ્યાનપૂર્વક જોયું તો જાણવા મળ્યું કે પૂરુ વજન ઊંટની કમરથી ઉપર હતું. આ જોઈને લોકો જ્યારે આશ્ચર્યમાં પડી ગયા તો આપે ફર્માવ્યું કે જો હું મારો હાલ છુપો રાખુ છું તો બીજા લોકોને ખબર નથી

web.:www.barkateraja.net

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

પડતી, અને જાહેર કરું છું તો આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. આવા સંજોગોમાં ભલા હું તમારી સાથે કેવી રીતે રહી શકુ છું. અને જ્યારે મદીનાની ઝિયારતથી ફારિગ થયા અને વાલિદાની ખિદમતનો ખયાલ આવ્યો તો બુસ્તામના માટે રવાના થયા અને જ્યારે શહેરવાસીઓને આપના આગમનની ખબર મળી તો ઘણે દૂર સુધી આપના સ્વાગત માટે પહોંચી ગયા, તે વખતે આપને એ ચિંતા થઈ કે જો લોકોથી મુલાકાત કરું છું તો યાદે ઈલાહીમાં ગફલત થશે. જેથી આપે એ લોકોને નફરત કરતા કરવા એ તરકીબ કરી કે રમઝાન હોવા છતાં દુકાનથી ખાવા ખરીદીને ખાવાનું શરૂ કરી આપ્યું. આ જોતા સર્વ અક્રીદતમંદો પરત થઈ ગયા, અને આપે કહ્યું કે જો કે મેં શરીઅતની ઈજાઝત પર અમલ કર્યો છે પરંતુ લોકો મને બુરો સમજીને વિરોધ કરતા થઈ ગયા.

જ્યારે સફરથી પરત થઈને મકાનના દરવાજા પર પહોંચ્યા અને દરવાજાથી કાન લગાડીને સાંભળ્યું તો મા વુઝૂ કરતાં એવું કહી રહ્યાં હતાં કે યા અલ્લાહ ! મારા મુસાફરને રાહતની સાથે રાખજે અને બુઝુર્ગોથી તેને ખુશ રાખીને મારો બદલો આપજે. આ સાંભળીને પ્રથમ તો આપ રડતા રહ્યા, પછી દરવાજા પર ટકોર માર્યા તો માએ પૂછયું કોણ છે ? અર્ઝ કરી કે આપનો મુસાફર ! જેથી તેમણે દરવાજો ખોલીને મુલાકાત કરતાં કહ્યું કે તમે એટલો લાંબો સફર અપનાવ્યો કે રડતાં રડતાં મારી બસારત (દૃષ્ટિ) જતી રહી અને ગમથી કમર ઝુકી ગઈ. આપે ફર્માવ્યું કે જે કામને મેં બાદના માટે છોડયું હતું તે પહેલાં જ થઈ ગયું અને તે મારાં માની ખુશ્નુદી હતી.

**મા ની બરકત** : આપ ફર્માવ્યા કરતા હતા કે મને જેટલા પણ મર્તબા હાંસલ થયા સૌ માના આજ્ઞાપાલનથી હાંસલ થયા. એકવાર મારી માએ રાતે પાણી માગ્યું પરંતુ એ વખતે સંજોગોવશાત ઘરમાં તદ્દન પાણી ન હતું જેથી હું ઘડો લઈને નહેરથી પાણી લાવ્યો. પરંતુ મારા જવા આવવામાં મોડુ થવાથી માને ફરી ઊંઘ આવી ગઈ અને હું રાતભર પાણી લઈને ઉભો રહ્યો, ત્યાં સુધી કે સખત ઠંડીના કારણે તે પાણી વાસણમાં જામી ગયું. અને જ્યારે માના જાગૃત થતાં જ્યારે મેં તેમને પાણી આપ્યું તો તેમણે કહ્યું કે, પાણી મૂકી દીધું હોત ! આટલા વાર ઉભા રહેવાની શું જરૂરત હતી ?! મેં અર્ઝ કરી કે કેવળ એ ડરથી ઉભો રહ્યો કે ક્યાંક આપ જાગૃત થઈને પાણી ન પીઓ અને આપને તકલીફ પહોંચે. આ સાંભળીને તેમણે મને દુઆઓ આપી. એ જ પ્રમાણે એક રાતે માએ કહ્યું કે દરવાજાનું એક બારણુ ખોલી દો. પરંતુ હું રાતભર એ પરેશાનીમાં ઉભો રહ્યો કે જમણુ બારણુ ખોલું કે ડાબુ બારણુ ?! કેમ કે જો તેમની મરજી વિરુદ્ધ ગલત બારણુ ખુલી ગયું તો હુકમની અવગણનામાં ગણાશે ! જેથી આ જ ખિદમતોની બરકતોથી મને આ મર્તબો મળ્યો.

**રિયાઝત** : આપ ફર્માવ્યા કરતા કે મેં ૧૨ વરસો સુધી નફ્સને રિયાઝતની ભટ્ઠીમાં નાખીને મુજાહિદાની આગથી તપાવ્યો અને ધુત્કારના હથોડાઓ વડે પીટતો રહ્યો જેના પછી મારું દિલ આઈનો બની ગયું. પછી પાંચ વરસ વિવિધ પ્રકારની ઈબાદતો વડે તેના પર કલઈ ચઢાવતો રહ્યો. પછી એક વરસ સુધી જ્યારે મેં આત્મ વિશ્વાસની દૃષ્ટિએ તેનું નિરીક્ષણ કર્યું તો એમાં તકબ્બુર તથા ખુદપસંદીનો ભાગ મૌજૂદ પામ્યો, જેથી ફરી સતત પાંચ વરસો સુધી ખૂબ જ કોશિશને અંતે તેને મુસલમાન બનાવ્યો. અને જ્યારે એમાં ખલાઈક (લોકો)નો નઝારો કર્યો તો સૌને મુર્દા જોયા અને નમાઝે જનાઝા પઢીને એમનાથી એ રીતે અલિપ્ત થઈ ગયો જેવી રીતે લોકો નમાઝે જનાઝા પઢીને કયામત સુધીના માટે મુર્દાથી જુદા થઈ જાય છે. પછી એના બાદ મને વાસિલે ઈલલ્લાહનો મર્તબો હાંસલ થઈ ગયો.

Web.:www.barkatekhwaja.net

હજ્જના સફરમાં કોઈકે પૂછયું કે ક્યાંનો ઈરાદો છે ? ફર્માવ્યું, હજ્જનો. પછી તેણે પૂછયું કે શું તમારી પાસે કાંઈ રકમ છે ? ફર્માવ્યું, બસો દીનાર છે. તેણે અર્ઝ કરી કે હું મુફલિસ છું તથા બીવી બચ્ચાંવાળો છું જેથી એ રકમ મને આપીને સાતવાર મારો તવાફ કરી લો તો એ રીતે આપનો હજ્જ થઈ જશે. આપે એના કહેવા પર અમલ કર્યો અને તે રકમ લઈને જતો રહ્યો.

જ્યારે આપના મર્તબાઓમાં વધારો થવા લાગ્યો અને આપની વાણી પબ્લિકના દિમાગોથી ઉપર વટ થઈ ગઈ તો સાત વાર બુસ્તામથી કાઢી મૂકવામાં આવ્યા. અને આપે કાઢી મૂકવાનું કારણ પૂછયું તો કહેવામાં આવ્યું કે તમે અત્યંત બુરા માણસ છો ! આપે ફર્માવ્યું કે જે શહેરનો સૌથી બુરો માણસ બાયઝીદ હોય તે શહેર સૌથી સારુ છે.

એક રાતે આપ ઈબાદતખાનાની છત પર પહોંચ્યા અને દીવાલ પકડીને પૂરી રાત સ્થિર ઉભા રહ્યા જેના કારણે આપને પેશાબમાં લોહી આવી ગયું અને જ્યારે લોકોએ પૂછયું તો ફર્માવ્યું કે તેનાં બે કારણો છે : પ્રથમ એ કે આજે હું ખુદાની ઈબાદત નથી કરી શકયો. બીજુ એ કે બાળપણના દિવસોમાં મારાથી એક ગુનોહ થઈ ગયો હતો. જેથી આ બંનેવ ચીજોથી ભયભીત હતો કે મારું જિગર લોહી બની ગયું અને તે લોહી પેશાબના માર્ગે થઈને નીકળ્યું.

ઈબાદતના સમયોમાં આપને એ ડર લાગેલો રહેતો કે ક્યાંક કોઈના આવવાથી મારી ઈબાદતમાં ખલેલ ન પડે એટલા માટે મકાનનાં સર્વ કાંણાઓ બંધ કરી દેતા હતા. અયસી બુસ્તામીનો કૌલ છે કે હું ત્રીસ વરસ આપની સાથે રહ્યો પરંતુ કદી આપને વાત કરતા નથી જોયા. અને આપની એ આદત હતી કે ગુઠણોમાં માથુ નાખેલુ રાખતા અને જ્યારે માથુ ઉઠાવતા તો તરત જ ફરી ઠંડી આહ ખેંચીને ગોઠણો પર રાખી દેતા. અને હઝરત સહલકી ફર્માવે છે કે ઈસા બુસ્તામીએ જેવું વર્ણન કર્યું તે કબ્ઝની કૈફિયત હશે, આમ તો આપ સામાન્ય હાલતમાં લોકોથી વાતો પણ કરતા અને ફયૂઝ પણ પહોંચાડતા હતા.

Web: www.barkatekhwaja.net


## મદદની અપીલ

**કમલપુરા** : નગીના મસ્જિદ, કમલપુરા, તા. સાવલી, જિ. વડોદરા ખાતે મસ્જિદના પૂરાણા અડધા હિસ્સાની મરમ્મત કરવાની છે અઢી લાખ રૂા. જેવી જરૂરત છે. તો આપની નેક કમાઈમાંથી કોઈ સખીદાતા આ કામ કરાવી આપે એવી અલ્લાહને ખાતર અપીલ છે.

**સંપર્ક કરો** : સૈયદ સાબિર બાપુ, ● મો. 9727401112, 9427464411

**Bank of Baroda : A/c. No. 18700100011980**
**IFSC Code : BARB0PADBAR**

## હુસૈની કમિટી (સુન્ની) મોરબી

**મોરબી** : (૮–લાટી પ્લોટ સામે) મજકૂર કમિટી તરફથી વરસોથી દીની સુન્ની સાહિત્ય છપાવીને ફ્રી તકસીમ કરવામાં આવે છે તો સખીદાતાઓને વિનંતિ કે આપની લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે ભરપુર મદદ કરશો.

લિ. મહબૂબભાઈ પીલુડીયા મો. 9825133275


## મેહફિલ બરાએ ઈસાલે સવાબ

તા. ૧૧–૩–૨૦૨૧ જુમેરાતે ૧૦ વાગ્યે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા નજમુલ ઉલૂમ–આમોદ** (જિ. ભરૂચ) ખાતે મસ્જિદે રઝામાં જનાબ મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી થકી એક મેહફિલ ખત્મે કુર્આન તથા ઝિક્રે મેઅરાજુન્નબી ﷺનું આયોજન અમારા દોસ્ત મર્હૂમ હાજી ઈબ્રાહીમ ખત્રી તેમજ તેમનાં મર્હૂમ વાલિદૈન તેમજ મૌલાના ગુલામયાસીન મિસ્બાહીના વાલિદૈન તથા ફેમેલીના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે રાખવામાં આવી હતી. જેમાં આમોદ, જંબુસર, દયાદરા, ભરૂચ વગેરેના દારુલ ઉલૂમોના વિવિધ ઉલમા, તલબા, હુફ્ફાઝ તથા અવામે હાજરી આપી હતી. મુખ્ય મહેમાન મૌલાના ખૈરુદ્દીન રઝવી સાહબ (બ્લેકબર્ન)એ શાનદાર બયાન કર્યું હતું. મર્હૂમો માટે દુઆઓ ગુજારી હતી.

# لَيۡسَ مِنَّا
# 'તે અમારો નથી'

હપ્તો : ૧૨

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## ઈસ્લામમાં પૂર્વગ્રહની ગુંજાઈશ નથી

અસ્બિય્યત જેને બીજા શબ્દોમાં 'પૂર્વગ્રહ' અને સરળ શબ્દોમાં જાતિવાદ કહેવાય છે, તે જહાલત છે જેમાં કેવળ મક્કાના મુશ્રિકો જ નહીં બલ્કે સમગ્ર અરબ દ્વીપ સપડાયેલ હતો. નાની નાની વાતો પર એક કબીલો બીજા કબીલા પર હુમ્લો કરી દેતો અને આ લડાઈ કેટલાય દિવસો બલ્કે ઘણીવાર મહીનાઓ અને વરસો સુધી પણ ચાલતી રહેતી. જ્યારે બંને તરફ સેંકડો લોકો ક઼ત્લ થઈ જતા તો જાતે જ થાકી હારીને લડાઈ ખતમ કરી દેતા. આજના જમાનામાં ક઼ૌમવાદ અને પૂર્વગ્રહની બીમારી પણ ઘણી ઝડપથી ફેલાતી જઈ રહી છે અને તેનું પરિણામ જુલ્મના સ્વરૂપમાં જાહેર થઈ રહ્યું છે. ઈસ્લામમાં તેની સંદતર ગુંજાઈશ નથી. બલ્કે ઈસ્લામમાં તો એ પણ જાઈઝ નથી કે કોઈ ક઼ૌમની દુશ્મની કોઈ મુસલમાનને જુલમ પર ઉભારે. કુર્આનનું ફર્માન છે :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُوۡنُوۡا قَوّٰمِيۡنَ لِلّٰهِ شُهَدَآءَ بِالۡقِسۡطِ وَلَا يَجۡرِمَنَّكُمۡ شَنَاٰنُ قَوۡمٍ عَلٰۤى اَلَّا تَعۡدِلُوۡا ؕ اِعۡدِلُوۡا هُوَ اَقۡرَبُ لِلتَّقۡوٰى وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ

"હે ઈમાનવાળાઓ! અલ્લાહના હુકમ પર ખૂબ કાયમ થઈ જાવ ઈન્સાફની સાથે ગવાહી આપતા, અને તમને કોઈ ક઼ૌમની દુશ્મની એના પર ન ઉભારે કે ઈન્સાફ ન કરો. ઈન્સાફ કરો તે પરહેઝગારીથી વધુ નિકટ છે અને અલ્લાહથી ડરો, બેશક! અલ્લાહને તમારાં કામોની ખબર છે."

*(સૂરએ માઈદહ્, આ. ૮)*

આ આયતમાં એ વાત પર ચિંતન કરો કે કોઈ ક઼ૌમથી દુશ્મની છે તો પણ કુર્આનનો હુકમ એ છે કે અદલો ઈન્સાફનો દામન હાથથી ન છોડવામાં આવે. તો પછી આ મઝહબ એ કઈ રીતે સહન કરે કે જાતીવાદ અને પૂર્વગ્રહના આધાર પર મુસલમાનોનો વર્ગ બીજા વર્ગનો હક્ક઼ મારે અથવા તેના પર જુલ્મ કરે.

એટલા જ માટે હુઝૂર રહ્મતે આલમ ﷺએ પૂર્વગ્રહ અપનાવવા પર ચેતવણી વર્ણન ફર્માવી અને તેને પોતાના તરીક઼ાથી હટીને માર્ગ અપનાવનાર ગણાવ્યો છે.

હઝરત જુબેર બિન મુત્ઈમ رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કોનૈન ﷺએ ફર્માવ્યું :–

لَيۡسَ مِنَّا مَنۡ دَعَا اِلٰى عَصَبِيَّةٍ، وَلَيۡسَ مِنَّا مَنۡ قَاتَلَ عَلٰى عَصَبِيَّةٍ، وَلَيۡسَ مِنَّا مَنۡ مَّاتَ عَلٰى عَصَبِيَّةٍ۔

"જેણે પૂર્વગ્રહ તરફ બોલાવ્યા તે અમારામાંથી નથી. જેણે પૂર્વગ્રહના કારણે જંગ કરી તે અમારામાંથી નથી અને જેનું પૂર્વગ્રહ પર મૃત્યુ થયું એ અમારામાંથી નથી. *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૨)*

હઝરત વાષેલા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે પૂર્વગ્રહ શું છે ? આપે ફર્માવ્યું, اَنۡ تُعِيۡنَ قَوۡمَكَ عَلَى الظُّلۡمِ પૂર્વગ્રહ એ છે કે તમે જુલ્મ પર પોતાની ક઼ૌમની મદદ કરો."

*(ઉપર મુજબ)*

## ★ જાહિલિય્યત (ઈસ્લામ પૂર્વે)ના જમાનાની પૂર્વગ્રહની સ્થિતિ ★

ઈસ્લામ પહેલાં અરબ સમાજ પૂર્વગ્રહનો ભરપૂર શિકાર હતો. જ્યારે ઈસ્લામનું આગમન થયું તો તેમની આ સોચ બદલાઈ અને પછી ભાઈચારગીનો માહોલ બન્યો. તેમની હાલત કુર્આને મુક઼દસે આ શબ્દોમાં વર્ણન ફર્માવી છે :–

وَ اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَیْكُمْ اِذْ كُنْتُمْ اَعْدَآءً فَاَلَّفَ بَیْنَ قُلُوْبِكُمْ فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖۤ اِخْوَانًاۚ وَ كُنْتُمْ عَلٰى شَفَا حُفْرَةٍ مِّنَ النَّارِ فَاَنْقَذَكُمْ مِّنْهَاؕ

"અને અલ્લાહનું એહસાન પોતાના પર યાદ કરો જ્યારે તમારામાં વેર હતું, તેણે તમારા દિલો મિલાવી દીધાં તો તેના ફઝ્લથી તમે આપસમાં ભાઈ બની ગયા. અને તમે દોઝખની એક ગુફાના કિનારે હતા તો તેણે તમને એનાથી બચાવી લીધા."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૧૦૩)*

ઈસ્લામના કારણે દુશ્મની દૂર થઈ અને આપસમાં દીની મહોબ્બત પેદા થઈ. ત્યાં સુધી કે ઔસ અને ખઝરજની તે પ્રસિદ્ધ લડાઈ જે એકસો વીસ (૧૨૦) વરસથી ચાલતી હતી અને તેના કારણથી રાત દિવસ ક઼ત્લનું બજાર ગરમ રહેતુ હતું તે સૈયદે આ઼લમ ﷺ દ્વારા અલ્લાહ તઆ઼લાએ મિટાવી દીધી, જંગની આગ ઠંડી કરી દીધી અને જંગ કરનાર ક઼બીલાઓમાં મહોબ્બતના જઝબા પેદા કરી દીધા. આ ભાઈચારો અને મહોબ્બત એટલી પ્રબળ થઈ કે રિવાયતોમાં મળે છે કે યહૂદી આ બંનેવ કબીલાઓને અગાઉની જંગો યાદ અપાવતા, તેમના ક઼તલ થયેલાઓની યાદ અપાવતા અને તેમનામાં વંશિય પૂર્વગ્રહ ફરી જગાડવાની લાખ કોશિશ કરતા પરંતુ તેઓ કદી પણ આ મક઼સદમાં સફળ ન થઈ શક્યા.

## ★ ઈસ્લામની નજરમાં પૂર્વગ્રહ ★

ઈસ્લામમાં પૂર્વગ્રહ કેવળ હરામ જ નથી બલ્કે તેને જહાલત કહેવામાં આવ્યું છે આ એવી જહાલત છે જે ક઼ૌમને અધોગતિ તરફ લઈ જાય છે અને લોકોને ક઼ૌમ અને જાતીના આધાર પર વિભાજિત કરી દે છે. ઈસ્લામ જે એકતાના અને સંગઠનનો પાઠ શિખવે છે અને આ પૂર્વગ્રહ એકતાના ટુકડે ટુકડા કરી નાખે છે, પછી એક પ્રશ્ન ઊભો થાય છે કે વિવિધ કબીલા અને ખાનદાન તો અલ્લાહ તઆ઼લાના જ પેદા કરેલ છે તો ખાનદાની પૂર્વગ્રહને કેમ બુરો કહેવામાં આવે છે ? આનો ઉત્તર ખુદ કુર્આને મુક઼દસ અતા ફર્માવે છે :–

یٰۤاَیُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّ اُنْثٰى وَ جَعَلْنٰكُمْ شُعُوْبًا وَّ قَبَآىٕلَ لِتَعَارَفُوْاؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰىكُمْؕ اِنَّ اللّٰهَ عَلِیْمٌ خَبِیْرٌ﴿۱۳﴾

"હે લોકો ! અમે તમને એક પુરૂષ અને સ્ત્રીથી પેદા કર્યા અને તમને શાખ અને ક઼બીલા કર્યા જેથી આપસમાં ઓળખ રાખો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં વધુ ઈજ્જતવાળો તે છે જે તમારામાં વધુ પરહેઝગાર છે. બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે." *(સૂરએ હુજુરાત, આ. ૧૩)*

આ આયતમાં ફર્માવવામાં આવ્યું કે હઝરત આદમ علیہ السلام તરફ નિસ્બતમાં તો સર્વ જગતના લોકો બરાબર છે. હવે જે કાંઈ ફઝીલત જે કોઈને પ્રાપ્ત થશે તે દીની બાબતો, અલ્લાહની ઈતાઅત અને નબીની પૈરવીના કારણે થશે. કુટુંબ, ખાનદાન અને જાતીઓ કેવળ ઓળખ માટે છે જેથી સંગઠન અને હમદર્દી રહે, નહીં તો માનવતાના આધારે સર્વ ક઼ૌમો બરાબર છે.

## ★ જાહિલિયતની પોકારથી બચો ★

ઈસ્લામે જાહિલિયતના દોરની સર્વ બુરી રસ્મોનો ખાત્મો કર્યો અને એક એવા સમાજનું નિર્માણ

Web: www.barkatekhwaja.net

કર્યું જેમાં કોઈ ગોરાને કોઈ કાળા પર, કોઈ કાળાને કોઈ ગોરા પર, કોઈ અરબીને કોઈ અજમી (અરબ સિવાયના) પર અને કોઈ અજમીને કોઈ અરબી પર કોઈ ફઝીલત નથી. કૌમી અને વંશિય પૂર્વગ્રહ જે અરબના લોકોમાં દાબી દાબીને ભરેલ હતો ઈસ્લામે તેનો સંદતર નાશ કરી દીધો અને તેને જાહિલિયતની બુરી રસ્મ ઠરાવી લોકોના દિલોને તેનાથી ધૃણિત કરી દીધા.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما બયાન ફર્માવે છે કે અમે એક જંગમાં હતા તો મુહાજિરોમાંથી એક વ્યક્તિએ એક અન્સારી વ્યક્તિને માર્યો. અન્સારીએ પોકારીને કહ્યું, હે અન્સારીઓની જમાઅત! અને મુહાજિરે પોકારીને કહ્યું, હે મુહાજિરોની જમાઅત ! રસૂલુલ્લાહ ﷺએ આ સાંભળ્યું તો ફર્માવ્યું, આ જાહિલિયતનો પોકાર કેવો ? લોકોએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ એક મુહાજિરે એક અન્સારીને માર્યો. આપે ફર્માવ્યું, જાહિલિયતના આ પોકારને છોડો ! આ બુરી વાત છે."

*(સહીહ બુખારી, ૬/૧૫૪)*

## નસવાડીમાં સુન્ની ઈજતેમા

**નસવાડી** : જિ. નર્મદા ખાતે તા. ૨–૩–૨૦૨૧ મંગળવારે ઈશાની નમાઝ બાદ આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"નો શાનદાર ઈજતેમા યોજાયો. જેમાં બુલબુલે બાગે મદીના, કારીએ ખુશ ઈલ્હાન જનાબ કારી રિયાઝુદીન અશરફી–મુંબઈ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. તેમજ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી જંબુસર)એ *'ગુનાહ ઔર ઉસકે બુરે અષરાત'* પર અસરકારક બયાન કર્યું હતું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબે આપણા સમાજની બુરાઈઓને દૂર કરવા કુર્આન હદીષ તથા બુઝુર્ગોના અક્વાલ સાથે દિલને પીગળાવનારું ઈસ્લાહી બયાન કર્યું હતું.


## રમઝાન શરીફની ફઝીલત તથા રોઝા, ઝકાત, એતેકાફના મસાઈલ જાણવા મંગાવો

કિતાબ : **બરકાતે રમઝાન વ મસાઈલે ઝકાત**
(જેમાં રોઝાના ફઝાઈલ, મસાઈલ, ઝકાતના અર્વાચીન મસાઈલ, એતેકાફના સ્પષ્ટ સમજૂતી આપતા મસાઈલ વર્ણન થયેલ છે.

(હદિયો : મફત મંગાવો, પેજીસ : ૮૮)

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## સુન્ની દાવતે ઈસ્લામીની દર્સી કિતાબ

કિતાબ : **બરકાતે શરીઅત** (ઉર્દૂ બોલી ગુજરાતી લિપિમા)
(પેજીસ : ૧૦૮૮, હદિયો : ૩૦૦)
જેમાં નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત તેમજ ખૌફે ખુદા, નિયત, ઈખ્લાસ, ગીબત, હલાલ રોજી...વગેરેના વિષયે વિગતવાર વર્ણન છે દીની જાણકારી તથા દિલી ઈસ્લાહ માટે જેને રમઝાનમાં ભાઈઓ તેમજ બહેનો માટે પણ મંગાવો, ઘરમાં, મસ્જિદમાં દર્સ આપી દીની માહોલ પેદા કરો. (આ કિતાબ હિન્દીમાં પણ મળશે.)

કિતાબ : **માહે રમઝાન કૈસે ગુઝારે ?!**
(ગુજરાતી, પેજીસ : ૧૪૮, હદિયો : ૫૦)
જેમાં રોઝા, ઝકાત, તરાવીહ, એ'તેકાફ, શબે કદ્ર, તેમજ રમઝાનની છ મહત્વની તારીખો વિશે વર્ણન વિગતવાર છે.
નોંધ : ઉપરોક્ત બંને કિતાબોના લેખક તથા સંપાદક:
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**પ્રકાશક સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
વોટ્સ એપ નં. ૯૬૬૪૫૨૧૪૭૭


www.barkatekhwaja.net

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૦૫

### ૩૨. નલ યા પાઈપ સે નાપાક કપળા ધોને મેં ભી ક્યા તીન મર્તબા ધોના ઔર નિચોળના ઝરૂરી હૈ ?

અકષર મુસલમાનોં મેં યે ગુમાન પાયા જાતા હૈ કે નલ યા પાઈપ સે નાપાક કપળા ધોને મેં ભી તીન મર્તબા ધોના ઔર હર મર્તબા અચ્છી તરહ નિચોળના ઝરૂરી હૈ. હાલાં કે એહકામે શરીઅત કે એ'તેબારસે યે બિલ્કુલ ગલત હૈ. શરઅન ચું કે નલ ઔર પાઈપ કા પાની બેહતે હુએ પાની કે હુકમ મેં હૈ. ઔર બેહતે હુએ પાની મેં નાપાક કપળા પાક કરને કા તરીક઼ા યે હૈ કે ઉસે પાની મેં રખા જાએ યહાં તક કે ગાલિબે ગુમાન હો જાએ કે નાપાકી બેહ ગઈ હોગી ઔર ઈસ મેં નિચોળના ભી ઝરૂરી નહીં.

"બહારે શરીઅત"મેં હૈ :–

"દરી યા ટાટ યા કોઈ નાપાક કપળા બેહતે પાની મેં રાતભર પળા રહને દેં, પાક હો જાએગા ઔર અસ્લ યહ હૈ કે જિતની દેર મેં યે ઝન્ને ગાલિબ હો જાએ કે પાની નજાસત કો બહા લે ગયા, પાક હો ગયા, કે બેહતે પાની સે પાક કરને મેં નિચોળના શર્ત નહીં."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૯૯)*

"નજાસતોં કા બયાન મઅ કપળે પાક કરને કા તરીક઼ા" કિતાબ મેં હૈ :–

"કપળે પાક કરને કા એક આસાન તરીક઼ા યે ભી હૈ કે બાલ્ટી મેં નાપાક કપળે ડાલ કર ઉપર સે નલ ખોલ દીજિયે, કપળોં કે હાથ યા કિસી સલાખ (લોહે કી લકળી) વગૈરા સે ડબાએ રખે કે કહીંસે કપળે કા કોઈ હિસ્સા પાની કે બાહર ઉભરા હુવા ન રહે. બાલ્ટી કે ઉપર સે ઉબલ કર ઈતના પાની બેહ જાએ કે ઝન્ને ગાલિબ આ જાએ કે પાની નજાસત કો બહાકર લે ગયા, તો અબ વોહ કપળે ઔર બાલ્ટી કા પાની નીઝ હાથ યા સલાખ કા જિતના હિસ્સા પાની કે અંદર થા સબ પાક હો ગએ, જબ કે કપળે વગૈરા પર નજાસત કા અષર બાકી ન હો. ઈસ અમલ કે દૌરાન યે એહતિયાત ઝરૂરી હૈ કે પાક હો જાને કે ઝન્ને ગાલિબ સે ક઼બ્લ નાપાક પાની કા એક ભી છીંટા આપકે બદન યા કિસી ઔર ચીઝ પર ન પળે. (વરના ઉતના હિસ્સા નાપાક હો જાએગા)

મઝકૂરા તરીક઼ે સે પાક કરને કે લિયે બાલ્ટી યા બર્તન હી ઝરૂરી નહીં, નલ કે નીચે હાથ મેં પકળ કર ભી પાક કર સકતે હૈં. *(નજાસતોં કા બયાન મઅ કપળે પાક કરને કા તરીક઼ા, સફહા–૩૦, ૩૨)*

### ૩૩. ક્યા પૂરે જિસ્મ પર પાની બહા દેને સે ગુસ્લ સહીહ હો જાએગા ?

કુછ મુસલમાન યે સમઝતે હૈં કે પૂરે જિસ્મ પર પાની બહા દેને સે ગુસ્લ અદા હો જાએગા ઔર કામિલ તહારત હાસિલ હો જાએગી, જબ કે શરીઅત કે એ'તેબાર સે ગુસ્લ મેં તીન ફ઼ર્ઝ હૈ, અગર ઉન મેં સે કિસી એક મેં ભી કમી હોગી તો ગુસ્લ હી ન હોગા ઔર ગુસ્લ ફ઼ર્ઝ હોને કી સૂરત મેં નાપાક હી રહેંગે.

"બહારે શરીઅત"મેં હૈ :–

"ગુસ્લ કે તીન જુઝ (ત્રણ ભાગ) હૈં અગર ઉન મેં એક મેં ભી કમી હુઈ ગુસ્લ ન હોગા. ચાહે યું કહો કે ગુસ્લ મેં તીન ફ઼ર્ઝ હૈં :–

**(૧)** કુલ્લી : કે મુંહ કે હર પુર્ઝે ગોશે હોંટ સે હલક કી જળ (હોટના ખૂણાથી ગળાના મૂળ) તક હર

અઝ : હઝરત મુફ્તી સાબિર નઝમી મિસ્બાહી (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)



Web.: www.barkatekhwaja.net

જગહ પાની બેહ જાએ. અકષર લોગ યે જાનતે હૈં કે થોળાસા પાની મુંહ મેં લેકર ઉગલ દેને કો કુલ્લી કહતે હૈં. અગર ઝબાન કી જળ ઔર હલક઼ કે કિનારે તક ન પહોંચે તો ગુસ્લ ન હોગા, ન ઈસ તરહ નહાને કે બાદ નમાઝ જાઈઝ બલ્કે ફર્ઝ હૈ કે દાળ્હોં કે પીછે, ગાલોં કી તેહ મેં, દાંતોં કી જળ ઔર ખિળકિયોં મેં, ઝબાન કી હર કરવટ મેં હલક઼ કે કિનારે તક પાની બહે.

**(૨)** નાક મેં પાની ડાલના યઅ્‌ની દોનોં નથનોં (નસ્કોરાં) કા જહાં તક નરમ જગહ હૈ ધુલના કે પાની કો સૂંઘ કર ઉપર ચળાએ, બાલ બરાબર જગહ ભી ધુલને સે રહ ન જાએ, વરના ગુસ્લ ન હોગા. નાક કે અંદર રીંઠ સૂખ ગઈ હૈ તો ઉસકા છુળાના ફર્ઝ હૈ, નીઝ નાક કે બાલોં કા ધોના ભી ફર્ઝ હૈ.

**(૩)** તમામ ઝહિરે બદન યઅ્‌ની સર કે બાલોં સે પાઉં કે તલવોં તક જિસ્મ કે હર પુર્ઝે હર રોંગટે પર પાની બેહ જાના. *(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૧૬, ૩૧૭)*

### ૩૪. નાબાલિગને પાની કે છોટે બર્તન જૈસે બાલ્ટી વગૈરા મેં હાથ ડાલ દિયા તો ક્યા અબ ઉસ પાનીસે વુઝૂ ઔર ગુસ્લ નહીં કર સક્તે ?

અકષર યે સમઝા જાતા હૈ કે અગર નાબાલિગને પાની કે છોટે બર્તન જૈસે બાલ્ટી વગૈરા મેં બગૈર ધોએ હાથ ડાલ દિયા તો અબ ઉસ પાની સે વુઝૂ ઔર ગુસ્લ નહીં કર સક્તે, ચાહે ઉસ કે હાથ પર કોઈ હક઼ીક઼ી નજાસત જૈસે પેશાબ વગૈરા લગી હો યા ન લગી હો. સમઝા યે જાતા હૈ કે ઈસ મુઆમલે મેં નાબાલિગ કા હુકમ બાલિગ હી કી તરહ હૈ, જબ કે શરીઅત મેં દોનોં કા હુકમ બરાબર નહીં હૈ. નાબાલિગ કે હવાલે સે હુકમ યે હૈ કે જબ ઉસ કે હાથ પર હક઼ીક઼ી નજાસત કા હોના યક઼ીન કે સાથે મઅ્‌લૂમ ન હો તો અગરચે વોહ બગૈર ધોએ હાથ ડાલ દે તબ ભી ઉસ પાની સે વુઝૂ ઔર ગુસ્લ કર સકતે હૈં. હાં ! ઉસસે બચના અફઝલો બેહતર હૈ.

"ફતાવા રઝવિય્યહ"મેં હૈ :–

"નાબાલિગ અગરચે એક દિન કમ પંદરા બરસ કા હો જબ કે આષારે બુલૂગ (બાલિગ હોને કી નિશાનિયાં) મિષ્લ એહતિલામ વ હૈઝ હુનૂઝ શુરૂઅ ન હુએ હોં, ઉસ કા પાક બદન જિસ પર કોઈ નજાસતે હક઼ીક઼િયા ન હો અગરચે તમામો કમાલ આબે ક઼લીલ (થોળે પાની)મેં ડૂબ જાએ ઉસે ક઼ાબિલિયતે વુઝૂ વ ગુસ્લ સે ખારિજ ન કરેગા. હદષ ન હોને કી વજહસે અગરચે બહાલે એહતિમાલે નજાસત જૈસે નાસમઝ બચ્ચોં મેં હૈ બચના અફઝલ હૈ."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૨, સફહા–૧૧૪)*

### ૩૬. ક્યા ધૂપ સે ગરમ હોનેવાલે હર પાની સે વુઝૂ, ગુસ્લ કરના મના હૈ ?

અવામ મેં યે બહોત મશ્હૂર હૈ જો પાની ધૂપ મેં ગરમ હો ગયા ઉસસે વુઝૂ, ગુસ્લ કરના મુતલકન્‌, મના હૈ. ચુનાંચે ઈસ તરહ કે સવાલાત હોતે હૈં કે આજકલ તો અકષર પાની કી તંકિયાં છતોં પર હોતી હૈં ઔર ધૂપ કી વજહ સે પાની ગરમ હો જાતા હૈ તો ક્યા ઉસ ગરમ પાની સે વુઝૂ, ગુસ્લ નહીં કર સક્તે ? ઈસ કે હવાલે હુકમ યે હૈ કે હમારી શરીઅતને ધૂપ કે ગરમ પાની કે ઈસ્તેઅ્‌માલ સે મુત્લક઼ન મના નહીં કિયા જૈસા કે અવામ સમઝતે હૈં, બલ્કે ચંદ ક઼ૈદોં (શર્તોં) કે સાથ મના કિયા હૈ. પેહલી ક઼ૈદે યહ હૈ કે "ગરમ મુલ્ક" હો, દુસરી ક઼ૈદે યહ હૈ કે, "ગરમ મોસમ" હો. તીસરી ક઼ૈદ યે હૈ કે, "સોને, ચાંદી કે અલાવા કિસી ઔર ધાત મષલન્‌ લોહા, તાંબા, પીતલ વગૈરા કે બર્તન મેં પાની હો. યે તમામ ક઼ૈદે પાઈ જાએં તો ધૂપ કે ગરમ પાની કા વધુ પેજ 16 પર..

Web: www.barkatekhwaja.net

# રોઝો તૂટવા વિશે તથા કઝા, કફ્ફારાના મસાઈલ

(કાર્યાલય)

## રોઝો તોડનારી બાબતોનું બયાન

**મસ્અલો** : ખાવા પીવા કે સંભોગ કરવાથી રોઝો તૂટી જાય છે, જ્યારે કે રોઝદાર હોવાનું યાદ હોય. રોઝદાર હોવાનું યાદ નથી અને ભૂલથી ખાય, પી લીધું કે સંભોગ કર્યો તો ન તૂટયો.

*(હિદાયા, આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : હુક્કો, સિગારેટ, બીડી, ચીરૂટ, સિગાર પીવાથી રોઝો તૂટી જાય છે.

**મસ્અલો** : પાન કે તંબાકુ ખાવાથી પણ રોઝો તૂટી જાય છે. પછી ભલે તેને ચાવીને પાણી થૂંકી નાંખવામાં આવેલ હોય.

**મસ્અલો** : ખાંડ, સાકર, ગોળ અને એવી ચીજ કે જે મોઢામાં મૂકતાં ઓગળી જાય છે, તેને મોં માં મૂક્યું અને થૂંક ગળી ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો** : દાંતોમાં કોઈક ચીજ ચણા બરાબર ભરાઈ હતી તે ખાઈ ગયા અથવા ચણાથી નાની હતી અને તેને મોંથી બહાર કાઢી પછી ખાઈ ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળાથી નીચે ઉતર્યું અને લોહી થૂંકથી વધારે કે બરાબર હતું કે ઓછું પરંતુ એનો સ્વાદ ગળામાં જણાયો, તો આ બધીય હાલતોમાં રોઝો તૂટી ગયો, અને લોહી થોડું હતું અને સ્વાદ પણ ન જણાયો તો રોઝો ન તૂટયો.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : જાજરૂના રસ્તે દવા ચઢાવી કે નાકમાં ચઢાવી કે કાનમાં તેલ નાંખ્યું કે જતું રહ્યું તો રોઝો તૂટી ગયો. અને જો કાનમાં પાણી પેસી ગયું કે નાખ્યું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : કોગળા કરી રહ્યો હતો અને ઈરાદા વિના પાણી ગળા નીચે ઉતરી ગયું અથવા નાકમાં પાણી ચઢાવી રહ્યો હતો અને પાણી મગજમાં ચઢી ગયું તો રોઝો તૂટી ગયો, પરંતુ રોઝો છે એ યાદ ન હતું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : ઊંઘમાં પાણી પી લીધું કે કંઈક ખાઈ પી લીધું, અને મોં ખુલ્લુ હતું કે પાણીના ટીપાં કે કરા (બરફની ટુકડી) ગળામાં ચાલી ગયા તો રોઝો તૂટી ગયો. *(ઝૌહરા, આલમગરી, બહાર)*

**મસ્અલો** : બીજાનું થૂંક ગળી ગયો કે પછી પોતાનું જ થૂંક હાથમાં લઈ ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગરી, બહાર)*

**મસ્અલો** : મોમાં રંગીન દોરો રાખ્યો જેનાથી થૂંક રંગીન થઈ ગયું, પછી તે થૂંક ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : આંસૂ મોં માં જતું રહ્યું અને તે ગળી ગયો અને તે એકાદ ટીપું, બે ટીપાં છે, તો રોઝો ન તૂટયો અને જો વધારે હતાં કે જેનો ખારો સ્વાદ પૂરા મોં માં જણાયો તો રોઝો તૂટી ગયો, પરસેવાનો પણ એ જ હુકમ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : પુરૂષે સ્ત્રીને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યો (વાસનાથી) અથવા સંભોગ કર્યો અથવા ગળે લગાડી અને વિર્ય નીકળી ગયું તો રોઝો તૂટી ગયો અને સ્ત્રીએ વાસનાથી પુરૂષને સ્પર્શ કર્યો તે કારણે પુરૂષને વિર્ય નીકળી ગયું તો રોઝો ન તૂટયો. સ્ત્રીને પુરૂષે કપડાં પહેરેલ હાલતમાં સ્પર્શ કર્યો, કપડું એટલું જાડુ હતું કે શરીરની ગરમી ન જણાય તો રોઝો ન તૂટયો ભલે પછી વિર્ય નીકળી ગયું હોય.

Web.:www.barkatekhwaja.net

**મસ્અલો** : વધુ પડતો ઈસ્તિંજો કર્યો ત્યાં સુધી કે અંદર સુધી પાણી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો અને તે વળી એટલો વધુ પડતો ઈસ્તિંજો કરવો પણ ન જોઈએ એનાથી ભયંકાર બીમારીનો ભય છે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પુરૂષે પેશાબના કાણામાં પાણી કે તેલ નાંખ્યું તો રોઝો ન તૂટયો, ભલે તે અંદર સુધી પહોંચી ગયું હોય અને જો સ્ત્રીએ પેશાબની જગામાં પાણી કે તેલ નાંખ્યું અને અંદર સુધી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : સ્ત્રીએ પેશાબગાહમાં રૂ કે કપડું મૂક્યું અને તે બિલકુલ બહાર ન રહ્યું તો રોઝો તૂટી ગયો. સૂકી આંગળી કોઈએ જાજરૂની જગામાં મૂકી અથવા સ્ત્રીએ પેશાબગાહમાં મૂકી તો રોઝો ન તૂટયો અને જો ભીની હતી કે કંઈક તેની સાથે લગાવેલું હતું અને અંદર મૂકી તો રોઝો તૂટી ગયો. જ્યારે કે તે જાજરૂ કરવાની જગ્યામાં તે જગ્યાએ મૂકી હોય જ્યાં પીચકારીનો છેડો રાખવામાં આવે છે.

*(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : રોઝાથી હોવું યાદ હોવા છતાં જાણી બુઝી મોં ભરી ઉલ્ટી કરી તો રોઝો તૂટી ગયો અને જો મોં ભર્યાથી ઓછી કરી છે તો રોઝો ન તૂટયો.

*(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : કુદરતી રીતે ઉલ્ટી થઈ ગઈ તો થોડી હોય કે વધુ રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઈરાદા વિના ઉલ્ટી આવી અને ખૂદ બ ખૂદ અંદર પાછી વળી ગઈ તો રોઝો ન તૂટયો. ભલે થોડી હોય કે વધુ, રોઝદાર હોવું યાદ હોય કે ન હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઉલ્ટી માટેના આ હુકમો ત્યારે લાગુ પડે છે કે ઉલ્ટીમાં અનાજ આવે કે ખટાશ કે લોહી આવે, જો ફક્ત કફ આવ્યો તો રોઝો ન તૂટશે.

*(આલમગીરી)*

**મસ્અલો** : રમઝાનમાં મજબૂરી વિના જે માણસ ખુલ્લેઆમ ખાય પીએ તો (બાદશાહે ઈસ્લામ) માટે હુકમ છે કે તેને કત્લ કરી નાખે.

*(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, દહબાનિયા, બહાર)*

## જે બાબતોથી રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે

**મસ્અલો** : એવો ખ્યાલ હતો કે હજુ સુબ્હ સાદિક શરૂ થઈ નથી તે કારણે ખાધુ, પીધું કે સંભોગ કર્યો તે પછીથી જણાયું કે સુબ્હ સાદિક થઈ ચૂકી હતી, તો રોઝો ગણાશે નહીં, ફક્ત કઝા કરવો જરૂરી છે.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખાવા, પીવા માટે બળજબરીથી મજબૂર કરવામાં આવ્યો એટલે કે ખરેખર એવી ધમકી આપી જેમ કે રોઝો તોડીશ નહીં તો મારી નાખીશ કે હાથ પગ, કાન, નાક વગેરેમાંથી કોઈક અવયવ કાપી નાખીશ. તો એવા સંજોગોમાં ભલે પોતાના હાથથી ખાધુ, પીધું છતાં ફક્ત કઝાનો હુકમ લાગુ પડશે. રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે. (દુર્રે મુખ્તાર વગેરે) અર્થાત તે એક રોઝાના બદલે એક રોઝો રાખવો પડશે.

*(બહારે શરીઅત)*

**મસ્અલો** : ભૂલથી ખાધું, પીધું કે સંભોગ કર્યો હતો અથવા નજર કરી હતી કે વિર્ય નીકળી ગયું હતું અથવા એહતેલામ (ઊંઘમાં વિર્ય નીકળવું) થયું હતું અથવા ઉલ્ટી થઈ ગઈ હતી, આ બધીય હાલતોમાં એમ વિચારી લીધું કે રોઝો તૂટી ગયો, હવે એ જ ખ્યાલ સાથે જાણીબુઝીને ખાધુ, પીધું તો ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : કાનમાં તેલ નાખ્યું અથવા પેટ કે દિમાગના અંદરના ભાગ સુધીનો ઘા છે તેમાં દવા નાખી તે પેટ કે દિમાગની અંદર પહોંચી ગઈ અથવા પિચકારી લીધી અથવા નાકમાં દવા ચઢાવી અથવા કાંકરા, પથ્થર, માટી, રૂ, કાગળ, ઘાસ.... વગેરે

Web : www.barkatekhwaja.net

એવી કોઈ ચીજ ખાધી જેનાથી લોકો ધૃણા કરે છે અથવા રમઝાનમાં વગર નિય્યતે રોઝો રાખ્યાની જેમ રહો અથવા સવારમાં નિય્યત કરી ન હતી દિવસે ઝવાલ પહેલાં નિય્યત કરી અને પછી ખાય લીધું અથવા રોઝાની નિય્યત કરી હતી પણ રમઝાનના રોઝાની ન કરી હતી અથવા ગળામાં વરસાદના ટીપાં કે બરફના ટુકડા (કરા) જતા રહ્યા, અથવા ઘણા આંસૂઓ કે પરસેવો ગળી ગયો અથવા ઘણી નાની છોકરીથી સંભોગ કર્યો કે જે એને લાયક ન હતી અથવા મુરદારની કે જાનવરથી ઝિના કર્યો અથવા જાંઘ કે પેટ ઉપર સંભોગ કર્યો અથવા ચુંબન કર્યું અથવા સ્ત્રીના હોય ચૂસ્યા અથવા સ્ત્રીના શરીરને સ્પર્શ કર્યો ભલે શરીર સાથે કપડું હોય પણ શરીરની ગરમી જણાતી હોય અને એવા સંજોગોમાં વિર્ય પણ નીકળી ગયું હોય અથવા હાથથી વિર્ય સ્ખલન કર્યું અથવા ચાલુ રમઝાન સિવાયનો કોઈક રોઝો તોડી નાખ્યો પછી ભલે તે રમઝાનનો કઝા રોઝો કેમ ન હોય અથવા સ્ત્રી ઊંઘી રહી હતી અને તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા સવારમાં ભાનમાં હતી અને રોઝાની નિય્યત કર્યા પછી તે પાગલ બની ગઈ, તેવી હાલતમાં તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા એવા ખ્યાલથી સહેરી ખાધી કે હજુ રાત છે અથવા રાત હોવામાં વહેમ હતો અથવા એવા ખ્યાલથી રોઝો છોડી નાખ્યો કે સૂરજ આથમી ગયો છે જ્યારે કે ખરેખર આથમ્યો ન હતો અથવા બે માણસોએ ગવાહી આપી કે સૂર્ય આથમી ગયો છે અને બે માણસોએ ગવાહી આપી કે હજી દિવસ છે એવા સંજોગોમાં રોઝો ઈફતાર કરી નાખ્યો, પાછળથી ખબર પડી કે ખરેખર સૂર્ય આથમ્યો ન હતો. આવા બધાય સંજોગોમાં ફક્ત કઝા જરૂરી છે, કફ્ફારો નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : મુસાફિર મુકીમ થયો, હૈઝવાળી, નિફાસવાળી સ્ત્રી પાક થઈ ગઈ, પાગલ હોશમાં આવ્યો, બીમાર હતો સારો થઈ ગયો, કોઈકનો રોઝો હતો તે તૂટી ગયો ભલે કોઈએ બળજબરીથી તોડાવ્યો કે ભૂલથી પાણી કે કાંઈક ગળામાં જતું રહ્યું અને તેનાથી તૂટી ગયો, રાત સમજી ઈફતાર કરી નાખ્યો જ્યારે કે હજુ સૂર્ય બાકી હતો, આવા દરેક સંજોગોમાં જેટલોય દિવસ બાકી રહે તે પૂરા ટાઈમને રોઝાની જેમ પૂરો કરવો વાજિબ છે અને એ દિવસનો રોઝો કઝા રાખવો પણ જરૂરી છે. પરંતુ નાબાલિગ બાલિગ થઈ ગયો અથવા કાફિર દિવસે મુસલમાન થયો તો એના ઉપર એ દિવસના રોઝાની કઝા વાજિબ નથી, ફક્ત દિવસનો બાકીનો સમય રોઝદારની જેમ પૂરો કરવો એમના ઉપર પણ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : બાળકની ઉંમર ૧૦ વરસની થઈ જાય તો રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય તો રોઝો રખાવવો, ન રાખે તો મારીને પણ રખાવવો. રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય છતાં રાખીને તોડી નાખ્યો તો કઝાનો હુકમ લાગુ પડશે નહીં, જો નમાઝ તોડી નાખે તો ફરીથી પઢાવવી. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : સુબ્હ સાદિક થવા પહેલાં સ્ત્રી સંભોગમાં હતો પરંતુ સુબ્હ સાદિક શરૂ થતાં જ દૂર થઈ ગયો તો કાંઈ નહીં અને એ જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ભૂલથી સંભોગમાં મશગૂલ થયો યાદ આવતાં જ દૂર થઈ ગયો તો માફ છે પરંતુ જો એવી જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મૈયતના કઝા રોઝા થઈ ગયા હતા તો એનો વારિસ–વાલી એના તરફથી ફિદયો આપે જ્યારે મૃત્યુ પામનારે વસિયત કરી હોય અને પોતાની પાછળ માલ પણ છોડયો હોય, નહીંતર વાલી (વારિસ) ઉપર જરૂરી નથી, આપે તો બેહતર છે. *(બહારે શરીઅત)*

Web : www.barkatekhwaja.net

## રોઝો તોડનારી તે બાબતોનું બયાન કે જેનાથી કફ્ફારો પણ જરૂરી છે

રમઝાનનો રોઝો જાણીબુઝીને તોડી નાખવાથી કફ્ફારો પણ જરૂરી છે. રોઝો તોડવાનો કફ્ફારો એ છે કે, એક લોંડી ગુલામ આઝાદ કરવી અથવા ૬૦ રોઝા બરાબર એકી સાથે રાખવા અને એ ન બની શકે તો **૬૦ મિસ્કીનોને પેટ ભરીને બે ટાઈમ ખાવા ખવડાવવું.** ૬૦ રોઝા રાખવાની પરિસ્થિતિમાં એક પણ રોઝો વચમાં ગમે ત્યાં છૂટી ગયો તો ત્યાંથી ફરીથી ૬૦ ગણવા. પહેલાં રાખેલા ગણાશે નહીં. (મતલબ લગાતાર સાઈઠ રોઝા થવા જોઈશું.) દા.ત. ૫૯ રાખ્યા હતા સાઈઠમો રાખ્યો ન હતો કે બીમાર વગેરે લાચારીને કારણે. તો ફરીથી એકી સાથે સાઈઠ રાખવા. પહેલાં ૫૯ રાખેલા બેકાર થયા. પરંતુ હા ! સ્ત્રીને હૈઝ આવે તે કારણે જેટલા દિવસો ન રાખી શકી તો તે છૂટેલા નહીં ગણાય અર્થાત પહેલાંના રોઝા તેમજ હૈઝની પછીના રોઝા એ એકી સાથે મળી સાઈઠ થતાં કફ્ફારો પૂરો થયો ગણાશે. *(રદ્દુલ મુહ્તાર, બહાર, આલમગીરી)*

રોઝો તોડવાથી કફ્ફારો લાગુ પડવાની થોડીક શરતો છે :–

(૧) રમઝાન મહિનામાં રમઝાનનો રોઝો અદા કરવાની નિય્યતથી રોઝો રાખ્યો હોય. (૨) રોઝો રાખનાર મુકીમ હોય મુસાફર ન હોય. (૩) મુકલ્લફ હોય (એટલે કે આકિલ, બાલિગ હોય) (૪) રમઝાનના રોઝાની રાત્રે જ નિય્યત કરી હોય. જો રમઝાનના રોઝાની જેને તોડયો તેની દિવસે નિય્યત કરી છે તો તેનો કફ્ફારો નથી. (૫) રોઝો તોડયા પછી કુદરતી રીતે પોતાના કબ્જામાં હોય તેવી એવી કોઈ બાબત બની કે જેને કારણે રોઝો છોડવાની ઈજાઝત છે, જેમ કે હૈઝ કે નિફાસ આવ્યું કે બીમારી આવી પડી જેમાં રોઝો ન રાખવાની ઈજાઝત છે તો કફ્ફારો લાગુ પડશે નહીં. પરંતુ **રોઝો તોડયો પછી** એવી કોઈ બાબત બની કે જે પોતાના કબ્જા (ઈખ્તિયાર)માં હતી જેમ કે પોતે જ પોતાની જાતને ઝખ્મી કર્યો કે જેથી માઅઝૂર લાચાર બન્યો કે રોઝો રાખવા માટે શક્તિશાળી ન રહ્યો કે પછી મુસાફિર થઈ ગયો તો એવી બાબતોથી તેનો કફ્ફારો ઉતરશે નહીં, જેમ કે એ ચીજો ઈખ્તિયારી છે પોતે ધારતો તો તે ન કરતે. માટે કફ્ફારો આપવો જરૂરી રહેશે.

*(દુર્રે મુખ્તાર, આલમગીરી, ઝૌહરા, બહાર)*

**મસ્અલો :** રોઝદારે જાણીબુઝી કોઈક દવા પીધી કે ખોરાક ખાધો, પાણી પીધું કે સ્વાદ–મજા માટે કોઈ ચીજ ખાધી, પીધી અથવા સ્ત્રી, પુરૂષ સાથે શેહવતની ઉંમરે પહોંચી ગયેલ હોય તેના આગળ કે પાછળના મુકામમાં સંભોગ કર્યો ભલે વિર્ય નીકળ્યું કે નીકળ્યું અથવા તે રોઝદાર સાથે સંભોગ કરવામાં આવ્યો હોય એ બધીય હાલતોમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે.

**મસ્અલો :** કોઈક એવું કામ કર્યું કે જેના વડે રોઝો તૂટવાનો હુકમ લાગુ પડતો ન હોય પરંતુ એવું સમજી લીધું કે રોઝો તૂટી ગયો પછીથી જાણીબુઝીને ખાઈ, પી લીધું. દા.ત. નસ્તર મરાવ્યું કે લોહી ખેંચાવ્યું, સૂરમો લગાડયો, જાનવરથી સંભોગ કર્યો અથવા સ્ત્રીથી વાસના સાથે અડકયો, ચુંબન કર્યું કે સાથે સૂવડાવી પરંતુ એવા કૃત્યોથી વિર્ય નીકળ્યું નથી અથવા જાજરૂની જગ્યાએ સૂકી આંગળી નાખી હવે એ કામો પછી તેણે જાણીબુઝીને ખાઈ, પી લીધું તો એવી કોઈપણ પરિસ્થિતિમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે. જો તે બધીય હાલતોમાં કે જેનાથી રોઝો છૂટવાનો ઈરાદો તો ન થતો હતો પરંતુ એણે છૂટી ગયાનો ખ્યાલ કરી લીધો (એટલે કે ઉપરના કોઈક કામથી રોઝો તૂટતો ન હતો પરંતુ એણે તૂટી જવાનો ખ્યાલ કરી લીધો) અથવા તો કોઈક મુફતીએ ફત્વો આપી દીધો હતો કે રોઝો તૂટી ગયો વળી તે મુફતી એવો હોય કે જેના ઉપર શહેરવાળા ભરોસો

Web. : www.barkatekhwaja.net

કરતા હોય તેનો ફત્વો આપવાથી તેણે જાણી બુઝીને ખાધું, પીધું અથવા એણે કોઈ હદીષ સાંભળી હતી જેનો ખરો અર્થ એ સમજી શક્યો નહીં અને એનો ખોટો અર્થ સમજીને સમજ્યો કે રોઝો તૂટી ગયો પછી જાણી બુઝીને ખાઈ, પી લીધું તો હવે કફ્ફારો જરૂરી નથી. ભલે પછી મુફતીએ ખોટો ફત્વો આપ્યો કે એણે જે હદીષ સાંભળી તેનો કોઈ સબૂત ન હોય.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

## જે બાબતોનું બયાન જેનાથી રોઝો તૂટતો નથી

**મસ્અલો** : ભૂલથી ખાધુ, પીધું કે સંભોગ કર્યો તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : માખી, મચ્છર, ધુમાડા, ધૂળ ગળ ામાં જતા રહેવાથી રોઝો નથી તૂટતો પરંતુ જાણી બુઝીને ધુમાડા લીધા તો રોઝો તૂટી જશે, પરંતુ એ ત્યારે કે રોઝદાર હોવાનું પોતાને યાદ હોય. (દા.ત. લોબાન, અગરબત્તી કે કોઈ ધુણી સળગાવી મોં તેની પાસે લઈ જઈ ધુમાડા નાકમાં ખેંચ્યા તો રોઝો તૂટી ગયો.)

**મસ્અલો** : ભરેલી સેંગી લગાડી, તેલ કે સૂરમો લગાડયો તો રોઝો ન તૂટયો ભલે તે કે સૂરમાનો સ્વાદ ગળામાં જણાતો હોય બલ્કે થૂંકમાં સૂરમાનો રંગ પણ જણાય તો પણ રોઝો તૂટશે નહીં.

*(રદ્દુલ મુહ્તાર, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : માખી ગળામાં જતી રહેવાથી રોઝો તૂટશે નહીં પરંતુ જાણી બુઝીને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : વાત કરવામાં થૂંકથી હોઠ ભીના થયા તે થૂંકને ગળી ગયો અથવા મોંમા ગળફો આવ્યો તેને ગળી ગયો તો રોઝો ન તૂટયો પરંતુ એવી બાબતોથી બચવું જરૂરી છે.

*(આલમગીરી, રદ્દુલ મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળા સુધી પહોંચ્યું પરંતુ ગળાથી નીચે ન ઉતર્યું તો રોઝો તૂટયો નહીં. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : ભૂલથી ખાવા ખાઈ રહ્યો હતો યાદ આવતાં જ કોળિયો થૂંકી નાખ્યો તો રોઝો ન તૂટયો અને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : સુબ્હ સાદિક઼ શરૂ થવા પહેલાંથી ખાવા ખાઈ રહ્યા હતો ખાતાં ખાતાં સુબ્હ સાદિક઼ થવા લાગી, સુબ્હ સાદિક઼ શરૂ થતાં જ કોળિયો કાઢી નાખ્યો તો રોઝો ન તૂટયો પરંતુ ખાઈ ગયો તો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : તલ કે તલ બરાબરની કોઈક ચીજ દાંતો વડે ચાવી અને તે થૂંક સાથે ગળામાં ઉતરી ગઈ તો રોઝો ન તૂટયો પરંતુ એનો સ્વાદ ગળામાં જણાશે તો રોઝો તૂટી જશે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલો** : દવા વાટી કે આટો ચાર્યો એનો સ્વાદ ગળામાં જણાયો તો રોઝો ન તૂટયો.

*(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર વગેરે)*

**મસ્અલો** : ગીબત કરી અર્થાત બીજાની પીઠ પાછળ બુરાઈ કરી તો રોઝો ન તૂટયો જો કે ગીબત કરવી મહા ભયંકર પાપ છે. (કુર્આન શરીફમાં ગીબત કરનાર વિશે ફર્માવ્યું છે કે, "જેમ કે તે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય છે." અને હદીષ શરીફમાં છે કે, "ગીબત વ્યભિચારથી પણ ખરાબ છે.) ગીબતના કારણે રોઝાની નૂરાનિયત જતી રહે છે." *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ચુંબન લીધું પરંતુ વિર્ય ન નીકળ્યું તો રોઝો ન તૂટયો, એવી જ રીતે સ્ત્રીની તરફ બલ્કે એની શર્મગાહ તરફ નજર કરી પરંતુ હાથ નથી લગાડયો છતાં વિર્ય નીકળી ગયું, ભલે વારંવાર જોવાથી સમાગમના વિચારો કરવાથી, કેમ કે વિચારોમાં રોઝો તૂટશે નહીં. *(દુર્રે મુખ્તાર, ઝૌહરા)*

**મસ્અલો** : ઊંઘમાં વિર્ય સ્ખલન થયું તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : જનાબતની હાલતમાં સવાર કરી બલ્કે જો આખોય દિવસ નહાયા વિનાની હાલતમાં

Web : www.barkatekhwaja.net

રહ્યો તો રોઝો તો થઈ જશે પરંતુ નાપાકીની હાલતમાં એટલે મોડે સુધી રહેવું કે નમાઝ કઝા થઈ જાય તે ગુનોહ અને હરામ છે. હદીષમાં છે કે જુનૂબ (નહાવાની હાજતવાળો) જે ઘરમાં હોય છે તેમાં રહમતના ફરિશ્તા આવતા નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પેશાબ પાખાનાની જગ્યાઓ સિવાયની જગ્યાએ સંભોગ કર્યો તો જ્યાં સુધી વિર્ય નથી નીકળ્યું રોઝો તૂટશે નહીં. એવી જ રીતે હસ્ત મૈથુનથી વિર્ય કાઢવામાં પણ જ્યાં સુધી વિર્ય ન નીકળે રોઝો તૂટશે નહીં. પરંતુ આવું કામ કરવું ભયંકર હરામ કૃત્ય છે. હદીષ શરીફમાં એવા માણસને મલઊન કહ્યો છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## જેનાથી રોઝો મકરૂહ થાય છે

**મસ્અલો** : જૂઠું બોલવું, ચાડી કરવી, ગીબત કરવી, ગાળો બોલવી, બેકાર બકવાસ કરવો, કોઈને તકલીફ આપવી આ વાતો આમ પણ હરામ અને નાજાઈઝ છે. રોઝામાં સખત હરામ અને નાજાઈઝ છે અને એવી વાતોથી રોઝો મકરૂહ થાય છે.

**મસ્અલો** : રોઝદારે વિના મજબૂરીએ કોઈક ચીજ ચાવવી કે ચાખવી મકરૂહ છે ચાખવા માટે મજબૂરીના બહાનાંઓ આ છે જેમ કે :–

(૧) ધણી કે માલિક ખરાબ સ્વભાવનો છે નમક–મીઠુ ઓછુ વત્તુ હશે તો તેના ગુસ્સાનો ભોગ બનવું પડશે, તો તે કારણે ચાખવામાં વાંધો નથી. ચાવવા માટેની મજબૂરીનું કારણ દા.ત. એટલું નાનું બાળક છે કે રોટલી નથી ખાઈ શકતો અને કોઈ નરમ ખોરાક નથી જે એને આપી શકાય, વળી ન તો કોઈ રોઝા વિનાનું માણસ ત્યાં હાજર છે કે જે ચાવીને આપી શકે તો બાળકને ખવડાવવામાં રોટલી વગેરે ચાવીને આપવામાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર) ચાખવાનો અર્થ એ નથી જે આજકાલ રિવાજ પ્રમાણે બોલવામાં આવે છે કે કોઈ ચીજનો સ્વાદ જાણવા માટે તેમાંથી થોડી ખાઈ લેવામાં આવે છે એવું ચાખવાથી રોઝો મકરૂહ જ નહીં બલ્કે બિલકુલ જતો રહેશે (તૂટી જશે). વળી જો કફ્ફારાની શરતો લાગુ પડતી હશે તો કફ્ફારો પણ જરૂરી રહેશે, **ચાખવાનો મતલબ એ છે કે કોઈ ચીજને જીભ ઉપર ગળામાં કાંઈપણ જવા ન પામે તો નહીં તો રોઝો તૂટી જશે.**

**મસ્અલો** : કોઈ ચીજ ખરીદી અને એનું ચાખવું જરૂરી હોય, જો ન ચાખે તો નુકસાન થશે એમ હોય તો ચાખી શકે છે વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સ્ત્રીને ચુંબન કરવું, ગળે લગાડવી, શરીર સ્પર્શ કરવું મકરૂહ છે જ્યારે કે વિર્ય સ્ખલનનો ડર હોય અથવા સંભોગ થઈ જવાનો ડર હોય. સ્ત્રીના હોઠ કે જીભ ચૂંસવા રોઝાની હાલતમાં મકરૂહ છે ભલે વિર્ય સ્ખલન કે સંભોગનો ડર હોય કે ન હોય એ જ રીતે મુબાશિરતે ફાહેશા પણ મકરૂહ છે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ગુલાબ, મુશ્ક વગેરે સુગંધી સૂંઘવી, દાઢી, મૂંછમાં તેલ લગાડવું, સૂરમો લગાડવો મકરૂહ નથી પરંતુ જો સુંદરતા માટે સૂરમો લગાડયો કે દાઢીમાં તેલ એટલા ખાતર લગાડયું કે દાઢી વધી જાય હાલાં કે એક મુઠ્ઠી જેટલી છે તો આ બંને વાતો રોઝા વિના પણ મકરૂહ છે અને રોઝામાં એથી વધુ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : વુઝૂ અને નહાવા સિવાય ઠંડક પહોંચાડવાના તલબથી કોગળા કરવા કે નાકમાં પાણી નાખવું કે ઠંડક માટે નહાવું બલ્કે શરીર ઉપર ભીંગવેલું કપડું લપેટવું મકરૂહ નથી. પરંતુ પરેશાની તકલીફ જાહેર કરવા કપડું લીલું કરી લપેટવું મકરૂહ છે એટલા કારણે કે ઈબાદતમાં દિલનું પરેશાન જાહેર થવું ઠીક વાત નથી.

*(આલમગીરી, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : મોં માં થૂંક ભેગું કરી ગળી જવું રોઝા વિનાની હાલતમાં પણ સારું નથી. રોઝામાં તો એ મકરૂહ છે. *(આલમગીરી, બહાર, બહાવાલા કાનૂને શરીઅત)*

www.barkatekhwaja.net

## જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF)ની ઝકાત

ગવર્નમેન્ટ ઓફિસો તથા કેટલીક પ્રાઈવેટ કંપનીઓના કર્મચારીઓના પગારોમાંથી અમુક હિસ્સો અલગ કરીને મેહફૂઝ ખાતા માં જમા કરી દેવામાં આવે છે અને અમુક ટકા ગવર્નમેન્ટ અથવા કંપની પોતાના કર્મચારીના ભાવિને લક્ષમાં રાખીને પોતાના તરફથી તેમાં ઉમેરો કરે છે અને રિટાયરમેન્ટ પછી તે સઘળી રકમ કર્મચારીને આપી દેવામાં આવે છે. કેટલીક વાર દરેક બે પ્રકારની જણાવેલ રકમો પર ગવર્નમેન્ટ અથવા કંપની ઈન્ટરરેન્ટના નામે પણ કાંઈક વધારો જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ આમ જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ સામાન્ય બોલીમાં પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે.

# ઝકાતના અર્વાચીન મસાઈલ

(કાર્યાલય)

હવે પ્રશ્ન એ છે કે જે રૂપિયા કર્મચારીના પગારમાંથી કપાયા અને તેમાં ગવર્નમેન્ટે પોતાના તરફથી જે ઉમેરો કરીને બેંકમાં જમા કરાવ્યા, પછી પાછળથી ઈન્ટરેસ્ટની સાથે સૌ રકમોને પરત કરી તેમાં ઝકાત વાજિબ થશે કે નહીં ? જો થશે તો કયારે અને તેને અદા કરવાનો શો તરીકો રહેશે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના એક ફત્વાથી સ્પષ્ટ થાય છે કે જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને ગવર્નમેન્ટ જે રકમ પોતાના તરફથી ઉમેરો કરીને બેંકમાં જમા કરાવે છે તે બંને રકમો કર્મચારીના પગારનો હિસ્સો છે. જેમ કે લખે છે :

"જાઈઝ નોકરીનો પગાર દર મહીને ભલે તેનો કોઈ હિસ્સો જમા થઈને નોકરી પૂર્ણ થવાને અંતે આપવામાં આવે તે તે કર્મચારીની માલિકીનો છે અને જે પગાર ગવર્નમેન્ટનો નિશ્ચિત હોય તેનો ર.૩ નિશ્ચિત કરાર પ્રમાણે તઅલ્લુક ધરાવનારના જિમ્મે હોય છે અને કર્મચારીના માટે જમા કરવામાં આવે છે તે પણ ખરેખર તે જ પગારનો હિસ્સો છે."

*(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૮, પેજ–૧૮૩)*

અને આ પ્રકારની (પ્રાઈવેટ ફંડની) રકમ પર ઝકાત વાજિબ થશે કે નહીં ? જ્યારે આ'લા હઝરતને આ પ્રમાણેનો સવાલ કરવામાં આવ્યો તો આપે તેના પર ઝકાત વાજિબ હોવાનો હુકમ દર્શાવ્યો. જેમ કે લખે છે : "જ્યારથી તે અસલી રૂપિયા ખૂદ અથવા અન્ય ઝકાતી માલ સાથે જે ઝૈદની પાસે છે તે નિસાબ જેટલો એટલે છપ્પન રૂપિયા સુધી પહોંચ્યો અને અસલી હાજતોથી વધીને તેના પર વરસ પસાર થયું તે સમયથી તેના પર ઝકાત વાજિબ થઈ અને દર વરસે નવી ઝકાત વાજિબ થતી રહી."

*(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)*

અને ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "કર્મચારી જો માલિકે નિસાબ છે તો અન્ય ઝકાતી માલોની સાથે એ ફંડમાં જ્યારથી રકમ જમા થવી શરૂ થઈ છે ત્યારથી તે રકમની પણ ઝકાત દર વર્ષે વાજિબ થશે."

*(ફતાવાએ ફયૂઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૪૭૯)*

જેથી આ લખાણથી એ વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ કે પ્રોવિડન્ટ ફંડમાં જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને જે ગવર્નમેન્ટે તેમાં ઉમેરો કરીને જમા કરી તે બંને રકમો પર ઝકાત વાજિબ છે. અલબત્ત તેની અદાયગી રકમ પ્રાપ્ત થતાં વાજિબ થશે. કેમ કે તે રૂપિયાની હેસિયત કરજ જેવી છે. જાણે કે કર્મચારીઓએ કંપનીને પોતાના પગારનો અમુક હિસ્સો કરજ રૂપે આપી રાખ્યો છે અને કરજમાં ઝકાત જો કે વાજિબ થાય છે પણ ઝકાત અદા કરવુ ત્યારે વાજિબ થાય છે જયારે નિસાબનો પાંચમો ભાગ કરજ આપનારને મળી જાય.

Web.: www.barkatekhwaja...

જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

"જે રૂપિયા કરજ ફેલાયા (ઉછીના અપાયા) છે તેની ઝકાત પણ લાઝિમ છે પણ જ્યારે નિસાબ જેટલા અથવા નિસાબના પાંચમા ભાગ જેટલા વસૂલ થાય તે વખતે અદા વાજિબ થશે, જેટલાં વરસો પસાર થયાં હોય સૌનો હિસાબ લગાડીને."

*(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૩૨)*

અને ફકીહે આ'ઝમે હિંદ હુઝૂર સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલીખાં رحمۃ اللہ علیہ લખે છે :

"બેંકને જો કરજ રૂપે આપ્યા છે જેમ કે એ જ માલૂમ છે તો જો કે ઝકાત દર સાલે વાજિબ રહેશે પણ તેને અદા કરવું વાજિબ હોવાનો સમય ત્યારે થશે જ્યારે નિસાબના પાંચમા ભાગ જેટલી રકમ કમસે કમ વસૂલ થાય (હાથમાં આવે) અને જેટલી વસૂલ થઈ જાય તેટલાની ઝકાત અદા કરવી વાજિબ થશે, કુલ નહીં. પણ વસૂલ થતાં પાછલા વરસોની પણ ઝકાત (ગણીને) આપવી પડશે."

*(ફતાવાએ અમજદિયહ્, ભાગ–૧, પેજ–૩૬૮)*

અને જે વધારો ઈન્ટરેસ્ટ રૂપે ગવર્નમેન્ટ કે કંપનીઓની તરફથી મળે છે તેના પર ઝકાત વાજિબ થશે નહીં, ન તેની માલિકી છે. પણ નોકરીની મુદ્દત પૂર્ણ થયા પછી જો કંપની ખૂદ તેને તે વધારો આપે અને કંપનીમાં કોઈ મુસલમાન શરીક ન હોય તો આ વધારાને એ નિય્યતે લઈ શકે છે કે એક ગૈરમુસ્લિમ જમાઅત એક માલ ખુશીપૂર્વક આપે છે. આમ મુબાહ માલ સમજીને લઈ શકે છે અને કબજામાં આવ્યા પછી નિસાબમાં તેને મેળવી દેવામાં આવશે.

*(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)*

## મજલિસે શરઈ મુબારકપૂરનો ફેંસલો

અર્વાચીન મસાઈલને હલ કરવા માટે **અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર** તરફથી મજલિસે શરઈ સ્થાવામાં આવી છે જેના હેઠળ ફિક્હી સેમીનાર ગોઠવાય છે. મોટા મોટા મુફ્તિયાને કિરામ તથા ઉલમાએ ઈસ્લામ તેમાં ભાગ લે છે. આ મજલિસે શરઈએ GPFના વિશે આ પ્રમાણે ફેંસલો બહાર પાડયો છે :–

"GPFમાં જમા થતો પૂરો માલ પગારનો હિસ્સો છે જે કર્મચારીની માલિકીનો છે જેથી તે નિસાબ જેટલો હોય કે નિસાબ સાથે જોડાતો હોય તો તેના પર દર વર્ષે ઝકાત વાજિબ થશે, અલબત્ત અદા કરવાનુ નિસાબના પાંચમા ભાગ પર કબજો પામ્યા બાદ વાજિબ થશે અને નફા પર કબજા પછી તેની શરતોની સાથે ઝકાત વાજિબ થશે."

*(અકસે તયશુદા ઉમૂર, પેજ–૬)*

**નોટ** : હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ રઝવીએ એક મજલિસ ચર્ચામાં જણાવ્યું કે હવે ગવર્નમેન્ટ GPF માં પોતાના તરફથી કાંઈ જમા નથી કરતી, કેવળ ઈન્ટરેસ્ટ જોડીને તમારી કપાયેલી રકમ પરત કરે છે. ઈ.સ. ૧૯૯૯ સુધી લગભગ એ જ કાનૂન હતો જેનો ઉલ્લેખ આ'લા હઝરત رحمۃ اللہ علیہ કર્યો છે. પરંતુ તેનાથી અસલ મસ્અલામાં કાંઈ ફરક પડવાનો નથી.

## ફિકસ ડિપોઝિટ (F.D.)ની ઝકાત

લોકો પોતાના રૂપિયાઓને બેંકો, પોસ્ટ ઓફીસોમાં એક નિશ્ચિત મુદ્દત માટે જમા કરી આપે છે, તે રકમ પર દર વરસે કાંઈક ઉમેરો થતો રહે છે. તે રકમો પર ઝકાત વાજિબ છે કે નહીં ? તેનો હલ એ છે કે જે રકમ ખૂદ માણસે જમા કરી છે તે બેંક વગેરે પર કરજ છે. જેથી તેના પર દર વરસે ઝકાત વાજિબ થશે. અલબત્ત તેની ઝકાત આપવું દિરહમના જેટલી રકમ વસૂલ (પ્રાપ્ત) થઈ જતાં લાઝિમ થશે. જેમ કે GPF ના બયાનમાં વિગતવાર આવી ગયું.

વધુ ખુલાસો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના આ

Web.:www.barkatekhwaja.net

ઈર્શાદથી પણ થઈ રહ્યો છે. આપ બેંક તથા પોસ્ટ ઓફિસમાં જમા કરેલ રકમના વિશે ફર્માવે છે :–

"તે જ્યાં સુધી બેંકમાં છે પોતાના કબજામાં સમજવામાં આવશે અને દર વર્ષે તેના પર ઝકાત વાજિબ થશે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૧૪૬)*

અને અલ્લામા હસ્કફી લખે છે :–

**ભાવાર્થ** : "તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ પૂર્ણ થઈ જાય અને વરસ પસાર થઈ જાય, પરંતુ અદાયગી તરત વાજિબ નથી બલ્કે ૪૦ દિરહમના જેટલી રકમ તે કરજમાંથી વસૂલ થયા પછી વાજિબ થશે."

*(દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)*

બાકી રહ્યો એના પર દર વર્ષે માનવારો નફો તો એના બારામાં તેહકીક એ છે કે વર્તમાન સંજોગોમાં હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંકોથી પ્રાપ્ત થયેલ વધારાનો માલ એક મુબાહ માલ છે અને મુબાહ માલ જ્યાં સુધી મુસ્લિમના કબજામાં ન આવે તે તેના માલિકીપણામાં નથી થઈ શકતો. અને કબજાનો મતલબ એ નથી કે કેવળ લેજર બુકમાં નફાની નોંધણી થઈ જવાથી ખાતેદારનો તેના પર કબજો માનવામાં આવશે અને નિસાબના વરસપસાર થયા પછી સૌની ઝકાત વાજિબ થશે. મજલિસ શરઈ મુબારકપૂરનો ફેંસલો છે કે :–

"હર્બીનો માલ મુબાહ માલ છે અને તે મુસ્લિમના કબજા વિના તેના માલિકીપણામાં નથી થતો અને કેવળ લેજર બુકમાં નોંધી દેવાથી ખાતેદારનો તેના પર કબજો સાબિત ન થયો એટલા માટે કે કબજાની જે હકીકી, હુકમી, મજાઝી સ્થિતિઓ ફિકહની કિતાબોમાં દર્શાવેલ છે, આ તેમાંથી કોઈ એક સ્થિતિમાં નથી આવતુ. (આગળ ફેંસલામાં લખેલ છે કે) બેંક વગેરેનો જણાવેલ નફો જ દિવસે કબજામાં આવે અને ખાતેદાર સાહિબે નિસાબ હોય તો નિસાબમાં ભળી જશે.

*(અકસે તય શુદા ઉમૂર, પેજ–૫,૬)*

## બોનસની ઝકાત

ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને વરસ પૂર્ણ થતાં અમુક નિશ્ચિત રકમ પગારથી ઉપરાંત પણ આપે છે જેને બોનસ કહેવામાં આવે છે. આ રકમની શરીઅતની રૂએ શું હૈસિયત છે ? અને એના પર ઝકાત કઈ રીતે વાજિબ થશે ?

સંશોધનને અંતે એ વાત સ્પષ્ટ થઈ કે બોનસની રકમ એક પ્રકારનુ ઈનામ છે જે ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને આપે છે, તો તેની હૈસિયત અતા કરેલ માલની હશે અને તેના પર કબજા વિના માલિકીપણુ સાબિત થશે નહીં. એટલા માટે બોનસની રકમ જ્યારે કર્મચારીના કબજામાં આવી જાય અને પછી તે નિસાબ સુધી પહોંચે અથવા બીજા માલ સાથે નિસાબ સુધી પહોંચે ત્યારે તેના પર ઝકાત વાજિબ થશે, નહીં તો નહીં. જેમ કે મજલિસે શરઈએ બોનસના વિશે આ પ્રમાણે હુકમ બહાર પાડયો છે :–

## મજલિસે શરઈનો હુકમ

"બોનસની રકમ એક ખાસ પ્રકારનુ ઈનામ છે તેના પર કબજો પામ્યા પછી કર્મચારી તેનો માલિક થશે અને નિસાબ જેટલી રકમ મળે અથવા અન્ય સાથે મિલાવતાં નિસાબ સુધી પહોંચે ત્યારે કબજા બાદ ઝકાત વાજિબ થશે." *(અકસે તય શુદા ઉમૂર, પેજ–૬)*

## એરિયર્સની ઝકાત

ગવર્નમેન્ટના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંઓમાં છ મહીને કે વરસે જે વધારો થાય છે. સામાન્યતઃ તેના વધારાની સ્થિતિ એ પ્રમાણે હોય છે કે ગવર્નમેન્ટ હુકમ બહાર પાડે છે અને વધારાની રકમ (પગારમાં) પાછલા અમુક મહીનાઓથી જોડે છે. દા.ત. ગવર્નમેન્ટે પહેલી માર્ચે હુકમ લાગુ કર્યો કે કર્મચારીઓના પગારો (મોંઘવારી ભથ્થાં)માં ૫% નો વધારો કરવામાં આવે છે અને આ વધારો પાછલા

Web.: www.barkatekhwaja.net

જાન્યુઆરી મહીનાથી ગણવામાં આવશે. આ રીતે કર્મચારીનો પગાર વધારા સાથે માર્ચથી મળશે પણ પાછલા જાન્યુઆરી તથા ફેબ્રુઆરી મહીનાના પગારો જે હતા તેમાં ૫% નો વધારો એ એરિયર્સ (બાકી પડતી રકમ) તરીકે કર્મચારીને મળે છે.

હવે સવાલ એ પેદા થાય છે કે ગવર્નમેન્ટનો હુકમ બહાર પડતાં પહેલાં દા.ત. જાન્યુઆરી ફેબ્રુઆરીની જે રકમ મળશે તેના પર કર્મચારીનુ માલિકીપણુ જાન્યુઆરી ફેબ્રુઆરી મહિનાથી માનવામાં આવશે કે પછી ગવર્નમેન્ટનો ઓર્ડર બહાર પડયાની તારીખથી માલિકીપણાની સાબિતી ગણાશે ? એ જ પ્રમાણે ઝકાતનુ વાજિબ હોવુ હુકમ લાગુ કર્યાની તારીખથી થશે કે પછી પહેલાં જેટલા દિવસોના એરિયર્સનો હુકમ બહાર પડયો તેમાં તે જ સમયથી ઝકાતનો હુકમ લાગુ થશે ? આ મસ્અલા બાબતે શરઈ સેમીનારમાં ચર્ચા થઈ અને પછી એ નક્કી થયું કે :–

## મજલિસે શરઈનો હુકમ

"એરિઅર્સની રકમ પગારની જ બાકી પડતી રકમ હોય છે, એટલા માટે જે તારીખે ગવર્નમેન્ટ એરિઅર્સનો હુકમ લાગુ પાડશે એ તારીખથી કર્મચારી એરિઅર્સનો માલિક થશે. ગવર્નમેન્ટનો ઓર્ડર જાહેર થતા પહેલાં જેટલા દહાડા જેટલા દિવસોના એરિઅર્સનો હુકમ થયો તે દિવસોમાં માલિકીપણુ સાબિત નથી અને ઝકાતનુ વાજિબ થવું માલિકીપણુ જાહેર થયાની તારીખથી ઉપર દર્શાવેલ વિગત મુજબ થશે."

આ પરથી જાણવા મળ્યું કે એરિઅર્સની રકમમાં ઝકાતનો હુકમ એ તારીખથી લાગુ થયો જે તારીખે ગવર્નમેન્ટે એરિઅર્સ આપવાનો હુકમ બહાર પાડયો. જેથી જો કોઈ શખ્સ એરિઅર્સની રકમનો માલિક બન્યા બાદ માલિકે નિસાબ થઈ જાય તો તેના પર તે રકમની ઝકાત હવે વાજિબ થશે. જેથી જો કોઈએ ફેબ્રુઆરીના અંતે ઝકાતની રકમ આપવાની છે તો તેણે હમણા જાન્યુઆરી ફેબ્રુઆરીની એરિઅર્સની રકમ ઝકાતમાં જોડવાની થશે નહીં, કેમ કે તે રકમ હજી તેની માલિકીમાં જ નથી આવી.

## બોન્ડસ્ (BONDS)ની ઝકાત

મોટા ભાગની ગવર્નમેન્ટો તથા કંપનીઓ લોકો પાસેથી ઉધાર માંગે છે અને તે ઉધાર રકમને પાછા ફેરવવા માટે મુદ્દત નિશ્ચિત કરે છે અને અધિકતમ ટકા ઈન્ટરેસ્ટનુ એલાન કરે છે અને સાબિતી રૂપે ઉધાર આપનારને સર્ટિફિકેટ આપે છે તેને બોન્ડ કહે છે.

હવે પ્રશ્ન એ છે કે ઉધાર આપનારે જે સરમાયો બોન્ડસ પર લગાડયો છે તેની ઝકાત તેણે અદા કરવી પડશે કે નહીં ? અને જો અદા કરવી પડશે તો દર વરસે કે પછી બોન્ડને કેશ કરાવતી વખતે સર્વ વિતેલા વરસોની કે કેવળ જે વરસે રકમ મળી તે જ વરસની ?

બોન્ડ હકીકતમાં એક સનદ છે એ વાતની કે તે શખ્સે આટલી રકમ કંપની કે ગવર્નમેન્ટને આપી છે. જાહેર છે કે તે રકમ કરજ (ઉધાર) છે અને કરજ વિશે વારંવાર આવી ગયું છે કે તેની ઝકાત કરજ આપનાર પર વાજિબ છે, એ શરતે કે તે માલિકે નિસાબ હોય અને દરેક વરસની ઝકાત વાજિબ છે. જો કે તેની અદાયગી ચાલીસ દિરહમના જેટલી રકમ વસૂલ થઈ જતાં લાઝિમ થશે.

## પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમની ઝકાત

જેવી રીતે બેંકોમાં વિવિધ સ્કીમો હેઠળ લોકો પોતાની રકમો જમા કરે છે એ જ પ્રમાણે પોસ્ટ ઓફિસોમાં પણ વિવિધ સ્કીમો હેઠળ પૈસા જમા કરવામાં આવે છે. એ સ્કીમોનાં અલગ અલગ નામ



Web : www.barkatekhwaja.net

હોય છે. દા.ત. N.S.C., S.B.A., K.V.P., I.V.P., M.I.S. (નેશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટ, કિસાન વિકાસ પત્ર વગેરે) વગેરે.

આ ખાતાંઓમાં રૂપિયા જમા કરવાથી એક નિશ્ચિત ધોરણે મૂળ રકમ પર વધારો પણ મળે છે. હવે સવાલ એ છે કે પોસ્ટ ઓફિસોમાં જે રકમ જમા થઈ તેના પર જે વધારો મળ્યો તેની ઝકાતનો શું હુકમ છે ?

ફકીહોના ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે પોસ્ટ ઓફિસોમાં જમા કરવામાં આવનારી રકમ કર્ઝ (ઉધાર)ની હૈસિયત ધરાવે છે. જેમ કે ફિકસ ડિપોઝિટના બયાનમાં આવી ચૂકયું છે. જેથી જેવી રીતે અન્ય ઉધારવાળી રકમ પર ઝકાત વાજિબ છે તેવી જ રીતે પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમોની પણ ઝકાત જમા કરનારાઓ પર વરસો વરસ વાજિબ થશે, એ શરતે કે જમા કરનાર કોઈ રીતે સાહિબે નિસાબ થાય. અલબત્ત, તે રકમ પર વાજિબ થનારી ઝકાતને આપવું તે વખતે વાજિબ થશે જ્યારે નિસાબના પાંચમા ભાગના જેટલા પ્રમાણમાં રકમ વસૂલ થઈ જાય અને એના ઉપર મળનારા નફાનો હુકમ અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

## સિક્યુરીટી (પાઘડી)ની રકમ પર ઝકાત

મકાન વગેરે ભાડે લેવાના સંજોગોમાં ભાડુઆત મકાન માલિકને ભાડાની નક્કી થયેલ રકમ ઉપરાંત એક મોટી રકમ ઝમાનત, ડિપોઝિટ, સિક્યુરીટી (પાઘડી)ના નામ પર અદા કરે છે, તે રકમને ભાડુઆત ત્યારે પાછી લઈ શકે છે જ્યારે મકાન ખાલી કરી આપે અથવા ભાડુઆતપણાનો મામલો ખત્મ થઈ જાય. એ દરમિયાનમાં લેવાનો અધિકાર ભાડુઆતને નથી રહેતો, અલબત્ત રકમ જેટલી આપી રાખે તે પૂરી પાછી મળી જાય છે. હવે સવાલ એ છે કે એ રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ છે કે મકાન માલિક પર જેના કબજામાં તે રકમ છે ?

એના બારામાં તેહકીક એ છે કે સિક્યુરીટીની રકમ અસલમાં એક કરજ (ઉધાર) છે જે ભાડુઆત મકાન માલિકને આપે છે અને કરજની રકમના બારામાં એ વાત નિશ્ચિત છે કે તેની ઝકાત મૂળ માલિક પર જ વાજિબ છે, જેથી અહીં પણ સિક્યુરીટીમાં આપેલી રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ થશે એ શરતે કે સાહિબે નિસાબ હોય.

અલ્લામા હસ્કફી رضی اللہ عنہ લખે છે :–

**تجب زکاتها اذاتم نصابا وحال الحول** તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ સુધી પહોંચી જાય અને વરસ વહી જાય.''

*(દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)*

## મજલિસે શરઈનો ફેંસલો

સીકયુરીટીની રકમને અમુક મુફતી સાહેબોએ ગીરો માનેલ છે અને અમુકે એક એતબારથી કરજ માનેલ છે અને બીજા એતબારથી ગીરો લખેલી છે. જ્યારે આ મસ્અલો મજલિસે શરઈ મુબારકપુરના સેમીનારમાં ચર્ચા હેઠળ આવ્યો તો આ સર્વ રજુઆતો સામે રાખીને ઉલમાએ કિરામની એક જમાઅતે એ રકમને કેવળ કરજ સ્વીકાર કર્યું. આ અજ્ઞાની (મૂળ લેખક)એ પણ પોતાના મકાલા (લખાણ)માં કેવળ કરજને માન્ય ઠરાવ્યું. હવે બિહમ્દિહી તઆલા સેમીનારમાં એક લાંબી ચર્ચાને અંતે સર્વ સંમતિથી એ નક્કી થયું કે : ''ઝમાનતનું ઝર (રકમ) કેવળ કરજ છે અને ઝમાતનુ ઝર આપનાર પર તેની ઝકાત વાજિબ છે જેની અદાયગી કબજામાં આવ્યા બાદ તમામ પાછલા વરસોની વાજિબ થશે અને દર વરસે અદા કરી આપે તો મુનાસિબ છે.''

*(અકસે તયા શુદા ઉમૂર, પેજ–૪)*

## ડેરી ફાર્મ (ડેરી ઉદ્યોગ)ની ઝકાતનુ વર્ણન

વેપારના વિવિધ તરીકાઓમાંથી એક તરીકો એ

www.barkatekhwaja.net

પણ છે કે ભેંસોની ઘણી બધી સંખ્યા ભેગી કરી લેવામાં આવે છે અને તેમાંથી દૂધ કાઢીને સપ્લાય કરવામાં આવે છે. તે ભેંસોની સંખ્યા કેટલીકવાર ૫૦, ૧૦૦ સુધી રહે છે. આ વેપારના તરીકાને ડેરી ઉદ્યોગ કહે છે. હવે સવાલ એ છે કે એ જાનવરો પર ઝકાત છે કે કોઈ અન્ય તરીકાથી ઝકાત કાઢવાની રહેશે?

આ મસ્અલાની તેહકીક એ છે કે જે ભેંસો દૂધ પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવે છે તે ધંધા તથા કારીગરીના ઓજારની જેમ છે કે જેવી રીતે કારખાનામાં મશીનો વગેરે પર ઝકાત નથી ભલે તેની ગમે તેટલી કિંમત કેમ ન હોય. એવી જ રીતે એ ભેંસો ઉપર પણ ઝકાત વાજિબ નથી. અલબત્ત એમનાથી મેળવેલા દૂધની આવક પર નિસાબ હોવાની શરતે ઝકાત વાજિબ થશે અને જો કોઈ ભેંસનુ ખરીદ વેચાણ કરીને તેની કિંમત ઉભી કરી લેવામાં આવી તો એ કિંમત જરૂર ઝકાતના માલની ગણત્રીમાં આવશે અને તેની ઝકાત વાજિબ થશે. (બહરૂલ ઉલૂમ આઝમી સાહબ કિબ્લાના પત્રનો સારાંશ)

## પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)ની ઝકાત

ડેરી ઉદ્યોગની જેમ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)નો કારોબાર પણ ખૂબ જ વ્યાપક ચાલે છે. એમાં એવું હોય છે કે મરઘાં, મરઘીઓ, ઈંડાઓ અને નાનાં બચ્ચાંનુ ખરીદ વેચાણ થાય છે તેની ઝકાત કઈ રીતે આપવામાં આવે ?

આ મસ્અલામાં જે વાતો તેહકીકને અંતે સામે આવી છે તે આ પ્રમાણે છે કે એ સર્વ ચીજો વેપારનો સામાન છે અને ઉઘાડી વાત છે કે વેપારનો સામાન એ શરતે કે નિસાબ સુધી પહોંચે અને કરજ વગેરેથી ખાલી હોય (એટલે કરજ બાદ કર્યા બાદ નિસાબ સુધી પહોંચે) તો તેમાં ઝકાત વાજિબ છે.

જેમ કે હુઝૂર સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ ફર્માવે છે :

"સોના ચાંદી સિવાય વેપારની કોઈ ચીજ હોય જેની કિંમત સોના ચાંદીના નિસાબ સુધી પહોંચે તો તેના પર પણ ઝકાત વાજિબ છે."

*(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૩૬)*

એટલા માટે વરસ પસાર થયા બાદ ઈંડાં, મરઘાં, મરઘીઓ તથા નાનાં બચ્ચાંની કિંમત પર ઝકાતની અદાયગી વાજિબ છે.

## LIC માં જમા રકમ પર ઝકાત

બેંકોની વિવિધ સ્કીમોમાં એક સ્કીમ જીવન વીમા (Life Insurance Corporation) ની છે એમાં હપ્તાવાર રકમ જમા કરવાની હોય છે. હવે જે રકમ જમા કરવામાં આવી છે તો શું એના ઉપર પણ ઝકાત વાજિબ છે ?

આગળ એનું વર્ણન આવી ચૂકયું છે કે કરજ (ઉધાર) આપેલી રકમ પર ઝકાત વાજિબ છે અને એ વાત તેહકીક પામેલી છે કે બેંકોમાં જમા કરવામાં આવતી રકમ કરજની હૈસિયત ધરાવે છે જેથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે LIC (જીવન વીમા)માં જમા થયેલી રકમ પર ઝકાત વાજિબ છે એ શરતે કે જમા કરનાર માલિકે નિસાબ હોય.

## મજલિસે શરઈનો ફૈંસલો

જીવન વીમા (LIC) માં જમા થયેલી રકમની ઝકાતના વિશે જામિઆ અશરફિયા મુબારકપુરની મજલિસે શરઈનો ફૈસલો આ પ્રમાણે બહાર પડયો છે :

"મૂળ જમા થયેલ રકમની ઝકાત દર વરસે વાજિબ છે પણ અદાયગી તે રકમ હાથમાં આવે ત્યારે વાજિબ છે અને અધિક માલ પ્રાપ્ત થયા બાદ અસલ નિસાબ સાથે જોડાઈ જશે જેથી તેની ઝકાત નિસાબનુ વરસ પસાર થતાં વાજિબ છે." *(સહીફએ ફિક્હે ઈસ્લામી, પેજ–૩૨, મુબારકપુર)*

**અઝ** : *મુફતી અખ્તરહુસૈન કાદરી–જમદાશાહી*



Web : www.barkatekhwaja.net

# મુસ્લિમ કોલેજ, સ્કૂલ તથા હોસ્પિટલવાળાને

## ઝકાત ફંડમાં રકમ આપવી નાજાઈઝ !

**સવાલ ૧ :** શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે, એક વર્તમાનપત્રમાં ''અલ અમીન લોકહિત ચેરીટેબલ ટ્રસ્ટ'' દ્વારા ઝકાતની રકમની ઉઘરાણી માટે દર રમઝાનમાં જાહેરાત થાય છે જેઓ સમાજમાં ડોક્ટર, એન્જીનિયર, સી.એ.,આઈ.ટી. એક્સપર્ટ અને નર્સીગ કોર્સ વગેરે અભ્યાસ કરતા સુન્ની, વહાબી કોઈપણ ફિર્કાના વિદ્યાર્થીઓને તે ઝકાતમાંથી સહાય કરે છે. અમુક સુન્ની માસિકોએ પણ એમની જાહેરાતને છાપી છે.

હવે પ્રશ્ન એ છે કે :–

**અ.** શું આ રીતે સ્કૂલ, કોલેજના મોડર્ન એજ્યુકેશન ભણતા વિદ્યાર્થીઓને આ ઝકાતની રકમ આપતી આ સંસ્થાને ઝકાત આપી શકાય ?

**બ.** વિના ભેદભાવે સુન્ની, દેવબંદી ગમે તે ફિર્કાના સ્ટુડન્ટને એ ઝકાતમાંથી સહાય થાય છે તો શું એ રીતે ઝકાત આપનારની ઝકાત અદા થશે ?

**ક.** જે સુન્ની માસિકોએ આ જાહેરાત કરી પોતાના માસિકોમાં એમના વિશે શું હુકમ છે ?

**ડ.** જો ઝકાતમાંથી સુન્ની વિદ્યાર્થીઓને સહાય કરવી હોય તો એનો માર્ગ શું છે ?

**ચ.** સાથોસાથ એ પણ જણાવશો કે સ્કૂલ, કોલેજો, હોસ્પિટલોના બાંધકામમાં કે અન્ય ઉદ્યોગોમાં ઝકાત આપી શકાય ? ઝકાત કયા કામમાં આપી શકાય તે ખુલાસો કરશો.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ **(જવાબ ૧)**

**અ.** એવા ટ્રસ્ટમાં ઝકાત આપવી **નાજાઈઝ** છે. જેમ કે *'મજલિસે શરઈ મુબારકપુર'*ના સેમીનારમાં આ મસ્અલો ચર્ચા હેઠળ રાખવામાં આવ્યો કે, **'મુસ્લિમ કોલેજ તથા સ્કૂલના માટે ઝકાત તથા વાજિબ સદક઼ો વસૂલ કરવો અને હીલએ શરઈ બાદ કોલેજ તથા સ્કૂલના ખર્ચામાં વાપરવો જાઈઝ છે કે નહીં'** આ મસ્અલાનો ફૈંસલો આ પ્રમાણે આવ્યો : ''મન્દૂબીન'' (મજલિસમાં હાજર મુફતીઓ)ની એકમતિએ રાય એ છે કે જાઈઝ નથી, કેમ કે ઝકાત તથા વાજિબ સદક઼ાના ખર્ચની જગાઓ નિશ્ચિત છે. તેમાં જ એનું ખર્ચાવું વાજિબ છે. અન્ય જગાએ ખર્ચ કરવા માટે હીલએ શરઈનું જાઈઝ હોવું દીની શરઈ જરૂરતના કારણે છે. ઈસ્લામી મદ્રસા જેઓ કેવળ દીની તા'લીમ અને દીનની સલામતીના માટે સ્થાપિત થયેલા છે. તે દીનની જરૂરતના હેઠળ છે તેની સલામતી માટે શરઈ હીલાએ શરઈ જાઈઝ હોવું છે, પણ આ હૈષિયત એ કોલેજો તથા સ્કૂલોને હાંસલ નથી જેમાં કોઈ વિષય દીનીયાતનો રાખી દેવામાં આવે છે કે એ પણ નથી હોતો. અને તેમનો મૂળ હેતુ દુનિયવી તા'લીમને ઉત્તેજન આપવું હોય છે જેથી એમના માટે ઝકાત તથા વાજિબ સદક઼ાની રકમોને હાંસલ કરવું તથા તેમના માટે હીલો કરવું પણ જાઈઝ નથી. *(મજલિસે શરઈ કે ફૈસલે, ફૈસલા નં. ૩૪)*

જ્યારે મુસ્લિમ કોલેજ તથા સ્કૂલો માટે આ હુકમ છે તો આમ કોલેજ તથા સ્કૂલ માટે તો કદાપિ કદાપિ એની ઈજાઝત ન થશે.

**બ.** જે એવા ટ્રસ્ટમાં ઝકાત આપશે તેની **ઝકાત અદા થશે નહીં.**

**ક.** જે સુન્ની મંથલીવાળાએ એની જાહેરાત કરી તેમના પર લાઝિમ છે કે તે પોતાના મંથલીમાં એનાથી બરાઅત (અલગ હોવાનું)નું એલાન બહાર પાડે.

Web : www.barkatekhwaja.net

**ડ.** જો કોઈ સુન્ની સ્ટુડન્ટ શરઈ ફકીર (ઝકાતનો હક્કદાર) હોય તો તેને ઝકાત આપી શકાય છે.

**ચ.** આ સવાલનો જવાબ સવાલ નં. ૧માં રજૂ કરેલ ફેંસલામાં મૌજૂદ છે. અને અલ્લાહ બેહતર ઈલ્મવાળો છે.

**લખનાર : *મુફ્તી સાબિર નજમી મિસ્બાહી***

*(સદર દારુલ કઝા વ દારુલ ઈફતા :*

*દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*અહીંથી મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત મુફતી*
**મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર ફત્વા વિભાગ તથા પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા–મુબારકપુર)*ના સવાલો જવાબ છે.

**સવાલ ૨** : મેડિકલ, દુનિયવી શિક્ષણ, હાઉસિંગના માટે જાહેરાત કરીને શું ઝકાત ફંડ વસૂલ કરી શકાય છે ? માગનારાએ મેડિકલ, દુનિયવી એજ્યુકેશન અથવા હાઉસિંગ (મકાનો બાંધવો) માટે ઝકાત માગી છે. ઝકાત આપનાર આ રીતે આ કામો માટે ઝકાત આપી શકે છે ? એનામાંથી કોઈ કામના માટે ખાસ કરીને ઝકાત વસૂલી શકાય છે ? અને આપનાર શું એ જ ખાસ કામની શર્ત પર આપી શકે છે ?

**જવાબ ૨** : મેડિકલ તથા દુનિયવી એજ્યુકેશન તથા હાઉસિંગના માટે **ખૂદ (ડાયરેકટ) ઝકાતના હક્કદાર તથા મિસ્કીનો (ગરીબો)ને** ઝકાત આપી શકે છે. ત્યાર બાદ તેમને ઈખ્તિયાર છે કે તે પોતાની જે જરૂરતમાં ચાહે ખર્ચ કરે. અને **"ઝકાત ફંડ" સ્થાપીને એ હેતુઓ માટે ઝકાત વસૂલ કરવી જાઈઝ નથી.** કેમ કે કુર્આન તથા હદીષમાં ઝકાતના જે હક્કદારો વર્ણન કરવામાં આવ્યા છે તેઓ એમનામાંથી નથી. આપણા ઉલમાએ હવે ઝકાત તથા વાજિબ સદકાઓનું બયતુલમાલ સ્થાપવાથી પણ મના કરી આપેલ છે. જેમ કે મજલિસે શરઈ જામિઆ અશરફિયાના ફિકહી સેમીનારમાં આ પ્રમાણે ફેંસલો થઈ ચૂક્યો છે : "ઝકાત કુલ ૨.૫ % નીકળે છે જ્યારે કે માલિકની પાસે કુલ ૯૭.૫ % બાકી સલામત છે. **માલદારો તથા મુસ્લિમ લીડરોએ જોઈએ કે પોતાની ૯૭.૫ % માંથી યોગ્ય હિસ્સો ઉપરોક્ત કામો માટે ખાસ કરી આપે,** જો એવું થઈ ગયું તો મુસ્લિમ કૌમને ઘણી બધી કૌમી, સામાજિક તથા અંગત સમસ્યાઓ હલ થઈ શકે છે." અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ ૩** : દવા લેવા માટે આવનાર જરૂરતમંદ કહે કે હું ઝકાતનો મુસ્તહિક (લેવાને પાત્ર) છું, તો શું તેની વાત પર યકીન કરીને તેને હક્કદાર માની લેવામાં આવશે ?

**જવાબ ૩** : ઝકાત આપનાર દિલમાં સારી રીતે વિચારે, જો એનું દિલ એના પર જામે કે તે સાચો છે તો તેને ઝકાતનો હક્કદાર માનીને ઝકાત આપી શકે છે.

આલમગીરી વગેરેમાં છે :–

જેણે તહરી કરી એટલે કે વિચાર્યું અને દિલમાં એ વાત જામી કે એને ઝકાત આપી શકે છે અને ઝકાત આપી દીધી, બાદમાં જાહેર થયું કે તે ઝકાતનો હક્કદાર છે અથવા કાંઈ હાલ ન ખુલ્યો, તો ઝકાત અદા થઈ. અને જો બાદમાં જાણવા મળ્યું કે તે માલદાર હતો અથવા પોતાની ઔલાદ હતી અથવા પતિ હતો, તો પણ અદા થઈ ગઈ.

અને એ પણ તહરીના હુકમમાં છે કે એણે સવાલ કર્યો અને આણે તેને માલદાર ન જાણીને આપી દીધું, અથવા તે ફકીરોની (ગરીબોની) ટોળીમાં તેમના જેવા દેખાવમાં હતો તેને આપી દીધું. (તો પણ ઝકાત અદા થઈ ગઈ.) આલમગીરી, દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર.

*(બહારે શરીઅત, ૫/૬૪, મઆરિફ)*

અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ ૪** : દવા, ગોળીઓ, દવાની બોટલ

Web. www.barkatekhwaja.net

વગેરે તો દવા લેવા આવનારના હાથમાં આપવામાં આવે છે, પરંતુ ડોકટરની ફી તથા હોસ્પિટલનું બિલ ડોકટરને અથવા હોસ્પિટલમાં આપી દેવામાં આવે છે. તો શું આ રીતે ઝકાત અદા થઈ જશે ? જો નથી થતી, તો અદા કરવાની શું સ્થિતિ છે ?

**જવાબ ૪** : ઝકાત અદા થવા માટે એ જરૂરી છે કે **ગરીબને ઝકાતનો માલ આપીને તેને માલિક બનાવી આપે,** એટલે કે ઝકાતના માલ પર મુસ્લિમ ફક઼ીર (ગરીબ)નો કબજો થવો જરૂરી છે અને જ્યારે ડોકટરની ફી ડોકટરને આપે છે અને હોસ્પિટલનો ખર્ચ હોસ્પિટલમાં જમા કરે છે તો આ ફી તથા ખર્ચવાળા રૂપિયા પર ફક઼ીરનો કબજો ન થયો, ન તો તેને એ રૂપિયાનો માલિક બનાવવામાં આવ્યો, એટલા માટે તે ઝકાત અદા ન થઈ. એનો હલ એ છે કે એ રૂપિયા બીમારને આપી દે અને કહી આપે કે તમે એના માલિક છો, જ્યારે તે એના પર કબજો કરી લે, પછી તેની પાસેથી લઈને ફી આપી દે અને (હોસ્પિટલમાં) ખર્ચો જમા કરી આપે, એ બેહતર છે. અને એ પણ જાઈઝ છે કે કોઈ ફક઼ીર (ગરીબ) ઝકાતના હક્ક઼દાર થકી આવી રકમનો શરઈ હીલો કરાવી લે, પછી એમાંથી કાંઈક એ ફકીરને આપે અને બાકીનામાંથી જેટલું બીમાર માટે ખર્ચવું હોય કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ ૫** : ઝકાતના હક્ક઼દાર બાલિગ છોકરા તથા છોકરીઓને દુનિયવી તા'લીમના માટે ઝકાત ફંડમાંથી યુનિફોર્મ, સ્કૂલનાં પુસ્તકો, નોટબુકો વગેરે સ્કૂલમાં જરૂરી ચીજો તેમના હાથમાં આપવામાં આવે છે. તો આ રીતે શું ઝકાત અદા થઈ જશે ?

**જવાબ ૫** : બાલિગ તથા આક઼િલ છોકરા છોકરીઓને જો યુનિફોર્મ તથા કિતાબો તથા નોટબુક તથા પેન પેન્સિલ વગેરેના માલિક બનાવીને કબજો આપી દેવામાં આવે તો ઝકાત અદા થઈ જશે, કેમ કે ઝકાતની અદાયગીના માટે તમ્લીક (માલિક બનાવવું) તથા કબજો જરૂરી છે જે અહીં મુતહક્ક઼ક઼ (ઉપસ્થિત, જોવા મળે) છે, પરંતુ બેહતર એ છે કે એમને રૂપિયાના જ માલિક બનાવીને કબજો આપવામાં આવે, પછી તેમને કહે કે તેઓ આ રૂપિયા પોતાની શૈક્ષણિક ચીજોના માટે વાપરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ ૬** : સ્કૂલની ફી, ટયૂશન ફી વિદ્યાર્થીઓના હાથમાં આપવાને બદલે સ્કૂલ અથવા ટયૂશન આપનારાઓને ઝકાત ફંડમાંથી શું ચેક કે રોકડમાં આપી શકાય છે ?

**જવાબ ૬** : સ્કૂલ તથા ટયૂશન માસ્તર અથવા ટીચરને **ઝકાત ફંડથી ચેક આપવો જાઈઝ નથી.** કેમ કે ઝકાતના હક્કદાર ફક઼ીરો (ગરીબો) તથા મિસ્કીનો છે અને સ્કૂલ માસ્તર તથા ટીચરની ફી તથા મજદૂરી ઝકાતના હક્ક઼દારો (પાત્રો)માંથી નથી, અને ન તો એ લોકો પગારદાર હોવાની હૈસિયતથી ઝકાતના હક્ક઼દાર છે, એટલા માટે જવાબ નં. ૫ના હલ પ્રમાણે અમલ કરી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ ૭** : નાબાલિગ છોકરા છોકરીઓને દુનિયવી એજ્યુકેશનના માટે ઝકાત ફંડમાંથી ઈમદાદ કરવાની કઈ સ્થિતિ છે જેનાથી ઝકાત અદા થઈ જાય ?

**જવાબ ૭** : **કોઈ સ્થિતિ નથી**, દીની મદરસાઓમાં ખર્ચ કરવાના માટે ઝકાતની રકમનો શરઈ હીલો એટલા માટે કરવામાં આવે છે કે આજના જમાનામાં તેના વિના દીની ઈલ્મોની હિફાઝત નથી થઈ શકતી અને ઈલ્મે દીનની પ્રાપ્તિ પોતે જ એક ઈબાદત, કુર્બત તથા સવાબનું કાર્ય છે, પણ **કોલેજ તથા તેનું એજ્યુકેશન આ બંનેવથી ખાલી છે.** એટલા માટે નાબાલિગ છોકરા છોકરીઓની મદદ દુનિયવી શિક્ષણના માટે કેવળ તોહફાઓ વડે કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

web.www.barkatekhwaja.net

# શબે કદ્રની ઈબાદતો

કાર્યાલય

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરથી રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

❒ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **"સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર"** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

❒ **૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

❒ **૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

❒ **૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાષુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

❒ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

❒ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

❒ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :— **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**



www.barkatekhwaja.net

# દોસ્તી તથા સગાઈ

## રાખવામાં ખુદા વ રસૂલની નાફર્માનીથી બચો !

અઝ
પરેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

*પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! કેટલાક સમય પહેલાં આ લેખ બદ્‌મઝહબોથી દોસ્તી–સગાઈથી રોકવા આપણા માસિકમાં છપાયો હતો. હાલની પરિસ્થિતિ પણ એના જેવી બલ્કે એનાથી બદ્‌તર છે, જેથી સુન્ની અવામની હિદાયત માટે આ લેખ ફરીથી રજૂ કરીએ છીએ. એ ઉમ્મીદ સાથે કે અમુક તો એના પરથી હિદાયત મેળવશે. જો તમો કૃબ્ર, કૃયામતના હિસાબ પર ઈમાન ધરાવો છો, રબની બારગાહમાં ખડા થવાનો તમને ડર હોય તો કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોથી ભરપુર આ લેખને ગંભીરતાથી વાંચો અને હિદાયત મેળવો.* وَمَا تَوْفِيْقِيْٓ اِلَّا بِاللّٰهِ

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મારા પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! હું અતિશય ગંભીરતાથી દીની લાગણીપૂર્વક આજે અમુક એવી આપણામાં ઘર કરી ગયેલી ખરાબીઓ પ્રતિ તમારું ધ્યાન દોરવા માંગું છું કે જે હવે એકદમ સામાન્ય થતી જઈ રહી છે, બલ્કે એવું જણાય છે કે જાણે તેને કોઈ ખરાબી જ સમજતું નથી અથવા એની ગંભીરતાને સમજતું નથી, જ્યારે કે એ ખરાબીઓ એવી છે કે જે રીતે લાકડાને ઉધઈ ખાય જાય છે અને ખબર પણ પડતી નથી તેમ સુન્નિયતને કોરી રહી છે, અને અંદરો અંદર દિન પ્રતિ દિન સુન્નિયત કમજોર થતી જઈ રહી છે.

### ખુશી ગમીના પ્રસંગે બદ્‌અકીદા સગાં મિત્રોને દા'વત !

જેમ કે હાલમાં જ એક સાહબે મને શાદીમાં દા'વત આપી હતી. બંને પક્ષ સુન્ની હતા અને શાદી પણ સાદી હતી ! જેથી મેં હાજરી આપી, તેમની મુલાકાત થઈ તો સલામ, ખૈર ખૈરિયત બાદ તેમણે કહ્યું કે પેલી તરફ તમે ચાલ્યા જાવ, ત્યાં આપણુ સુન્ની ગ્રૂપ બેઠેલું છે ! સારાંશ કે નિમંત્રિત મહેમાનોમાં સુન્ની વહાબી સૌનો શંભુમેળો હતો. આ બધું શા માટે ? શા માટે વહાબી, દેવબંદી વગેરે બદ્‌અકીદાને મહેમાન બનાવી ઈજ્જત આપવામાં આવે છે ?! જ્યારે તમે એમના અકીદાઓથી વાકેફ છો કે એઓના અકીદા એવા છે કે જેના કારણે એમના પર કુફ્રનો હુકમ છે, હુઝૂરે અકરમ ﷺની ગુસ્તાખીભર્યા લખાણો લખવાના કારણે એમના મોલ્વીઓને વર્ષો થયાં હરમૈન શરીફૈન (મક્કા–મદીના) તથા દુનિયાભરના ઉલમાએ કાફિર મુર્તદ જાહેર કર્યા છે જેઓ તૌબા કર્યા વિના મરી ગયા. *(હવાલો : હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયા)* તેમને એઓ પેશ્વા જાણે છે ! એમની મસ્જિદો અલગ છે, તેમના મદરસા અલગ છે, તેઓ પોતાને અલગ કરી ચૂક્યા છે છતાં તમે તેમને ખુશી ખુશી નિમંત્રો છો ! વળી કોઈ સુન્ની મૃત્યુ પામે તો ફોન કરી સૌ સગાંને ખબર કરવામાં આવે છે તો એમાં પણ અચૂક વહાબી દેવબંદીને બોલાવવામાં આવે છે ! કે જેઓ ન ફાતેહા, ન દુરૂદ, કેવળ તમાશો જોવા જાણે આવે છે. દુઆ માટે હાથ ઉઠાવતાં તેમના હાથો વજનદાર થઈ જાય છે ! તો શા માટે એવા મનહૂસ લોકોને બોલાવો છો ! જેઓ મૈયત સામે કે કબર પર

હાથ ઉઠાવી મરનાર માટે મગફેરતની દુઆ માંગવા પણ તૈયાર નથી ! અને એઓ દુઆ માંગે તોય શું ફાયદો !

શાદી તથા મૈયત આ બે પ્રસંગો એવા છે કે જેમાં સગાં વહાલાંને અવશ્ય નોંતરવામાં આવે છે. તો તમે કેવા મુસલમાન છો કે જેઓ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના દુશ્મન સાબિત થઈ ચૂક્યા તે તમને હજી વહાલા છે ?! જો તમે ખરેખર કુર્આન પર ઈમાન ધરાવો છો તો હું તમારી ઈમાની ગૈરતને લલકારું છું કે શું તમે આ કુર્આની આયતનો હુકમ નહીં માનો ?! સાંભળો :–

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَ اَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ ؕ وَ يُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ ؕ اُولٰٓئِكَ حِزْبُ اللّٰهِ ؕ اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ ﴿۲۲﴾

**અર્થાત** : "જેઓ અલ્લાહ અને કયામત પર ઈમાન લાવે છે તું નહીં જોઈશ કે તેમના દિલોમાં એવાઓની મહોબ્બત આવવા પામે જેઓએ ખુદા તઆલા તથા રસૂલ ﷺની મુખાલિફત કરી, **ભલે તે તેમના બાપ અથવા બેટા અથવા ભાઈ કે પ્રિયજન કેમ ન હોય !** આ છે તે લોકો જેમના દિલોમાં **અલ્લાહે ઈમાન કોતરી દીધું,** અને પોતાના તરફની રૂહથી તેમની મદદ કરી, અને તેમને બગીચાઓમાં લઈ જશે, જેમની નીચે નહેરો વહી રહી છે. તેમાં હમેશાં રહેશે, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી, એ જ લોકો અલ્લાહવાળા છે, સાંભળે છે ! અલ્લાહવાળા જ ધ્યેયને વર્યા."

*(સૂ. મુજાદિલહ, આ. ૨૨)*

સ્પષ્ટ થયું કે જે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ગુસ્તાખોથી 'દોસ્તી' રાખશે તથા 'મહોબ્બત' રાખશે તો તે ઈમાનવાળો નથી ! એવું કોણ ફર્માવે છે ? ખૂદ રબ્બે કરીમ ફર્માવે છે. હજી આગળ સાંભળો ! :–

وَ مَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۵۱﴾

**અર્થ** : "જે તમારામાંથી તેમની સાથે મિત્રતા કેળવશે તો બેશક ! તે તેમનામાંથી જ છે. બેશક ! અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો."

*(સૂરએ માઈદહ, આ. ૫૧)*

**જે તેમની સાથે દોસ્તી ધરાવશે તે પણ તેમનામાંનો જ છે, તેમની જેમ જ કાફિર છે, તેમના સાથે એક દોરડામાં બાંધવામાં આવશે.** *(તમ્હીદે ઈમાન બ આયાતે કુર્આન)* વધુ માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ 'તમ્હીદે ઈમાન' વાંચી જશો.

સારાંશ કે અહીં આપણા ઈમાનની કસૌટી જ થઈ રહી છે જેનું રિઝલ્ટ તો કુર્આનની જ રોશનીમાં ઉપરોક્ત આયતો દર્શાવી રહી છે. કેટલાક એવું કહે છે કે અમે તેમની સાથે દિલથી સંબંધ નથી રાખતા પણ પહેલાંથી સગાઈ છે તે છૂટતી નથી ! તો એ લોકો કેવળ એટલું વિચારે કે **જો એમને સગા ભાઈ સાથે કોઈ બાબતે લડાઈ થઈ જાય, મિલ્કત બાબતે કે અન્ય બાબતે તો તેની સાથે સંબંધ કટ થઈ જાય છે, શાદી ગમીમાં તેનાથી સંબંધ નથી રહેતો! લોકો સમજાવે તોય એક ન થાય !** જયારે કે આવી બાબતે તો ઈસ્લામમાં માફી આપનારને મહાન દર્શાવ્યો છે અને સંબંધ સુધારવાનો હુકમ છે. તેને બદલે તમારું આવું વલણ છે ! તો તમારું એ કેવું ઈમાન છે કે **તમારા પોતાના ગુસ્તાખને તમે માફ ન કરો અને ખુદા વ રસૂલ** عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ**ના ગુસ્તાખો તમારા સગાં વહાલાં હોય !**



Web : www.barkatekhwaja.net

વળી માની લીધું કે દિલથી મહોબ્બત વિના તમે બદ્‌મઝહબ સગાંને ભલે મરઘીઓ ઘરે નિમંત્રી ખવડાવો છો ! પણ એ સગાઈ સંબંધ ચાલુ રહેશે તો શું તમારી ઔલાદના ઈમાનનો ખતરો નથી ? તો તમે તમારી ઔલાદને શા માટે જહન્નમના કિનારા પર મૂકીને જઈ રહ્યા છો ?!

## સુન્નિયતની જડમાં સતત પડતો કારમો ઘા!

ચાલો ! માની લીધું કે તમે બદ્‌મઝહબોથી દિલથી નફરત છતાં સંબંધ રાખો છો ! પણ અમે જોઈ રહ્યા છીએ કે વરસભર થતી સુન્નીઓની શાદીઓમાં કમસે કમ ૨૫ થી ૩૦ % ઉપર બલ્કે એથીયે વધારે શાદીઓ વહાબી, દેવબંદી સાથે થઈ રહી છે ! અને U.K., U.S.A. વગેરેમાં જવાની લાલચે તો કાંઈ જોયા વિના બદ્‌મઝહબો સાથે શાદીઓ થતી રહે છે ! છોકરા છોકરીનું રૂપ જોવામાં આવે છે, માલદારી જોવામાં આવે છે, ઘર જોવામાં આવે છે..... બધું જ જોવામાં આવે છે પણ અફસોસ ! કે નથી જોવામાં આવતી તો ખાસ જોવા જેવી એક ચીજ છે અને તે છે ધર્મ ! દીન અક઼ીદો જોવામાં નથી આવતો ! આ છે આપણા કહેવાતા સુન્ની ભાઈઓ ! અને **જેઓ આવું કરે છે કે વહાબી દેવબંદી સાથે શાદી નક્કી કરી રહ્યા છે તેઓ જાણી લે કે તેઓ સુન્નિયતના મૂળમાં કારમો ઘા મારી રહ્યા છે** જેના લીધે સુન્નિયત ક્રમે ક્રમે તૂટી રહી છે અને એમાં એમનો હિસ્સો છે જેના માટે **રબની બારગાહમાં તેમની સખત પકડ થશે** અને ત્યાં તેમને બચાવનાર કોઈ જ નહીં હોય ! કારણ કે ખૂદ નબી પાક ﷺના ગુસ્તાખો સાથે જ તો તેઓ સગાઈ કરી રહ્યા છે ! તો હવે કયા મોઢે હુઝૂર ﷺની શફાઅતની આશા રાખી શકે !

હવે મારો પ્રશ્ન એ છે કે શું આ **દેવબંદી વહાબીને તમે સગો, જમાઈ કે બનેવી વગેરે બનાવી રહ્યા છો તો તેને દુશ્મન સમજીને બનાવી રહ્યા છો ?!** અથવા તેમની છોકરીને લાવી રહ્યા છો તો **દિલથી નફરત છતાં લાવી રહ્યા છો !** આ તો રોજ નવા નવા સંબંધો વહાબીઓ સાથે જાણવા છતાં થઈ રહ્યા છે **તો હવે શું બહાનુ છે તમારી પાસે ?!** અને નિકાહ પઢાવનારા આવો માહોલ જાણવા છતાં તેહક઼ીક઼ વિના પઢાવી દે છે ! તઓ પણ નહીં છૂટે !

વળી કેટલાક કહે છે કે **છોકરી લાવવામાં વાંધો નથી ! આપણે ત્યાં લાવીને સુન્ની બનાવી દઈશું !** અમારું કહેવું એ છે કે **શરીઅતમાં એની ઈજાઝત છે જ નથી કેમ કે કુફ્રી અક઼ીદાવાળા સાથે નિકાહ થશે જ નહીં !** અને આ દિશામાં તમારો ક઼દમ કે બદ્‌મઝહબ સાથે સગાઈ જોડવી **એ જ પ્રથમ તમારા ઈમાનની કમજોરીની શરૂઆત થઈ,** અને આવા સંબંધો કરનારા આગળ જતાં ઢીલા ઢસ બની નામના સુન્ની રહી જતા હોય છે. અને માનો કે કોઈ બચી પણ જાય છતાં છોકરી લાવવી પણ જાઈઝ નથી એ બાબતે નીચેનો ફત્વો વાંચી લો :

એક પ્રશ્નના જવાબમાં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ કાફિરોના પ્રકારો વર્તન કરતાં છેલ્લે લખે છે કે,

"મુર્તદ મુનાફિક઼ તે કે જે ઈસ્લામનો કલમો હાલમાં પણ પઢે છે, પોતે પોતાની જાતને મુસલમાન કહે છે અને છતાં અલ્લાહ ﷻ અથવા રસૂલુલ્લાહ ﷺ અથવા કોઈ નબીની તૌહીન કરે અથવા જરૂરિયાતે દીનમાંથી કોઈ ચીજના મુન્કિર છે જેમ કે વર્તમાન સમયના **વહાબી, રાફઝી, ક઼દયાની, નેચરી, ચકડાલવી, જૂઠા સૂફીઓ કે જેઓ શરીઅતની મઝાક ઉડાવે છે,** તેમનો હુકમ એ છે કે તેઓ દુનિયામાં સૌથી બદતર મુર્તદ છે, તેમનો નિકાહ કોઈ મુસ્લિમ, કાફિર, મુર્તદ તેના હમ મઝહબ, મતલબ કે ઈન્સાન, હયવાન કોઈની સાથે નથી થઈ

Web.: www.barkatekhwaja.net

શકતો ! **જેની સાથે થશે તે કેવળ ઝિના (વ્યભિચાર) થશે** (ભલે) મુર્તદ સ્ત્રી હોય કે પુરૂષ. મુર્તદો (દીનથી ફરી જનારાઓ)માં સૌથી બદતર મુર્તદ મુનાફિક્ છે. આ તે જ છે કે **જેની સોહબત હજાર કાફિરોની સોહબતથી અધિક નુકસાનકારક છે** કેમ કે તેઓ મુસલમાન બનીને કુફ્ર શીખવાડે છે. ખાસ કરીને વહાબીઓ, દેવબંદીઓ કે પોતે પોતાને ખાસ અહલે સુન્નત કહે છે, હનફી બને છે, ચિશ્તી નકશબંદી (પણ) બને છે, નમાઝ, રોઝા આપણી જેમ કરે છે, આપણી કિતાબો પઢે પઢાવે છે અને અલ્લાહ વ રસૂલને ગાળો આપે છે. એ સૌથી બદતર કાતિલ ઝહેર છે. હોશિયાર ! ખબરદાર ! મુસલમાનો તમારો દીન બચાવો !

*(ફતાવાએ રિઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૫૫)*

વળી કેટલાક કહે છે કે, "એ લોકોને એવું કાંઈ નથી ! સુન્ની વહાબી જેવું કાંઈ નથી ! એ તો અજમેર શરીફ પણ જાય છે....વગેરે. તો ભાઈઓ ! અજમેર શરીફ ભલે જાય, ત્યાં તો બધા જ ગરજવાન જાય છે ! પણ **કાફિરને કાફિર જાણવું એ જરૂરિયાતે દીનમાંથી છે અને જો જાણવા છતાં ગુસ્તાખે રસૂલ વહાબી દેવબંદી વગેરેને એ મુસલમાન જાણે છે તો એ પોતે જ ઈસ્લામથી બહાર છે.** અથવા એને દીન બાબતે કાંઈ સમજ કે ભાન જ નથી તો પણ તેની સાથે નિકાહ જાઈઝ નથી. જેમ કે ફક઼ીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہએ એક એવા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે :–

"મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?" *(ફતાવા ફયઝુર્રસૂલ)*

## એક ધોકો ! કે પબ્લિકમાં એવું કાંઈ નથી !

જે લોકો એવું કહે છે કે બદ્મઝહબોના મોલ્વીઓ ભલે નબી પાક ﷺની ગુસ્તાખી કરતાં લખાણો લખી ગયા પણ સામાન્ય પબ્લિકમાં એવું કાંઈ જ જ્ઞાન નથી. બીચારી ભોળી પબ્લિક છે ! જેથી તેમની સાથે સગાઈ વગેરે કરી શકાય. તો અમારો પ્રશ્ન છે કે, **તમે કોઈ ઘરનો કે જમીનનો સોદો કરો છો તો દસ્તાવેજ લખો છો, તેમાં સર્વ ચતુર્દિશાઓ તથા બારીક બારીક શરતો લખો છો, ખૂણે ખૂણાની, લોબીની, છતની સર્વ વિગતો લખો છો, સર્વ કલીયર કર્યા પછી જ ગવર્નમેન્ટમાં રજીસ્ટર્ડ કરાવો છો.** સાચી વાત કે નહીં ?! તો પ્યારા સુન્ની મિત્રો ! જેને તમારી પ્યારી ફૂલ જેવી દીકરી આપી રહ્યા છો અથવા તમારા પ્યારા ફરઝંદ માટે લાવી રહ્યા છો તો તેમની માલ, મિલ્કત, દુનિયાવી પ્રતિષ્ઠા, રૂપ રંગ, બધું જ જુઓ છો, એ અક્કલ તમારામાં છે, અને **જન્નતમાં જવાનો જે આધાર છે તે ધર્મની જ છાનબીન નહીં કરો !** આશ્ચર્યની વાત છે ! તમે પણ એટલા બધા ભોળા છો ?! ના ! એવું નથી ! તમે જાણી જોઈને ભોળા બની જાવ છો ! **જો છોકરો કે છોકરી લુલી, લંગડી, કાંણી, બહેરી કે એક હાથવાળી હશે, તો નહીં ચલાવી લો ! પણ દીન બાબતે તમે આંખ આડા કાન કરીને ચલાવી લો છો, જેનો અંજામ તમારે વેઠવો જ પડશે.** જેઓ એવું કહે છે કે આપણે ત્યાં લાવી સુન્ની બનાવી દઈશું ! તેઓના હાલ અમે જોયા છે કે તેણીઓ જ પોતાનાં છોકરાંને દેવબંદીને ત્યાં પઢવા મોકલે છે અને ભાઈ કાંઈ કહી કે કરી શકતા

Web.: www.barkatekhwaja.net

નથી ! અને જતે દહાડે તેમની ઔલાદ તેવી જ બની રહી છે. જેથી આ ખોટા ભરમને ત્યજી દેશો.

આ'લા હઝરત ઈમામ અહમદ ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ એનો પણ માર્ગ સૂચવ્યો છે તેનો ભાવાર્થ રજૂ કરું છું કે, "કોઈની સાથે સંબંધ બાંધતા પહેલાં તેના સામે દીન પેશ કરવામાં આવે, જો તે બદ્‌મઝહબની ફેવર કરે અને દલીલો કરે તો તેને કુર્આન, હદીષ, ઉલમાના અક્‌વાલ વગેરે (કિતાબો થકી) રજૂ કરી તેમની બદ્‌અક્‌ીદગી વિશે સમજાવો, તેને અભ્યાસ કરવા મોહલત આપો. આવું કરતાં સુધી તેની સાથે સંબંધ રાખી શકો. જો સમજી જાય તો ઠીક, પણ સર્વ દલીલો પૂર્ણ થયા પછી ન માને અને બદ્‌અક્‌ીદાને જ હક્ક્ પર કહે, તો હવે તેની સાથે સંબંધ હરામ, ઉઠક બેઠક સર્વ બાબતો હરામ થશે.

*(વાંચો : ફતાવા રઝવિય્યહ્ વગેરે)*

## લાગણીવેડા નહીં ! શરીઅતનો હુકમ સમજો !

આજે જોવામાં આવે છે કે કોઈ સગુ મરી ગયું તો ટેમ્પા, ગાડીઓ, રીક્ષાઓ ભરાઈ ભરાઈને દફનાવવા લોકો જાય છે. જરાય જોવામાં નથી આવતું કે મરનાર વહાબી દેવબંદી હતો કે શું હતો ?! આપણી જેવો કાંઈ કહે તો અમુક તો જવાબ આપશે કે, "અમે તો કેવળ મોં દેખાડવા જઈએ છીએ ! જનાઝાની નમાઝ, મગફેરતની દુઆ નથી કરવાના." **હે લોકો ! તમને સગાંની શરમ નડે છે તો શું તમને રબની શરમ નથી આવતી** ! તેને મોઢું ક્‌યામતમાં નહીં બતાવવું પડે ! અરે ! તે તમને જોતો નથી ! વળી અમુક કહેશે, "અરે ! ભાઈ ! મૈયત થયું છે ! મૈયતમાં પણ ન જઈએ !" જો તમે મુસલમાન છો તો થોભો ! અને અગાઉ જણાવેલ કુર્આની આયતોનો હુકમ ફરીથી વાંચી જાવ અને તમારા ઈમાનને મજબૂત કરી લો અને મોં દેખાડવા જવું પડે ! મૈયતમાં હાજરી આપવી પડે ! એ લાગણીવેડા ત્યજી દો અને પાલનહારે હક્‌ીક્‌ી કુર્આનમાં શું ફર્માવે છે તે જુઓ ! :–

**"અને તેમનામાંથી કોઈની મૈયત પર કદી નમાઝ ન પઢશો અને ન તેમની કબર પર ઉભા રહેશો..."** *(પા. ૧૦, આ.–૮૪, સૂ. તૌબા)* આ આયતમાં સૈયદે આલમ ﷺને મુનાફિક્‌ોના જનાઝાની નમાઝ અને તેમના જનાઝામાં શિર્કત કરવાથી મના ફર્માવવામાં આવ્યું.

**મસ્અલા** : આ આયતથી સાબિત થયું કે કાફિરના જનાઝાની નમાઝ કોઈ સંજોગોમાં જાઈઝ નથી અને કાફિરની ક્‌બર પર દફન તથા ઝિયારત માટે ઉભા રહેવું મના છે.

*(કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન)*

વળી, હુઝૂર ﷺની પરવરિશ કરનાર કાકા અબૂ તાલિબ ઈમાન ન લાવ્યા તો તે કાકાની મગફિરતની દુઆ હુઝૂરે નથી ફર્માવી, ન દફનવિધિમાં ભાગ લીધો.

અને એ પ્યારા નબી ﷺ કે જેમને આપણે આપણી જાનથી પણ અધિક ચાહીએ તો જ સાચા મો'મિન કહેવાઈએ, તે નબી કરીમ, રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺ શું ફર્માવે છે :–

(અર્થ) : **બદમઝહબ જો બીમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહ્‌એ જાબિરથી તથા ઓક્‌ૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رضی اللہ عنہ થી.

Web.:www.barkatekhwaja.net

અને અમુક ભાઈઓ આવા સમયે પોતે ઉચ્ચ અખ્લાક઼વાળા બની જાય છે અને ડાહ્યા થાય છે ! તેઓ સાંભળી લે કે ઉપરોક્ત ફર્માનોમાં **પ્રથમ તે રબનું ફર્માન છે જેણે અખ્લાક઼ને પેદા કર્યા** અને અખ્લાક઼ની તા'લીમ પણ તેણે જ આપી. અને બીજુ બયાન તેનું છે **જેમના અખ્લાક઼ને કુર્આનમાં "સર્વ શ્રેષ્ઠ" કહેવામાં આવ્યા** એટલે નબી કરીમ ﷺનું ફર્માન છે. તો હવે કોનું માનશો ?!

અને શરીઅતનો હુકમ જાહેર છે જ કે, **"કાફિર માટે મગફેરતની દુઆ કરવી કુફ્ર છે."** જનાઝાની નમાઝમાં મગફેરતની દુઆ હોય જ છે જેથી તેવાની નમાઝ પઢનાર પઢાવનાર આ હુકમ હેઠળ આવવાના જ છે. એમને એવું કાંઈ ન હતું ! અથવા એમના અક઼ીદા જાહેર ન હતા ! વગેરે વાતો કરનારા વિચારી લે કે **જેના અક઼ીદા ડાલમડોલ હતા, ન ઈધર, ન ઉધર જેવી સ્થિતિ હતી તેવું ખુદ તમે ધારો છો! તો શા માટે તેની જનાઝાની નમાઝ પઢવાની તમને લાગણી ઉભરાય જાય છે ?! કાંઈ નથી તો એવો માણસ 'ગુમરાહ' તો છે જ !** જેથી એનાથી પણ દૂર જ રહેવું જોઈએ.

આ સર્વ એવી બાબતો છે જે સુન્નીઓમાં ઘર કરી ગઈ છે કે શાદી ગમીના પ્રસંગે જુઓ તો સર્વ ભેળસેળ સુન્ની વહાબી પબ્લિક જોવા મળશે, કોઈ જ ખચકાટ વિના સૌની સાથે વહાલથી મુલાકાતો થાય છે ! વળી દીકરા–દીકરી, વહેવાર પણ ધામધૂમથી ચાલુ જ છે ! અને વહાબીના મૃત્યુ પર દોડતા ઘોડે તેને દફનાવવા આપણા ભાઈઓ બહેનો જઈ રહ્યાં છે! તો આ બાબતે ઉપરોક્ત લખાણને ફરીવાર ગંભીરતાથી વાંચશો અને એ કામોથી ખુદ પણ રોકાઈ જાવ અને તમારી અસર હેઠળનાને જરૂરથી રોકો, નહીં તો ક઼યામતમાં તમારી પકડ થશે. આ એવાં કામો છે જેનાથી સુન્નિયત તૂટી રહી છે જેથી તમારી ફરજ બને છે કે આ ક્ષેત્રે સાવધાન થઈ જાવ !

## બદ્‌મઝહબોની રદ શા માટે જરૂરી ?!

કેટલાક કહે છે કે, "બદ્‌મઝહબોની રદ ન કરો ! લોકોના અમલોની ઈસ્લાહ પર ધ્યાન આપો ! આજે આપણો માહોલ આવો છે અને તેવો છે !...વગેરે." તો ભાઈઓ ! અલ્હમ્દુલિલ્લાહ ! સમય તથા સંજોગો પ્રમાણે અમલી ઈસ્લાહના માટે પણ અમો સતત દિલને ચૂભે તેવા લેખો રજૂ કરીએ જ છીએ, પણ અમલોનો આધાર ઈમાન પર છે. જેમ દૌલત કમાઈને તેને સાચવવા માટે આપણે તીજોરી તથા વોચમેન રાખીએ છીએ જેથી લૂટાઈ ન જાય. તેમ અમલો કરીને તેને સલામત રાખવા માટે ઈમાન પર રહેવું જરૂરી છે, એટલે ઈમાન સાચવવા સૌથી વિશેષ તકેદારી જરૂરી છે માટે અમે આવા લેખો રજૂ કરીએ છીએ. કોઈને ઘા થયો હોય અને પંપાળી પંપાળીને ઉપર ઉપર મલમ ચોપડવાથી તેમાં અંદરો અંદર સડો થતો રહે છે પણ નશ્તર મારી ખરાબી સાફ કરી પછી ટ્રીટમેન્ટ થશે તો સાજા થવાની શક્યતા રહે છે, તેમ અહીં પણ અમલી ફઝીલતોની સૂફિયાણી વાતોથી કામ નહીં ચાલી શકે, અમલોનો અસલ આધાર ઈમાનને સાચવવું સૌથી અતિ આવશ્યક છે. વળી જેમ ડાયાબિટિશના દર્દીને રોજ સવાર સાંજ દવા ઈંજેક્શન લેવું આવશ્યક છે, નહીં તો સુગર વધી જતાં જાનનો ખતરો રહે છે, એ સૌ માને છે. તેમ આપણા સમાજની પણ એ જ હાલત છે કે, "બદ્‌મઝહબો સાથે ભેળસેળ"ની બીમારી આમ જણાય છે તો તેમને પણ વારંવાર આ કડવા ડોઝની જરૂરત છે. માટે કોઈ ખોટી દલીલોમાં ન પડે અને દીન ઈમાનના મહત્વ તથા મૂલ્યને સમજે એ જ વિનંતિ.

**હમેં શઊરે ગ઼મે ઈશ્ક઼સે હૈ આગાહી**
**હમ ચિરાગ નહીં અપના દિલ જલાતે હૈં**

Web : www.barkatekhwaja.net

આપની આબરૂ ﷺ

# નામે મુસ્તફા

## પર કુર્બાન !

(આબરૂએ મા ઝ નામે મુસ્તફા ﷺ)

ઉષ્માનિયા ખિલાફતના ખલીફા અબ્દુલહમીદ બીજાએ ફ્રાંસમાં રસૂલુલ્લાહ ﷺની તૌહીન (ગુસ્તાખી) પર જંગની સખત વોર્નિંગ આપી. એ સાચા આશિકે રસૂલ હતા. એટલા માટે હાલતો બદલાઈ ગઈ પરંતુ આજે તુર્કીના સદર તૈયબ અર્દુગાનના સિવાય કોઈ બીજો એવો જોવા નથી મળતો. અફસોસ ! ....

ખિલાફતે ઉષ્માનિયાના ૩૪મા ખલીફા અબ્દુલહમીદ ષાની હતા. તેમણે ૩૧ ઓગસ્ટ ૧૮૭૬ થી ૧૯૦૯ ઈ.સ. સુધી ખિલાફતે ઉષ્માનિયાની લગામ સંભાળી, ૨૧ સપ્ટેમ્બર ૧૮૪૨ ઈ.સ. માં તુર્કીના શહેર ઈસ્તંબુલમાં પેદા થયા. આપે ૭૫ વર્ષની ઉમરમાં ૧૦ ફેબ્રુઆરી ૧૯૧૮માં વફાત પામી. આપ એક મોટા શાયર પણ હતા. આપનુ નામ ઈસ્લામના ઈતિહાસમાં સોનેરી અક્ષરોથી લખાયેલ છે. ખલીફા અબ્દુલહમીદ ષાનીને ખિલાફતે ઉષ્માનિયાના એ ખલીફાઓમાં ગણવામાં આવે છે, જે ઈસ્લામી આલમમાં પોતાના કિરદાર અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહોબ્બતના કારણે આગવુ સ્થાન ધરાવે છે. આપે વિશાળ વિસ્તારમાં ફેલાયેલ દેશો પર હુકૂમત કરી. ખિલાફતે ઉષ્માનિયાની સરહદો યુરોપથી મળતી હતી અને ત્યારે રાજનૈતિક અસમંજસ અને યુદ્ધોનો ક્રમ ચાલતો રહ્યો.

ખલીફા અબ્દુલ હમીદ ષાની એક દિવસ પોતાના સલાહકારો અને વઝીરોના વચ્ચે હતા કે અચાનક એક હુકૂમતી અધિકારીએ આવીને આપને એવી ખબર સંભળાવી કે આપનો રંગ ગુસ્સાથી લાલ થઈ ગયો અને ખૂબ જ ગુસ્સામાં આવી ઊભા થઈ ગયા. હુકૂમતના અધિકારીના હાથમાં ફ્રાંસનું એ ખબર (ન્યુઝ પેપર) હતું જેમાં એક ખબર હતી કે ફ્રાંસના એક થિયેટરે હુઝૂર ﷺની શાનમાં એક ગુસ્તાખીભર્યો ડ્રામો પેશ કરવાનું નક્કી કર્યું છે અને આ બાબતના ન્યુઝ વર્તમાનપત્રોમાં ખબર આપ્યા છે.

અખ્બારના એક ટુકડામાંથી ખલીફા અબ્દુલહમીદને બતાવવામાં આવ્યું કે એક શખ્સે એક ડ્રામો બનાવ્યો છે જેને થિયેટરમાં દેખાડવામાં આવશે. આ ડ્રામામાં નઊઝુબિલ્લાહ ! સરકાર ﷺનો રોલ પણ બનાવવામાં આવ્યો છે. અને આ રોલ થિયેટરમાં એક શખ્સ અદા કરશે. (નઊઝુબિલ્લાહ !) ખલીફાએ હુકૂમતના અધિકારી પાસેથી ફ્રાંસનું અખ્બાર લઈ ઊંચા અવાજથી વાંચવાનું શરૂ કરી દીધું. ખૂબ જ ગુસ્સાની હાલતમાં સુલ્તાનનુ શરીર કાંપી રહ્યું હતું. જ્યારે કે આપનો ચહેરો લાલ થઈ ગયો હતો. આપ ત્યાં હાજર હુકૂમતી અધિકારીઓને અખ્બારમાં આવેલ ખબરના વિશે બતાવી રહ્યા હતા કે ફ્રાંસના અખ્બારમાં એક ખબર છાપી છે કે એક શખ્સે એક ડ્રામો બનાવ્યો છે તેમાં હુઝૂર ﷺનો રોલ એક શખ્સ અદા કરશે. પેરીસના થિયેટરમાં ચાલવાવાળા આ ડ્રામામાં આપણા નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની શાનમાં ગુસ્તાખીઓ થશે. જો તેઓ મારા વિશે બકવાસ કરે તો મને કોઈ ગમ ન થતો, પરંતુ જો તેઓ મારા ધર્મ અને મારા રસૂલ ﷺની ગુસ્તાખી કરે તો હું જીવતાં જીવ મૃત્યુ પામી જાવ ! હું તલવાર ઉઠાવીશ ત્યાં સુધી કે પોતાની જાન

❑ લેખક : પ્રો. સજ્જાદ અહમદ ❑ અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ

હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર ફિદા થઈ જાય, જેથી કાલે કયામતના દિવસે રસૂલુલ્લાહ ﷺના સામે શર્મિંદા ન થાઉં. હું તેમને બરબાદ કરી દઈશ. તે બરબાદ થઈ જશે, રાખ થઈ જશે ! આ આગ અને તબાહી દરેક ઝલીલ દુશ્મન માટે બોધ મેળવવાની નિશાની રહેશે. આપણે જંગ કરીશું, આપણે બેઈજ્જત નથી થઈ શક્તા. અને એ પણ શક્ય નથી કે આપણે આપણી વફાદારીથી પીછે હઠ કરીએ. ખલીફા ખૂબ જ ગુસ્સામાં ઊંચા અવાજથી ગુસ્તાખે રસૂલના વિરુદ્ધ જંગનું એલાન કરી રહ્યા હતા.

એ દરમિયાન સુલ્તાને ફ્રાંસના સફીરને હાજર કરવાનો હુકમ જારી કરી દીધો. થોડા જ સમયમાં ખલીફાના દરબારમાં રિવાજ મુજબનો પ્રભાવશાળી પોશાક જે કદાચ ફ્રાંસના સફીરને ડર બેસાડવા માટે પહેર્યો હતો. ખૂબ જ ગુસ્સો અને બેચેનીની હાલતમાં તખ્ત પર બેસવાની જગ્યાએ તેની (સફીર) સામે ઊભા થઈ ગયા અને ફ્રાંસનો સફીર ત્યાં હાજર હતો. સુલ્તાનની હાલતથી તેને અંદાજો આવી ગયો હતો કે તેને વિના કારણે હાજર કરવામાં આવ્યો નથી. તેના માથે પરસેવો આવી ગયો હતો. જ્યારે કે શરીર કાંપી રહ્યું હતું અને પગો સુલ્તાનના રોબથી કાંપી રહ્યા હતા. સુલ્તાને ફ્રાંસના સફીરને કહ્યું;

સફીર સાહબ ! અમે મુસલમાન પોતાના રસૂલ علیہ الصلوٰۃ والسلامથી ખૂબ જ મહોબ્બત કરીએ છીએ. તેના કારણે તેમનાથી મહોબ્બત કરવાવાળા તેમના પર પોતાની જાનો કુર્બાન કરે છે. અને મને પણ કોઈ વાંધો નથી કે હું પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર કુર્બાન થઈ જઉં. અમે સાંભળ્યું છે કે આપે એક થિયેટરમાં ડ્રામો બનાવ્યો છે, જે નબી ﷺની તૌહીન પર બનેલ છે. આમ કહી ખલીફાએ ફ્રાંસના સફીર તરફ આગળ કદમ વધારવાનું શરૂ કર્યું. ખલીફા બોલતા જઈ રહ્યા હતા, હું ઈરાક, શામ, કફફાઝ, લેબ્નોન, હિજાઝ, અના તવલિયા અને દારુલ હુકૂમતનો સુલ્તાન અને દુનિયાના તમામ મુસલમાનોનો ખલીફા અબ્દુલ હમીદખાન છું. ત્યાં સુધી કે ખલીફા ફ્રાંસના સફીર નજીક પહોંચી ગયા અને દૂરી ખૂબ જ ઓછી થઈ ગઈ. ફ્રાંસના સફીર પર ધ્રુજારી છવાઈ હતી. તે ખલીફાના ગુસ્સા સામે ખૂબ જ મુશ્કેલીથી ઊભો હતો. ખલીફાએ ફ્રાંસના સફીરની આંખોમાં આંખો નાખી કહ્યું કે જો ફ્રાંસે આ ડ્રામો ન રોક્યો તો તમારી દુનિયા તબાહ કરી નાખીશ ! આમ કહીને ખલીફા અબ્દુલ હમીદે ડ્રામાની ખબરવાળા અખ્બારને ફ્રાંસના સફીર સામે ઉછાળ્યું અને ખૂબ જ જલ્દીથી દરબારમાંથી નીકળી ગયા.

ફ્રાંસનો સફીર તે અખ્બારને ઉઠાવી ડગમગતા પગે દરબારની બહાર નીકળી ગયો અને સીધો એલચી કચેરીએ પહોંચ્યો. અને ખૂબ જ વીજળીક ગતિએ સંદેશ ફ્રાંસની પોતાની હુકૂમતને મોકલ્યો કે, જો યુરોપને પોતાની આંખોથી સળગતો ન જોવો હોય તો અને ફ્રાંસમાં ઈસ્લામી પરચમ ન જોવા માંગતા હોય તો જલ્દીથી ગુસ્તાખીભર્યો ડ્રામાને રોકો, ઉષ્માની લશ્કર હુકમની રાહ જુએ છે, તેમનાં જહાઝો બંદરગાહો પર ફકત હુકમની રાહ જુએ છે, ફોજ અને તોપખાનુ છાવણીઓથી નીકળી ગયું છે.

ખલીફા અબ્દુલહમીદ ષાની ફ્રાંસના સફીરને દરબારમાં હાજર કરી અને જંગનું એલાન કર્યા પછી ચૂપ ન રહ્યા. તેમણે તરત જ પોતાના ખાસ ખબરીને પોતાના દફતરમાં બોલાવી પોતે જ એક સરક્યુલર પોતાની ભાષામાં લખાવ્યો કે ફ્રાંસની ઈસ્લામના વિરુદ્ધ પ્રવૃત્તિઓ હદથી વધી ગઈ છે. છતાં પણ અમે અદબ રાખી રહ્યા છીએ. પરંતુ હવે અમારી સબરનો પયમાનો છલકાઈ ગયો છે, હવે અમે ખિલાફતનો ઝંડો

ઊંચો કરવા જઈ રહ્યા છીએ. અને ફ્રાંસ સાથે એક મોટી જંગ કરવા જઈ રહ્યા છીએ. હવે અમે તેમનાથી તેમની ઝબાનમાં વાત કરીશું.

આ સરક્યુલરે ઈસ્લામના દુશ્મન ફ્રાંસ પર ડર પેદા કરી દીધો. ફ્રાંસના સફીરનો પયગામ મળતાં જ તેણે ઘુટણ ટેકવી દીધા. ખલીફા પોતાના ખાસ રૂમમાં બેસી ફ્રાંસના જવાબની વાત જોઈ રહ્યા હતા કે અચાનક એક સરકારી અધિકારી હાંફતો ઈજાઝત વિના જ રૂમમાં દાખલ થયો અને કહ્યું, જનાબ ! એક ખુશ ખબરી આવી છે. ખલીફા : એ શું છે ? હુઝૂર ફ્રાંસે ન ફકત એ ડ્રામાને રોક્યો, પણ એ થિયેટરને પણ હમેશાં માટે બંધ કરી દીધું છે. આ ખુશખબરીને સાંભળતાં જ ખલીફા અબ્દુલહમીદની આંખોથી આંસુ પડવા લાગ્યાં. જઝબાતમાં ફકત અલ્હમ્દુલિલ્લાહ ! જ કહી શક્યા. અને પછી તે સરકારી અધિકારીને કહ્યું,

હે પાશા ! મને આ ઈજ્જત ફકત એટલા માટે મળી છે કે, હું આ દીનનો નાનો એવો ખાદિમ છું. મને કોઈ મોટા લકબની જરૂરત નથી.

એક સમય એવો હતો કે ખિલાફતે ઉષ્માનિયાની ડર અને જલાલની એવી ધાક હતી કે ફ્રાંસ શું, આખુ યૂરોપ ધ્રુજી જતું હતું ! પણ આજે પરિસ્થિતિ એ છે કે ૬૦ ઈસ્લામિક દેશો છે પરંતુ એ જ ફ્રાંસ છે જેનો પ્રમુખ હુઝૂર ﷺની બનાવટી તસ્વીરોની ન ફકત તરફેણ કરી રહ્યો છે બલ્કે સરકારી ઈમારતો પર પણ લગાડી રહ્યો છે. મુસલમાન હુકમરાનોના મોઢામાં જીભ નથી કે તેઓ સુલ્તાન અબ્દુલહમીદની જેમ આ એલાન કરે કે અમારી ફૌજો આગલા હુકમ માટે તૈયાર છે.

સુલ્તાન અબ્દુલહમીદના આ તાકત ભરેલા એલાનને ન ફકત મુસલમાનોના જઝબાતની ખરેખર તર્જુમાની (પ્રતિનિધિત્વ) કરી બલ્કે ઈસ્લામ દુશ્મનોને એ પણ બતાવી દીધું કે;

*"આબરૂએ મા ઝ નામે મુહમ્મદ અસ્ત" ﷺ*

ફ્રાંસે ઘૂટણ ટેકવી દીધો તો આખા ઈસ્લામી આલમમાં જશનનો માહોલ હતો, ત્યાં સુધી કે ગૈર મુસ્લિમોએ પણ એ એલાન કર્યું કે રસૂલુલ્લાહ ﷺની શાનમાં આગામી પણ ગુસ્તાખી બર્દાશ્ત નહીં કરીએ. મુસલમાન ગલીઓમાં, કૂચાઓમાં અને શહેરોમાં આ ખુશીના મોકા પર હુઝૂર ﷺથી ખાસ મહોબ્બતને જાહેર તેમના પર દુરૂદ શરીફ પઢી કરી રહ્યા હતા.

નવમી ઈસવી પછી પશ્ચિમના હુકમરાનો જે ધટાઈ સાથે તૌહીન કરી રહ્યા છે અને કુર્આનને (મઆઝલ્લાહ !) સળગાવવા સુધી પહોંચી ગયા છે ! મુસ્લિમ લીડરશીપ તેનો મુકાબલો કરવાની જગ્યાએ ગફલતના ખ્વાબમાં પડેલા છે. આજે પણ ફકત તુર્કીના હુકમરાન તૈયબ અર્દુગાનની લલકાર સંભળાઈ રહી છે. મુસ્લિમ ઉમ્મત આ વર્ષે જશ્ને વિલાદત મનાવવામાં ભૂતકાળ મુજબ વ્યસ્ત છે, જો કે આકાએ નામદાર ﷺની મહોબ્બતનો ખરેખર ઈઝહાર અમલની સૂરતમાં જોવાઈ નથી રહ્યો. કાશ ! મુસ્લિમ ઉમ્મત એક થઈ સીરતે રસૂલ ﷺના ઢાંચામાં પોતાને ઢાળે અને પોતાના હુકમરાનોને મજબૂર કરે કે તેમના જઝબા અને એહસાસની તર્જુમાની કરે. કેમ કે બેબસીની હદ અલ્તાફ હસન હાલીની જેમ આ કહેવા પર મજબૂર કરી રહી છે :–

*એ ખાસએ ખાસાને રુસુલ વક્તે દુઆ હૈ*
*ઉમ્મત પે તેરી આ કે અજબ વક્ત પળા હૈ*
*જો દીન બળી શાન સે નિકલા થા વતન સે*
*પરદેશ મેં વો આજ ગરીબુલ ગુર્બા હૈ*

*–(અશ્રફિયા મંથલી ઉર્દૂ–મુબારકપુર, જાન્યુ. ૨૦૨૧)*

Web.: www.barkatekhwaja.net

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **ટંકારીઆ :** (તા. જિ. ભરૂચ) ખાતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના મુદર્રિસ મૌલાના ગુલામયાસીન યૂનુસ મુન્શી (મિસ્બાહી)ના વાલિદા મર્હૂમા મરયમ યૂનુસ મુન્શી તા. ૦૩–૦૨–૨૦૨૧, ૧૭ રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **બોલ્ટન :** મુકામે તંત્રી "બરકાતે ખ્વાજા (માસિક)ના માસી સાહિબા મર્હૂમા હલીમા વલી (શેઠ) કડુજી (નબીપુરવાળા)નો લગભગ ૭૫ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## હાફિઝ ઈલ્યાસ કંબોલીવાળા જન્નતનશીન

મધ્ય આફ્રિકામાં મલાવીમાં આવેલા લીલોંગવેમાં સ્થાયી થયેલા તથા સમાજ સેવાના કાર્યમાં જોડાયેલા હાફિઝ ઈલ્યાસ ઉમરજી કંબોલીવાળા તા. ૨૫–૦૧–૨૦૨૧ શનિવારે આફ્રિકા ખાતે જન્નતનશીન થયા છે. (اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ)

મર્હૂમ હાફિઝ ઈલ્યાસ સાહબ ૩૨ વર્ષથી આફ્રિકામાં સ્થાયી થયા હતા. મુસ્લિમ સમાજના સાલસ અને સહૃદયી એવા મર્હૂમ હાફિઝ ઈલ્યાસ સાહબ ઘણા વર્ષોથી કંબોલી ગામની તેમજ આસપાસના કેટલાક ગામોની મુસ્લિમ સમાજની વિધવાઓને દર મહિને રૂા. ૧૫૦૦/– રોકડ સહાય પેટે પહોંચાડતા હતા તથા મસ્જિદોના ઈમામો અને મોઅઝ્ઝિનને ઘણા વર્ષોથી દર વર્ષે (૮ થી ૧૦ની સંખ્યામાં) મક્કા–મદીના ખાતે ઉમરાહની તથા તેમના કુટુંબ માટે ખર્ચાની રકમની વ્યવસ્થા કરી આપતા હતા. લીલોંગવે ખાતે દર અઠવાડિયે જુમ્આની નમાઝ બાદ ત્યાં ગરીબ, સ્થાનિકોને રાશન કીટ, રોકડ સહાયનું વિતરણ કરતા હતા. તેઓ હસમુખ સ્વભાવના અને સામાજિક કાર્ય સાથે સંકળાયેલ વતન પ્રેમી હોવાના લઈને ખૂબ જ જાણીતા હતા. અલ્લાહ તઆલા મર્હૂમની બાલ બાલ મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા ફર્માવે. (આમીન) *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !**

❖ **દયાદરા :** ખાતે જનાબ **નાસિર દાઊદ મૂસા બાજીભાઈ** એન્ડ બ્રધર્સ તરફથી મર્હૂમ હાજી દાઊદ મૂસા બાજીભાઈ તથા મર્હૂમ હાજી ઈલ્યાસ બાજીભાઈના ઈસાલે સવાબ અર્થે **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"** રૂા. ૨૫,૦૦૦/– લિલ્લાહ તથા દારુલ ઉલૂમ **"બરકાતે ખ્વાજા–આમોદ"**ને રૂા. ૧૦,૦૦૦/– લિલ્લાહ તેમજ અન્ય ગામની બહારની મસ્જિદો, સંસ્થાઓને ખૈરાત કરવામાં આવેલ છે. રબ્બે કરીમ તેમની નેકીઓને કબૂલ ફર્માવે અને મર્હૂમોને જન્નતુલ ફિરદોસમાં જગા નસીબ કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

❖ **પોરબંદર :** જનાબ હાજી અ. ગફ્ફાર યૂસુફ સૂર્યાના નેક ફરઝંદ "મુહમ્મદ ઈનાયત"ની શાદીની ખુશીમાં "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૫૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ કરીમ عزوجل તેના હબીબ ﷺના સદકે બંને જહાનની ખુશીઓ, નેઅમતો અતા કરે, સૌને ખુશ રાખે, આબાદ રાખે, નેક સાલેહ ઔલાદ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિકા*